સળંગ અંક
૭૫૯

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
આદ્યતંત્રી · બચુભાઈ રાવત

એપ્રિલ ૧૯૯૧

કાષ્ઠની ઢાલ પર સૂર્યનું ચિત્રાંકન



તંત્રી · ધીરુ પરીખ સંપાદક · બિહારીલાલ ટાંક

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક



એટિટ્યૂડ-૧ : કલાકાર નવજોતનું આ ત્રિરંગી ચિત્ર એમની સામાજિક સભાનતાનું દ્યોતક છે. સાંપ્રદાયિક દંગાઓ જે વિનાશ અને વિકૃતિનું સામાજિક વાતાવરણ સર્જે છે તેને કેનવાસના ૧૨૦ સેમી x ૩૬૦ સેમીના સુદીર્ઘ પટ પર ઍક્રિલિકથી રજૂ કરવામાં આવ્યું છે. ચિત્રને જમણે ખૂણે મુકાએલી મનુષ્યાકૃતિની મુખમુદ્રા પર છાએલો આતંક, બરાબર એની દૃષ્ટિ સામે પડેલો સાઈકલોનો ખડકલો, પાછળ ઊખડી પડેલો બત્તીનો થાંભલો, તેની નીચે ભયત્રસ્ત ચહેરાવાળી મનુષ્યની અર્ધ દેહાકૃતિ, આમ જમણી બાજુની બે માનવાકૃતિઓની આંખ સામે વેરાએલો વિનાશ એની અસ્તવ્યસ્તતાને કારણે વધારે ઉઠાવદાર બને છે. સમગ્ર ચિત્રમાં લાલ રંગનું પ્રમાણ એની ભયાનકતાનું સૂચક છે. આજના વિષયવસ્તુને તાકતી ચોટદાર કલાકૃતિ. (જુઓ આ અંકમાંની કલાવાર્તા)

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવા માટે અપીલ

ત્રણેક વર્ષના અણધાર્યા વિરામ બાદ 'કુમાર'નો ૭૫૧મો અંક પ્રકટ કરી શકાયો તેનો અમને થયો છે તેટલો આપને પણ આનંદ થયો જ હશે. તે અંકના પ્રાક્ટ્ય સાથે 'કુમાર' માસિકે સાડા બાસઠ વર્ષની મજલ પૂરી કરી નૂતન પગરણ માંડ્યાં છે. ૧૯૨૪માં એનો પ્રથમ અંક પ્રકટ થયો ત્યારથી તે ઉત્તરોત્તર અવનવીન પ્રયોગો કરતું જ રહ્યું છે. એનું કાઠું વિશ્વકોશ સમું છે. કેટકેટલા વિષયો એમાં આવરી લેવાય છે... સાહિત્ય, નૃત્ય, સંગીત, શિલ્પ-સ્થાપત્ય, ઈતિહાસ-ભૂગોળ, ખગોળ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ, પુરાતત્ત્વ, પશુપક્ષી-જગત, દરિયાઈ અને વન્ય સૃષ્ટિ, ચિંતન અને મનન ! આ બધું જ પાછું સચિત્ર. ઊગતી પેઢીનાં રસરુચિનાં સંમાર્જનમાં અને જીવનઘડતરમાં 'કુમાર' માસિકે સંગીન ફાળો આપ્યો છે એવો સંસ્કારી ગુજરાતી પ્રજાનો અભિગમ રહ્યો છે.

આવું સંસ્કારપોષક અને વૈવિધ્યપૂર્ણ શિષ્ટ વાચન પૂરું પાડી 'કુમાર' માસિકે એની આગવી પરંપરા ઊભી કરી છે. આ પરંપરાનું શક્ય તેટલું જતન થતું રહ્યું છે. આ રીતે ગુજરાતી પત્રકારત્વમાં 'કુમાર'નો ફાળો મહત્ત્વનો રહ્યો છે, એવી અમારી નમ્ર પ્રતીતિ છે.

પરંતુ ૧૯૮૭થી થોડાં વર્ષ એનું પ્રકાશન સ્થગિત કરવું પડ્યું હતું તેનો વસવસો અમારી જેમ 'કુમાર'ના અનેક ચાહકોને રહ્યા કરતો હતો. તેની ઊણપ સૌને સતત વર્તાયા કરતી હતી તેવું અનેકોની મૌખિક-લેખિત પૃચ્છાથી જણાયું હતું. આમ, સહુ 'કુમાર'પ્રેમીઓની સદ્ભાવનાના જોર પર શ્રદ્ધા રાખીને 'કુમાર'નું પ્રકાશન પુનઃ આરંભ્યું છે ત્યારે એના પ્રકાશનની નિયમિતતા હવે નંદવાય નહિ અને તે સામગ્રી અને સજાવટ બંને દષ્ટિએ વધુ ને વધુ સમૃદ્ધ થતું રહે તેવા અમારા સક્રિય પ્રયાસો છે. વળી, તેમાંનાં ચિત્રો રંગીન બને તેવો પણ મનસૂબો રાખ્યો છે. કાગળ પણ વધુ સારા વાપરવાથી છપાઈ વધુ ઉઠાવદાર બને તેનો પણ ખ્યાલ રાખ્યો જ છે.

આ બધા માટે 'કુમાર'ને સહાયરૂપ થવા આપના સહકારની અપેક્ષા રહે છે. આ સ્થાનેથી આપને એને સહાયભૂત થવા અમે અન્તઃકરણપૂર્વકની અપીલ કરીએ છીએ. આપ નીચેની રીતે સહાયભૂત થઈ શકો છો :

૧.	વાર્ષિક ગ્રાહક બનીને.	લવાજમ હવેથી	રૂ.	૭૫=૦૦
૨.	આજીવન ગ્રાહક બનીને.	લવાજમ હવેથી	રૂ.	૭૫૦=૦૦
૩.	પૅટ્રન સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ.	૧૦૦૦=૦૦
૪.	સંવર્ધક સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ.	૫૦૦૦=૦૦
૫.	સ્થાન સમર્પિત કરીને.	અર્ધું પાનું	રૂ.	૨૫૦=૦૦

આપ શિષ્ટ કાવ્યકૃતિ કે ગદ્યખણ્ડ આ પૃષ્ઠ પર મૂકી સુરુચિપૂર્ણ વાચનના પ્રસાર સાથે 'કુમાર'ને સહાયભૂત પણ થઈ શકશો.

૬. 'કુમાર' માટે જાહેર ખબર આપીને-મેળવી આપીને. જા.ખ.ના દર :
આખું પાનું રૂ. ૧૦૦૦, અર્ધું પાનું રૂ. ૬૦૦, પા પાનું રૂ. ૩૦૦

પૅટ્રન અને સંવર્ધક સભ્યોને 'કુમાર' આજીવન મોકલાતું રહેશે. તે ઉપરાંત હવે પછી થનારાં 'કુમાર'નાં વિવિધ પ્રકાશનોની ખરીદીમાં વિશેષ વળતરનો લાભ પ્રાપ્ત થઈ શકશે. ઓછામાં ઓછું એક ગ્રાહક બીજો ગ્રાહક બનાવીને 'કુમાર' પ્રત્યેની પોતાની શુભેચ્છા સક્રિય કરે અને શાળા-મહાશાળાઓ તથા નાનાંમોટાં ગ્રંથાલયો 'કુમાર'ના ગ્રાહકો અચૂક બને તેવી પણ હાર્દિક અપીલ છે. આપની રકમ આપ ચેક/ડ્રાફટથી 'કુમાર કાર્યાલય લિ.'ના નામે ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલી આપશો. વાર્ષિક લવાજમ જો બહારગામની બેંક પરના ચેકથી મોકલો તો બેંક કમિશનના રૂ. ૧૦=૦૦ ઉમેરીને મોકલવા વિનંતી છે.

તંત્રી

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ ચોસઠમું

એપ્રિલ ૧૯૯૧ · સળંગ અંક ૭૫૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, (ફોન. નં. ૩૪ ૩૭ ૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ ૭૫, પરદેશમાં રૂ ૨૫૦ (હવાઈ માર્ગે)
છૂટક નકલ રૂ ૮-૦૦ + ટ. ખ. રૂ ૨.૦૦

વાચકો લખે છે

ગઝલ વિશે

(ગઝલના સ્વરૂપ વિશે અગાઉ જે પત્રો અહીં પ્રકટ થયા છે તેના અનુસંધાને વધુ બે પત્રો - તંત્રી)

અરબી-ફારસી ભાષા-સાહિત્યમાં આપણા નહિવત્ પ્રવેશને કારણે આપણે ગઝલના મૂળગામી અભ્યાસથી વંચિત રહ્યાં. ગઝલના સ્વરૂપે પામવા તેની અરબી-ફારસી પૃષ્ઠભૂમિ, ઉદ્‌ભવ અને વિકાસી પ્રક્રિયામાં સહાયક કે બાધક પરિબળો-સંજોગો, આદિથી આપણે અનભિજ્ઞ રહ્યાં. વળી, આપણે ત્યાં માત્ર પૌરસ્ત્ય કે પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રનાં ધારાધોરણોથી ગઝલનું મૂલ્યાંકન કરવાની પરિપાટીએ પણ ગઝલની મૂળ વિભાવનાને થોડા ઘણા અંશે અળપાવવાનું કાર્ય કર્યું. આવા કારણે આપણી સમક્ષ ગઝલના સ્વરૂપ અને આકારને અનુલક્ષીને કેટલાક બુનિયાદી પ્રશ્નો ખડા થયા છે. શું બાહ્ય લક્ષણો અંસસ્તત્ત્વના વિરોધી છે ? શું અંતસ્તત્ત્વ બાહ્ય લક્ષણો વિના અભિવ્યક્ત થઈ શકે ? સંક્ષેપમાં જોઈએ.

ગઝલના બાહ્ય વિશેષો આગંતુક નથી. ગઝલના અંતસ્તત્ત્વ સાથે તેમનો સૂક્ષ્મ સંબંધ છે જ. મત્લા-મક્તા અને રદીફ-કાફિયાયુક્ત પૃથક્ શેરોથી ગઝલ ખાસ પ્રભાવક બને છે અને આકાર ધારણ કરે છે. આ બાહ્ય લક્ષણોની અનુપસ્થિતિથી ગઝલમાં કશી ન્યૂનતાનો અહેસાસ થાય છે. આવી અપૂર્ણ ગઝલો પોતાનો સૌંદર્યલક્ષી પ્રભાવ ગુમાવી બેસે છે. ગઝલના બાહ્ય આકારની સાથે સર્જકની વૈયક્તિક લાગણીનો અનુબંધ હોય છે. તેથી ગઝલ રદીફ-કાફિયા વિનાની હોઈ જ ના શકે. કવિનું સંવેદન છલકાઈને મત્લાનું રૂપ ધારણ કરે છે. આ આવેગની અભિવ્યક્તિ ગઝલમાં વિશિષ્ટ છંદોલય સાથે આરંભાય છે. આ સમગ્ર કેફિયત કેટલાક અસંબદ્ધ સંદર્ભોને પણ પોતાની અંદર સમાવી લે છે. તેથી ગઝલના શેરોમાં વિશૃંખલતા લાગે છે. પરંતુ આવા શેરનું મૂળભૂત વસ્તુ એ જ પરિસ્થિતિની દેન હોય છે, જેના પ્રભાવ હેઠળ કવિ સર્જન કરે છે. આ ભાવસ્થિતિનો લય શેરમાં રદીફ-કાફિયાના નિર્વાહથી આવિષ્કાર પામે છે. આ ભાવસ્થિતિની પૂર્ણતા અને લય ગઝલમાં જોવા મળતાં અપૂર્ણતા- વિશૃંખલતાને બૌદ્ધિક અને ચિંતનાત્મક સેતુ દ્વારા સંપૃક્તતા અર્પે છે. આમ, સરવાળે ગઝલમાં એક આકાર અને હેસિયત ઉદ્‌ભવે છે, જે દ્વારા સૌંદર્યલક્ષી પ્રભાવ શક્ય બને છે.

આકારલક્ષી વિશેષતાઓ વિનાની ગઝલ પોતાની વિશિષ્ટ શૈલી અને લયને સુરક્ષિત રાખી શકતી નથી. આ કાંઈ વ્યર્થ બંધન નથી. આ બાહ્યલક્ષણો ઉપરાંત અંદાઝે-બયાન, હુસ્ને-ખયાલ, મૌસિકી, મારિફત જેવાં અંતર્ગત લક્ષણો તેમજ રહસ્ય-સંકેત-સંક્ષેપ- પ્રતીક જેવા વિશેષો ગઝલને સાચા અર્થમાં ગઝલ બનાવે છે. આ અંતર્ગત લક્ષણોના રાસાયણિક સંયોજનથી ગઝલમાં તગઝ્ઝુલ ઉત્પન્ન થાય છે, જે ગઝલનો પ્રાણ છે, સૌંદર્યનો વાહક છે અને ગઝલને અલાયદો મિજાજ અર્પે છે. ગઝલ નખશિખ સૌંદર્યલક્ષી કાવ્યપ્રકાર છે. જો ગઝલમાં સૌંદર્ય જ ન હોય તો ગઝલ ગઝલ નીવડતી નથી. તેથી ગઝલમાં બાહ્ય લક્ષણોનું રાસાયણિક સંયોજન જરૂરી છે. બાહ્ય લક્ષણો ગઝલના અંતસ્તત્ત્વના વિરોધી નથી, તેને ઉપકારક છે. ચર્ચાને અંતે આપણે કહી શકીએ કે અંતસ્તત્ત્વ બાહ્યલક્ષણો વિના શી રીતે અભિવ્યક્ત થઈ શકે ?

- ડૉ. રશીદ મીર
(વડોદરા)

ગઝલ ઉપર શોધનિબંધ તૈયાર કર્યો છે એ નાતે આટલું -

(૧) રદીફ - કાફિયા શબ્દપ્રયોગ ખોટો છે, ખરું શબ્દયુગ્મ છે કાફિયા-રદીફ. (૨) ગઝલ વિવેચનમાં 'છંદોલય' સંજ્ઞા રૂઢ નથી, છંદ બાહ્ય લક્ષણ ખરું, લય નહિ. (૩) ગઝલનાં બાહ્ય લક્ષણો આ વિભાગમાં અગાઉ પત્રલેખકે ગણાવ્યાં,તે અને તેટલાં (રદીફ-કાફિયા, છંદોલય) જ નથી, અન્ય પણ છે. જેવાં કે, મત્લા, મકતા, ઉલા-સાની મિસરા અને તખલ્લુસ. (૪) ચર્ચાની સગવડ ખાતર બાહ્ય લક્ષણો એટલે દેહ અને અંતસ્તત્ત્વ તે આત્મા એમ સ્વીકારીએ તો સામું પૂછી શકાય કે શું દેહ, આત્મા (કે જે દેહમાં જ વસે છે) નો વિરોધી હોઈ શકે ? અને શું આત્મા, દેહ વગર વ્યક્ત-અભિવ્યક્ત થઈ શકે ખરો ? કોઈ પણ, કૃતિમાં તેમ ગઝલને પણ આ રૂપકથી સમજી શકાય. 'સ્વસ્થ દેહમાં ભવ્ય આત્મા બિરાજે' તેમ બાહ્ય લક્ષણો એટલે કે દેહ એટલે કે રચનામાં કાવ્યોપકારક - કહો કે ભવ્ય - ઉન્નત અંતસ્તત્ત્વો શોભી ઊઠે.

- ડૉ. હરેશ લાલ - 'તથાગત' (રાજકોટ)

¤

જૂના સ્તંભો - 'આ માસની તવારીખ', 'પચ્ચીસ વર્ષ પહેલાં' ફરી ચાલુ કરશો. ક્રિકેટ શીખવાની ટૅકનિકની લેખમાળા વાંચી ક્રિકેટ શીખી શકાય તેમ માનવું ભૂલભરેલું છે. ઉત્તમ રમત રમી ગયેલા ખેલાડીઓની પરિચયમાળા વાજબી લેખાય. 'કથાસરિત્સાગર'ની પાદટીપ જે ટાઈપમાં છાપી છે તે ટાઈપમાં આખું 'કુમાર' છાપી શકાય તો વધુ સામગ્રીનો સમાવેશ થઈ શકે.

- જનક ત્રિવેદી
(અમરેલી)

¤

'ડૉ. ભીમરાવ આંબેડકર' લેખમાંની કેટલીક વિગતો તાટસ્થ્ય વગર લખાઈ છે. સૌપ્રથમ તો આંબેડકરે બંધારણ ઘડ્યું જ નથી. કાયદાપ્રધાન તરીકે તેમણે લોકસભામાં બંધારણ રજૂ કર્યું હતું. આપણું બંધારણ કોઈ એક વ્યક્તિએ નહિ, પણ વ્યક્તિઓના સમૂહે તૈયાર કરેલું. ખુદ આંબેડકરે પણ બંધારણ એમણે ઘડ્યું નથી એ વાત સ્વીકારી છે. કાયદાપ્રધાન તરીકે એમણે હિંદુ કોડ બિલ રજૂ કરવાનું પ્રશંસાત્મક કાર્ય કરેલું, જેની નોંધ લેવી જોઈએ તેટલી નથી લેવાઈ. હકીકતે તો આંબેડકર શતાબ્દીમાં તેમનાં કેટલાંક કાર્યોને શ્રેષ્ઠ રીતે રજૂ કરીને એમના વ્યક્તિત્વને લોકો અને ખાસ કરીને દલિત ભાઈઓએ સમજવાની જરૂર છે. વધુ ને વધુ લોકો આંબેડકરને સાચા અર્થમાં સમજે એ જ મોટો 'એવોર્ડ' ગણાશે.

- જયકુમાર વ્યાસ
(જામનગર)

સ્મશાનેથી પાછા ફરતા વૃદ્ધો/ઉશનસ્

(શિખરિણી - સૉનેટ)

ગયો શેરીમાંથી જરઠ ઊઠી કો, સ્કંધ ઊંચકી
ગયા ડાઘુ; ખાંસી થકી ખખડતી ખોખલી થઈ
ગઈ છાતી અર્ધી-ચઢી મરઘટે; થોડુંક જઈ
વળાવી કૈં વૃદ્ધો અવર ફળીનાકે જ અટકી
વળ્યા પાછા ગેહે; અવર વધુ જે આગ્રહી હતા
સ્મશાને પહોંચ્યા તે જયમત્યમ; ચિતાગ્નિ પ્રજળતાં
ચઢ્યેશ્વાસે પાછા ઘરભણી વળ્યા તે - કજળતા
દિવા બે આંખોના ઊંચકી - કશી ચિંતામહીં હતા;

જઈ આવ્યા જાણે ઘડી પછી જવાનું હતું જ્યહીં,
જરા જોઈ લીધું સ્થળ બદલીનું, એમ ય હશે;
હવે આવ્વાનું છે અહીં જ, હમણાં સાદ પડશે;
ગયો છેલ્લો તેથી બહુ દૂર અમારો ક્રમ નહીં;

અને જાણે કોએ કહ્યું ય; પણ કોને? નહીં નકી,
'હવે વારો આનો' કવણ વદ્યું? ડાઘુજન શું કો?

કો ભીતરથી?

કોરી કિતાબો આપશું?/ચિનુ મોદી

(ગઝલ)

સાંજ છે, ચિઠ્ઠી મળી છે, શું જવાબો આપશું?
એમને મળશું ને રૂબરૂમાં ગુલાબો/આપશું.

શી ખબર કે એ અરીસા ગોઠવી છટકી જશે?
ક્યાં પગેરું દાબશું ને ક્યાં હિસાબો આપશું.?

બોલ, બાવન બ્હારનો વિસ્તાર અવતાર્યો કદી?
એક આખા ભવ પછી કોરી કિતાબો આપશું?

ભેદ એના ખોલવાના છે રિવાજો એ મુજબ
ભેદ એનો સાચવે એવા નકાબો આપશું.

આપ સર-આંખો ઉપર છો, આપ જ્યારે આવશો
આ સુગંધિત શ્વાસની છલકેલ છાબો આપશું.

એક મયખાનું જૂનું અકબંધ ખોલી નાખશું
આપને આલા દરજ્જાની શરાબો આપશું.

એક ફાનસને હવા આપ્યા કરે 'ઇર્શાદ' એ
ને કહે છે આફતાબો માહતાબો આપશું.

શોર પૂછે સૂરને.../ભાનુપ્રસાદ પંડ્યા

(ગાન)

થાય વ્હેતો તું - આવતાં ઓરાં સૌ
ને હુંથી ભાગતાં શાને દૂર ?
શોર પૂછે કેમ આમ રે થાતું
ક્હેને જરી અલ્યા સૂર!

પગ પછાડે પૈડે ગાજે દોડતો ભારે
યાર, તું ભલા, શોર !
વીંઝતો આડેધડ કટારી કારમી
પેલી બૂમની ચોરકોર!

ભડકો થઈ વળગે તું ભૈ!
પ્રજળું હું તો કણીએ જેમ કપૂર !

ભરબજારે - ચૌટે ઘૂમું ક્યાંય
એલા સૂર! મળતી નથી દિશ,
લાગતું હું કો શીશીએ પૂર્યો જિન
પછાડું ઘડીએ ઘડી શીશ !
શોર, તું દોરો ગૂંચવાયેલો - હું
ત્રાકપે ચડ્યું કોઈ પૂણીનું ઉર!

ભમ્મરિયા કૂવાને કાંઠે/મંગળ રાવળ 'સ્નેહાતુર'

(ગાન)

ભમ્મરિયા કૂવાને કાંઠે તરસ લઈ આવ્યો છું અડવાણે પગ!
દરિયાઓ ઘેમ ઘેમ આંખમાં, ને પામ્યો છું રેતીના ઢગ.
તરસ્યો હું કૂવાના તળિયાને પૂછું કે :
સાજન ક્યાં સુકાણી છોળો?
જાણ્યું મેં આભ મહીં કાળો અંધાર
એમાં બૂડ્યો છે માથોડું વ્હોળો.

ગૂંથુ છું તો ય એમાં લયની લીલાશ જેમાં કારણની શોધું ન વગ !
ભમ્મરિયા કૂવાને કાંઠે તરસ લઈ આવ્યો છું અડવાણે પગ!

અથડાતા પડઘાએ કાન દઈ સાંભળ્યું
કે તૂટ્યો છે પાધરનો નેડો,
વીંધે છે વેદનાના કાંટાળા થોર એમાં
વીંખાયો અવકાશી છેડો.

જીવતરના ખપ્પરમાં ઘેરાયા શ્વાસ પછી રૂંધાયા ભવભવના ડગ !
ભમ્મરિયા કૂવાને કાંઠે તરસ લઈ આવ્યો છું અડવાણે પગ!

ક્રિકેટ માટે પ્રતિકૂળ એવી ઓછી ઊંચાઈ, બબ્બે વાર કારકિર્દીના આરંભે પ્રથમ કારોની નાપસંદગી અને જીવનની પ્રથમ ટેસ્ટ મૅચમાં જ શૂન્ય રને તંબૂભેગા થવું નિરુત્સાહ થયા વગર ક્રિકેટની દુનિયામાં પ્રબળ આત્મશ્રદ્ધાથી ચમત્કાર સર્જનાર

આજકાલ ક્રિકેટ-વિવેચકો, લેખકો, કૉમેન્ટેટરો 'મહાન' શબ્દનો વારંવાર અને જાણે વગરવિચાર્યે ઉપયોગ કરતા હોય તેમ લાગે છે. આ 'મહાન' વિશેષણ તો એવા ક્રિકેટરો માટે જ વપરાય કે જે પોતાની રમતમાં 'સંપૂર્ણ' હોય, 'પારંગત' હોય. આપણે ત્યાં આવા ખેલાડીઓ ગણ્યાગાંઠ્યા જ છે. 'વિશી'ના હુલામણા સંબોધનથી ઓળખાતા ગુંડપ્પા વિશ્વનાથ આપણા ખેલાડીઓમાં આ 'મહાન' વિશેષણના ખરેખરા અધિકારી છે.

વિશ્વનાથનો જન્મ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૪૯ના રોજ કર્ણાટક રાજ્યના ભદ્રાવતી શહેરમાં ક્રિકેટના શોખીન પિતાને ત્યાં થએલો. આમ, ક્રિકેટની રમતનો શોખ જાણે એમને ગળથૂથીમાં જ મળ્યો હતો. એમના ભાઈ જગન્નાથ 'રામચંદ્રરાવ મેમોરિયલ શિલ્ડ'ની મૅચોમાં ત્યારે રમતા હતા, અને રણજી ટ્રૉફિમાં મૈસુર તરફથી રમેલા. વિશ્વનાથે પણ વિદ્યાર્થીકાળથી ક્રિકેટમાં ઝંપલાવ્યું. ત્યારે બૅંગલોરની ફોર્ટ હાઈ સ્કૂલમાં તેઓ અભ્યાસ કરતા હતા. શાળાની પ્રથમ ટીમ તરફથી વિશ્વનાથને ક્રિકેટ ખેલવાની સૌપ્રથમ તક મળી ત્યારે તેમની ઉંમર ૧૬ વર્ષની. એ સ્પાર્ટન સ્પોર્ટ્સ ક્લબમાં જોડાયા અને એ વખતના ક્લબના મંત્રી શ્રી બી. એન ચંદ્રશેખરે યુવાન વિશ્વનાથને પ્રોત્સાહિત કર્યા હતા, પરંતુ રાજ્ય જૂનિઅર્સ તરીકે રાજ્ય કક્ષાની ટીમમાં વિશ્વનાથની પસંદગી ના થઈ! કારણ? કારણ વિશ્વનાથની ઊંચાઈ. પાંચ ફુટ બે ઈંચનો આ યુવાન ક્રિકેટમાં ચાલી જ ના શકે! ૧૯૬૬માં આ ઘટના બની. પણ નાસીપાસ થાય તે વિશ્વનાથ શાના? ઓછી ઊંચાઈનો આ મામલો એવો હતો કે એનો હલ વિશ્વનાથ તો લાવી જ ના શકે! પણ ના, એ હલ વિશ્વનાથ જ લાવ્યા. ૧૯૬૭ના વર્ષે એ પ્રથમ વાર રણજી ટ્રૉફિમાં રમ્યા અને બેવડી સદી ફટકારી! ઓછી ઊંચાઈના આ યુવાને મોટી ઊંચાઈ સિદ્ધ કરી બતાવી દુનિયાને દેખાડી આપ્યું કે ઓછી ઊંચાઈ કંઈ ખેલમાં કુશળતા પ્રાપ્ત કરવા આડે સદા અવરોધ બનીને રહેતી નથી. આ પ્રથમ બેવડી સદીથી એમના ઉત્સાહમાં બેવડો વધારો થયો.

એ દિવસ હતો ૧૯૬૭ના નવેમ્બરની અગિયારમીનો. આંધ્ર સામે વિશ્વનાથને રમવાનું હતું. પોતાની ટીમનો પ્રથમ ખેલાડી વિજયકુમાર બે રનમાં આઉટ થઈ ગયો! બીજો ખેલાડી નાગભૂષણ ચાર રનમાં આઉટ! ત્રીજો ખેલાડી કિરમાણી સોળ રને આઉટ! હવે? ચોથા ખેલાડી તરીકે વિશ્વનાથ મેદાનમાં ઊતર્યા. છાતીનાં પાટિયાં ભેસી જાય એવી પરિસ્થિતિ હતી. એક તો પ્રથમ વાર રમવાનું અને તે પણ તદ્દન ક્ષુલ્લક જુમલે ત્રણત્રણ ખેલાડીઓ ઊડી ગયા પછી. પણ વિશ્વનાથે હિમ્મત હાર્યા વગર ઝુકાવ્યું. પૂરા આત્મવિશ્વાસથી પરિસ્થિતિનો સામનો કરવા માંડ્યો. તેત્રીસ ચોગ્ગા અને પાંચ રનના એક ફટકા સમેત વિશ્વનાથે ૩૪૦ મિનિટ ક્રીઝ પર રહી ૨૩૦ રન કર્યા! આમ, ક્રિકેટજગતમાં પોતાના માતબર પ્રવેશથી વિશ્વનાથે છાકો બેસાડી દીધો. અરે એટલું જ નહિ, પણ આ જ મૅચમાં એણે ચાર ઓવર બોલિંગ કરી ૫૦ રન કરનાર જી.એસ.એન. રાજુને તંબૂભેગો કરી દીધો. અલબત્ત, ૧૯૬૮માં વિશ્વનાથ આવું કૌવત ન બતાવી શક્યા. પણ એથી શું? એમણે તો સેન્ટ્રલ કૉલેજના મેદાન પર ભાઈ જગન્નાથ સાથે જે સખત પ્રૅક્ટિસ કરી હતી તેનું પાણી બતાવવાનો અવસર પ્રથમ વાર રણજી ટ્રૉફિમાં રમીને મેળવી લીધો હતો. વચ્ચે એક વાર નિષ્ફળ ગયા તો શું? આ તો ભાગ્યની રમત છે! પણ વિશ્વનાથને પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ પર વધુ ભરોસો હતો. એમણે પુરુષાર્થ જારી રાખ્યો. રણજી ટ્રૉફિ અને દુલિપ ટ્રૉફિમાં એમણે એકધારી ફતેહ પ્રદર્શિત કરવા માંડી.

ત્યાં જ ન્યૂઝીલૅન્ડની ટીમને ભારતમાં રમવા આવવાનું થયું. નવા યુવાન ખેલાડીઓને અજમાવી જોવાનો વિચાર પસંદગીકારોને આવ્યો. ક્રિકેટ બોર્ડના પ્રમુખની ટીમ ન્યૂઝીલૅન્ડ સામે ઈંદોરમાં રમવાની હતી તેમાં વિશ્વનાથની પસંદગી થઈ. વિશ્વનાથે ૬૮ રન કરી પોતાનું ક્રિકેટકૌશલ પ્રકટ કરી સહુને આશ્ચર્યમાં નાખી દીધા. ઈંદોર ખાતેની વિશ્વનાથની રમત જોઈ પસંદગીકારોએ હૈદ્રાબાદ ખાતે રમાનાર ત્રીજી ટેસ્ટ મૅચના ૧૫ ખેલાડીઓમાં તેમનો સમાવેશ કર્યો, પરન્તુ પ્રથમ અગિયાર ખેલાડીઓમાં તે સ્થાન પામી શક્યા નહિ. કંઈક કરી બતાવવા એમનો આત્મા થનગની રહ્યો હતો. ત્યાર પછી ઑસ્ટ્રેલિઆની સામે મુંબઈમાં ખેલનારી ભારતીય ટીમના ૧૫ ખેલાડીઓમાં પસંદગી થઈ. પણ અહીંયાં ય નસીબ એક ડગલું આગળ જ હતું. આ વખતે પણ પ્રથમ અગિયાર ખેલાડીઓમાં એમને સ્થાન ના મળ્યું! પણ આખરે એમના નસીબ આડેથી પાંદડું ખસી ગયું. કાનપુરની ટેસ્ટ માટે એમની પસંદગી થઈ. સામે હતો ગોલંદાજ એલન કોલોની. વિશ્વનાથે રમવાનું શરૂ કર્યું. કોલોનીએ પ્રથમ બે ઝડપી દડા ફેંક્યા. વિશ્વનાથે ખેલી લીધા. પછી બે બાઉન્સર નાખ્યા. એને પણ વિશ્વનાથ ખેલી ગયા. પણ પછીનો ધીમો દડો ખેલવા જતાં વિશ્વનાથ શૉર્ટ-લેગ પર રેડપાથના હાથમાં વિશ્વનાથ ઝિલાઈ ગયા. થયું! પ્રથમ ટેસ્ટના પ્રથમ દાવમાં શૂન્ય રને આઉટ! એ વખતે ભારતીય ટીમના કપ્તાન હતા પટૌડી. હતાશાથી ઘેરાઈ વળેલા વિશ્વનાથને એમણે આશ્વાસન આપ્યું: 'ચિંતા નહિ. હજુ તને બીજી તક પ્રાપ્ત થવાની છે.' વિશ્વનાથે હતાશા ખંખેરી નાખી. બીજા દાવમાં એ દૃઢ આત્મવિશ્વાસથી ઊતર્યા. કોનોલીએ ફરી

અગિયારમાં સમાવવાનની પસંદગી-પડે તેવી નિર્માએલી પરિસ્થિતિ છતાં વામન કાયનો વિરાટ બૅટ્સમૅન

બાઉન્સરથી એમનું સ્વાગત કર્યું. પણ આ વખતે વિશ્વનાથ જુદા હતા. એમણે હવે દડાને ફટકારવા માંડ્યા. આ દાવમાં એમણે ૨૩૭ રન કરી પોતાના કાંડાની કમાલ કરી બતાવી. ઑસ્ટ્રેલિયઆ સામે પોતાની પ્રથમ ટેસ્ટમાં પ્રથમ સદી કરનાર વિશ્વનાથ પ્રથમ ભારતીય ખેલાડી બન્યા. હવે એમનો સિતારો ચમક્યો. ધીમે ધીમે વિશ્વનાથ એક 'સંપૂર્ણ' બેટ્સમેન તરીકે વિકસ્યા.

મોટા ભાગના બેટ્સમેન માટે રમતની શરૂઆતની થોડી ઓવરો શાંતિથી અને સંભાળપૂર્વક રમવી જરૂરી હોય છે. પૂરેપૂરા જામ્યા પછી જ ફટકાબાજીનો આરંભ કરવાનો હોય છે.

ગુંડપ્પા વિશ્વનાથ



• હરેશ પંડ્યા


પરન્તુ વિશ્વનાથની બાબતમાં આવું નહોતું. તે જેવી પોતાની ક્રીઝ સંભાળતા કે તરત જ તેમના જાદૂઈ બેટમાંથી એકએકથી ચઢિયાતા અતિ કલાત્મક અને નશીલા ફટકા ઝરણાની જેમ અસ્ખલિતપણે વહેવા લાગતા. આજે પણ વેસ્ટ ઇન્ડીઝના વિવિઅન રિચર્ડ્સને બાદ કરતાં સ્વાભાવિક અને સહજ બૅટિંગમાં વિશ્વનાથની બરોબરી કરી શકે એવો બેટ્સમેન વિશ્વમાં નથી. વિશ્વનાથનું શુધ્ધ 'ક્લાસિસીઝમ' ક્યાંય જોવા મળતું નથી.

વિશ્વનાથનાં આત્મવિશ્વાસ, રમતકૌશલ અને ટેક્નિકલ જ્ઞાન ગજબનાં. તે પોતાના ફટકા ખેલવામાં ક્યારેય હિચકિચાહટ ન અનુભવે, શૂન્ય પર હોય કે નવ્વાણું પર. પોતાની આત્મકથા 'સૅન્ડિ સ્ટૉર્મ'માં સંદીપ પાટીલ લખે છે: 'વિશી મેં જોયેલા અત્યંત છટાદાર બેટ્સમેન છે. તેમનાં કાંડાંનું કૌવત અદ્દભુત છે. એક પણ બેટ્સમેન એવો નથી જણાતો, જે વિશીની જેમ ઑફ સ્ટમ્પ બહારના દડાને લેગ સાઈડ તરફ રમી શકે - ફાસ્ટ બોલિંગ હોય કે પછી સ્પિન. લોકો ઝંઝાવાતી અને આક્રમક બૅટિંગની વાતો કરે છે, પરન્તુ વિશી આ બાબતોથી પણ વિશેષ છે; કેમ કે તેઓ પોતાના ફટકા એટલા વેળાસર લગાવે છે કે તેમાં તાકાતની જરા પણ જરૂર રહેતી નથી. વિશી એક ખતરનાક બેટ્સમેન છે. વિશી સારા દડાને પણ ખરાબ દડામાં ફેરવી નાખે છે અને પોતાનો શૉટ ખૂબ જ આસાનીથી પૂર્ણ કરે છે.'

વિશ્વનાથનો દરેક ફટકો પરિપૂર્ણ. તેઓ હંમેશાં રમવાની શ્રેષ્ઠ અદામાં જ હોય. વિશ્વનાથની બૅટિંગનું દંગ કરે એવું પાસું એ કે તે કોઈપણ શૉટ રમતી વખતે પોતાનો ઈરાદો છેક છેલ્લી ઘડીએ બદલી નાખે, અને ત્યારે પણ એવી જ પ્રતીતિ કરાવી આપે કે આ સ્ટ્રોક આ સિવાય બીજી રીતે ખેલી જ ના શકાય. ફક્ત સિધ્ધહસ્ત બેટ્સમેન જ આમ કરી શકે, કારણ કે તેની પાસે આગળ નોંધ્યું તેમ ફટકો લગાવતાં પૂર્વે ઘણો સમય હોય છે.

જ્યારે જ્યારે વિશ્વનાથ પોતાની આગવી છટાદાર શૈલીથી શ્રેષ્ઠ બૅટિંગ કરતા ત્યારે સામેની ટીમના સુકાની માટે ફિલ્ડિંગની ગોઠવણી મોટો પડકાર બની રહેતી. પોતાના ઝમકદાર પ્રેક્ષણીય ફટકાથી વિશ્વનાથ પોતાને જાણે સમગ્ર પરિસ્થિતિના સંચાલક જાહેર કરી દેતા. ઘણીવાર બોલરો એમની સૂચના અનુસાર જાણે બૉલિંગ ન કરતા હોય, એમ લાગતું.

ઈંગ્લૅન્ડની ટીમ જ્યારે ૧૯૮૧-૮૨માં કિથ ફ્લેચરના નેતૃત્વ હેઠળ ભારતનો પ્રવાસ કરી રહી હતી ત્યારે એક સમારંભમાં બોલતા તેમના ઉપકપ્તાન અને ઝડપી ગોલંદાજ બૉબ વિલીસે કહ્યું હતું કે જો



તમે વિશ્વનાથને એમની ઈનિંગની શરૂઆતમાં આઉટ ન કરી શકો તો પછી એમને આઉટ કરવા એ ઘણું મુશ્કેલ થઈ પડે છે! આ પછી થોડા સમય બાદ જ બૉબ વિલીસના આ શબ્દોને વિશ્વનાથે સાચા ઠેરવ્યા હતા. એકત્રીસ સણસણતા ચોગ્ગાઓની મદદથી એમણે એ શ્રેણીમાં મદ્રાસ ટેસ્ટમાં જ્યારે ૨૨૨ રન ફટકાર્યા ત્યારે માઈક ગેટિંગના હાથે એને ફૉરવર્ડ-શૉર્ટલેગ પર શૂન્ય રને જીવતદાન મળ્યું હતું! હકીકતમાં વિશ્વનાથ બોલરને શરૂઆતથી જ માપી લેનારા. ફુટવર્ક અને ફટકાબાજીમાં વિશ્વનાથ બીજા વિશ્વયુદ્ધ પછીના બૅટ્સમેનમાં એક સુંદર ઉદાહરણરૂપ રહ્યા છે.

અન્ય ઘણા બૅટ્સમેનની સરખામણીમાં વિશ્વનાથને રન બનાવવા માટે અથાક પરિશ્રમ કરવો નહોતો પડતો. ઝડપી ગોલંદાજોની ખતરનાક બોલિંગ સામે વિશ્વનાથની આત્મવિશ્વાસભરી અણનમ બૅટિંગથી પ્રભાવિત થઈ વેસ્ટ ઇન્ડીઝના તોફાની ગોલંદાજ માઈકલ હોલ્ડિંગે એક વાર કહ્યું હતું: 'વિશ્વનાથ એક આશ્ચર્યજનક બૅટ્સમૅન હતા. તેમની બૅટિંગમાં તાકાતના ભાગ્યે જ દર્શન થતાં. તેમના બૅટના સ્પર્શમાત્રથી દડો એકદમ આશ્ચર્યજનક 'કોણ' દ્વારા ગાયબ થઈ જતો. ઘણી વખત લાગે કે તમે વિશ્વનાથને થાપ ખવડાવી છે, પરન્તુ અચાનક જ તેમનું બૅટ કંઈક ચમત્કારિક રીતે વીંઝાય છે અને દડો ગોળીની માફક સીમારેખાની બહાર નીકળી જાય છે.'

અતિ ખરાબ વિકેટ ઉપર પણ વિશ્વનાથે હંમેશાં અસાધારણ સિદ્ધિ દાખવી છે. એમની પાસે સ્ટ્રોક્સનો અદેખાઈ ઉપજાવે તેવો વિપુલ ભંડાર હતો. તેમનો 'સ્ટાન્સ' પણ તેમની બૅટિંગ-શૈલી જેવો જ મોહક. તેમનો પ્રત્યેક ફટકો સાહસિક. હકીકત તો એ છે કે ક્રિકેટનો સૌથી મુશ્કેલ અને સૌથી આકર્ષક એવો લેટ-કટ વિશ્વનાથ ખૂબ જ સહેલાઈથી અને વારંવાર રમતા. ૧૯૮૧માં દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન ઉપર વિશ્વનાથે ફટકારેલા અતિ કલાત્મક કહી શકાય તેવા યાદગાર ૧૦૭ રનનું વર્ણન કરતા ઈંગ્લૅન્ડના જગમશહૂર દૈનિક 'ધ ગાર્ડિઅન'ના ક્રિકેટ- પ્રતિનિધિ ફ્રૅંક કિટિંગનો કલાપ્રેમી આત્મા બોલી ઊઠયો હતો: 'વિશ્વનાથનાં કટ્સ અને ફ્લિક્સ કોઈ આર્ટ ગૅલરિએ ખરીદી લેવા જેવાં હતાં.'

વિશ્વનાથ સ્કવેરકટ અને લેટ-કટ રમવાના ભારે શોખીન, પરંતુ અન્ય પ્રકારના ફટકાઓ પર પણ તે સારો કાબૂ ધરાવતા હતા. તેમનાં ફ્લિક્સ, હુકસ, ડ્રાઈવ, સ્વીપ્સ વગેરે એટલાં જ દર્શનીય રહેતાં. તેમની સ્કવૅર-ડ્રાઈવ જોવી એ તો એક લહાવો ગણાતો. 'ધ હિન્દુ'ના સુપ્રસિદ્ધ ક્રિકેટ-ખબરપત્રી આર. મોહને એક વખત આ લખનારને જણાવ્યું હતું: 'હું વિશ્વનાથને બૅટ્સમૅન અને વ્યકિત તરીકે સર્વશ્રેષ્ઠ કક્ષામાં મૂકું છું. જે સ્ટ્રોકથી એમણે પૂરા વિશ્વને મુગ્ધ કર્યું હતું તે સ્કવૅર-ડ્રાઈવ હતી, જેને તે પોતાના કાંડાની કારીગરીથી અત્યંત આખરી ક્ષણોમાં રમતા અને છતાં પણ દડો પોઈન્ટની પાછળથી નીકળી જતો.'

હુક શૉટમાં પારંગત હોવા છતાં વિશ્વનાથે પોતાની કારકિર્દીના ઉત્તરાર્ધમાં તેને રમવાનું મોટા ભાગે ટાળ્યું હતું. પોતે એક નૈસર્ગિક હુકર હોવા છતાં ઓછી ઊંચાઈને કારણે તે તક બહુ ઓછી મળતી. પરંતુ સ્ક્વૅર-કટ, લેટ-કટ અને સ્કવૅર-ડ્રાઈવ દ્વારા તે રનનો મોટો જમુલો ખડકી દેતા. ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી માધવ મંત્રીએ વિશ્વનાથની કવર-ડ્રાઈવની વેસ્ટ ઈન્ડિઝના માંધાતા એવર્ટન વિક્સની કવર-ડ્રાઈવ સાથે સરખામણી કરી હતી. કવર-ડ્રાઈવમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ખેલાડી પાસે યોગ્ય ફુટવર્ક, ટાઈમિંગ અને નિર્ણયશકિત હોવાં જરૂરી છે, જે વિશ્વનાથ પાસે હતાં. પણ વિશ્વનાથનો સર્વશ્રેષ્ઠ ફટકો કયા પ્રકારનો કહેવાય તે વિશે ક્રિકેટ-સમીક્ષકો એકમત સાધી શકયા નથી. આ હકીકત જ વિશ્વનાથનના દરેક પ્રકારના ફટકાની તજજ્ઞતા સૂચવે છે.

પોતાની કારકિર્દી દરમિયાન વિશ્વનાથ ઘણી મહાન ઈનિંગો રમ્યા હતા. આથી તેમની સર્વશ્રેષ્ઠ રમત કઈ તે પસંદ કરવાનું કામ વિકટ બની જાય છે. પરંતુ ૧૯૭૫ના જાન્યુઆરીની ૧૧મીએ મદ્રાસના ચેપોક મેદાન પર વેસ્ટ ઈન્ડઝ સામે વિશ્વનાથના અણનમ ૯૭ રન જેમણે નિહાળ્યા હશે તે આજે પણ સંમત થશે કે વિશ્વનાથની ઈનિંગ કોઈ પણ બૅટ્સમૅન દ્વારા કોઈ પણ જગ્યાએ રમાએલી મહાનતમ ઈનિંગમાંની એક હતી. એન્ડિ રૉબર્ટ્સે જ્યારે ચેપોક પર ભારતીય ઈનિંગને છિન્નભિન્ન કરવા માંડી હતી ત્યારે સદાબહાર અને સંકટના સાથી વિશ્વનાથ ભારતની ટપોટપ ખરતી વિકેટો વચ્ચે અડીખમ ઊભા રહ્યા હતા. વિશ્વનાથની એ ભવ્ય રમતથી સૌ કોઈ આશ્ચર્યમુગ્ધ બની ગયાં હતાં. એ ઈનિંગમાં ભારતના ૧૯૦ રનના ખૂબ જ નાના જુમલામાં વિશ્વનાથના એકલાના જ ૯૭ રન હતા! અને તે પણ નૉટ-આઉટ!

વિશ્વનાથની વિશેષતા એ કે કોઈ પણ પ્રકારના દબાવ વચ્ચે ય એ સ્વસ્થ રહે; પોતાની સદાસ્વાભાવિક રમત જ રમતા રહે. પોતાની ધરખમ બૅટિંગથી વિશ્વનાથ પોતાની સામેના છેડાના બૅટ્સમૅનને જાણે વામણા અને નવા નિશાળિયા જેવા બનાવી દેતા. પોતાની આગવી છટાદાર બૅટિંગ શૈલીથી વિશ્વનાથ પ્રેક્ષકોને હરહંમેશ ઉત્સાહિત રાખતા એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી કે વિશ્વનાથની થોડી મિનિટોની બૅટિંગ પણ જોનારને સદા માટે એમના ચાહક બનાવી દેતી. થોડાં વર્ષો પહેલાં જ જેમનું અવસાન થયું એ વિખ્યાત ક્રિકેટ-વિવેચક એન.એસ. રામસ્વામીએ આ લખનારને કહ્યું હતું કે પોતાની વીસ વર્ષથી પણ વધુ લાંબી કારકિર્દીમાં વિશ્વનાથે આપ્યો હતો તેવો આનંદ બીજા કોઈ બૅટ્સમૅને આપ્યો નહોતો.

વિશ્વનાથ ભારતીય ક્રિકેટમાં જ્યારે સોળે કળાએ ખીલ્યા હતા ત્યારે ભારતમાં તે સૌથી વધારે લોકપ્રિય ખેલાડી હતા. સુનિલ ગાવસ્કરે એક વખત કહ્યું : 'ખરેખર હું નથી માનતો કે ભારતમાં વિશ્વનાથથી વધુ લોકપ્રિય કોઈ ક્રિકેટર હશે. બેંગલોર અને મદ્રાસનાં પ્રક્ષેકો તેમની પૂજા કરે છે. કલકત્તાનાં લોકો તેમની ઉપર ફિદા છે. દિલ્હીનાં પ્રેક્ષકોનો તેમના માટેનો પ્રેમ અનન્ય છે. અને મુંબઈમાં તો તેમને પરાકાષ્ઠાની હદે ચાહવામાં આવે છે.'

જામ રણજી અને વિક્ટર ટ્રમ્પરની જેમ વિશ્વનાથે પણ સાબિત કરી આપ્યું હતું કે બેટિંગ પણ કલાત્મક અને સંગીતમય હોઈ શકે. શ્રી પરતાબ રામચંદે વિશ્વનાથને આ રીતે વર્ણવ્યા છે: 'વિશ્વનાથની ક્રીઝ ઉપરની અવધિ કોઈ સંગીતકારના જલસાની સાથે સરખાવી શકાય. પંડિત રવિશંકર અને બિસમિલ્લાખાંની જેમ વિશ્વનાથ પણ તમને પોતાની બેટિંગકળાથી મંત્રમુગ્ધ કરી મૂકે છે.'

વિશ્વનાથની રમત અતિ શુધ્ધ હતી. તે સ્વયંસ્ફૂર્ત ક્રિકેટ રમતા. વિશ્વનાથ પોતે જ એક 'ક્લાસ' હતા. વિશ્વનાથ ક્યારેય અણઘડ દશામાં જોવા નહીં મળે- નહીં મેદાન પર કે નહીં મેદાનની બહાર, નહીં તેમના અંગત જીવનમાં કે નહીં તેમના જાહેર જીવનમાં. એમનાં કેશ અને કપડાંની સુઘડતા જેવી જ એમની ક્રિકેટની રમત પણ સુઘડ હતી. વિશ્વનાથે ઈચ્છ્યું હોત તો અંગત રીતે ઘણા વિક્રમો સ્થાપી શક્યા હોત; પરંતુ એક સાચા અને ખેલદિલ રમતવીરને છાજે તે રીતે તે હંમેશાં પોતાની ટીમ માટે જ રમતા - પોતાના અંગત સ્વાર્થ, સિદ્ધિ કે પ્રસિદ્ધિ માટે ક્યારેય નહીં.

ઉત્તમ ખેલાડી હોવાની સાથે સાથે વિશ્વનાથ ઉમદા માનવી પણ છે. એ નખશિખ સજ્જન છે. તેમનું વ્યકિતત્વ ઘણું આકર્ષક અને નિરાળું છે. તે રમતા ન હોય તો પણ તમારું ધ્યાન ખેંચ્યા વગરકજ ન રહે. ૧૯૮૦માં મુંબઈ ખાતેની ગોલ્ડન જ્યુબિલિ ટેસ્ટમાં તેમણે બતાવેલી ખેલદિલી આજે પણ સહુની સ્મૃતિમાં તાજી જ હશે. હંમેશાં તે તકરારોથી દૂર રહે એટલા શિસ્તપ્રિય અને શીળા, મૃદુ અને મધુર. અમ્પાયરનો શંકાસ્પદ નિર્ણય પણ એ ખેલદિલીપૂર્વક સ્વીકારી લે! તે સાચા અર્થમાં 'વોકર' (અમ્પાયર આઉટ આપે તે પહેલાં જ વિકેટ છોડી જનાર) હતા. એમની આવી ગુણવત્તાને કારણે ગયા વર્ષે એમ.સી.સી.એ તેમને આજીવન સભ્ય બનાવીને તેમનું બહુમાન કર્યું છે.

વિશ્વનાથ અતિ નમ્ર, સરળ, મિલનાસર, આનંદી અને પ્રિય લાગે એવા છે. લેશમાત્ર ફણ અહંકાર નહિ. સાથી ખેલાડીઓ, વિરોધી ખેલાડીઓ, અધિકારીઓ, અમ્પાયરો, પત્રકારો સહુની એ અદબ જાળવે. આર. મોહન લખે છે : 'વિશ્વનાથ પાસે ફક્ત મિત્રો જ છે, દુશ્મનો નહીં.'

આજે પોતાના નવરાશના સમયમાં વિશ્વનાથ કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશનના ખંડમાં ઘણીવાર બિલિઅર્ડ રમતા જોવા મળશે. તેમની કળા, છટા અને કાંડાંની અદ્ભુત કમાલ આ 'ક્યૂ' રમતમાં પણ જોવા મળે છે. તેમણે પોતાના પરમ મિત્ર સુનિલ ગવાસ્કરની નાની બહેન કવિતા સાથે સ્નેહલગ્ન કર્યું છે અને બંને બેંગલોરમાં પ્રસન્ન દામ્પત્યજીવન ગાળે છે. ૧૯૭૮માં કવિતા સાથે જ્યારે વિશ્વનાથનાં લગ્ન થયાં અને તેમની રનસંખ્યામાં જોરદાર વધારો થવા લાગ્યો ત્યારે એવું લાગતું હતું કે કવિતા સુનિલ ગાવસ્કરના ઘેરથી કરિયાવરમાં પુષ્કળ રન લઈને આવી હતી !

પ્રથમ કક્ષાની ક્રિકેટ ટેસ્ટમાંથી વિશ્વનાથની નિવૃત્તિ એ સમગ્ર ક્રિકેટ-જગતમાંથી જાણે આત્મવિશ્વાસભરી કલાત્મક રમતની નિવૃત્તિ છે. જેઓ બેટિંગની કલા અને શાસ્ત્રીયતામાં પૂરેપૂરી નિપુણતા મેળવવા માગતા હશે તેમને માટે વિશ્વનાથ હંમેશાં આદર્શ આધાર બની રહેશે. એના જેવા બેટ્સમેન શતાબ્દીમાં ફક્ત એકાદ વાર જ જન્મ લેતા હોય છે. □

અનુસંધાન] રેડિયો [પૃ. ૧૭૦ પરથી

આપણે ભલે અમુક સમયે પસંદગીનો રેડિયો કાર્યક્રમ સાંભળીએ પરંતુ દિલ્હીથી રેડિયો-પ્રસારણ ૨૪ કલાક અવિરતપણે ચાલુ હોય છે, જેમાં ૩૭૬ કલાકનાં ૨૭૩ ન્યૂઝ બુલેટિન્સનો સમાવેશ થાય છે, જે પૈકી ૭૮ બુલેટિન્સ ૧૯ ભાષામાં પ્રસારિત થાય છે. ૧૨૭ બુલેટિન્સ ૭૨ ભાષાઓમાં પ્રસારિત થાય છે. વિવિધ ભારતી પરથી પ્રસારિત થતી જાહેર ખબરો દ્વારા આકાશવાણીને ૧૬-૧૭ કરોડની વાર્ષિક આવક થાય છે. આકાશવાણીનાં ૨૩ ભાષાઓમાં (૯ કલાક) ૬૮ ઓવરસીઝ બુલેટિન પ્રસારિત થાય છે. ભારતમાં 'જનસંપર્ક'માં આપવામાં આપેલી આંકડાકીય માહિતી અનુસાર આકાશવાણી કાર્યક્રમો પૈકી ૩૮% કાર્યક્રમો સંગીતને લગતા તથા ૫૦% કાર્યક્રમો 'સ્પોકન-વર્ડ્ઝ' હોય છે, જેમાં ચર્ચાઓ, ભાષણો, સંવાદ, અહેવાલ, વાર્તાલાપ, ઇન્ટરવ્યૂસ, કૉમેન્ટરિ, સમાચાર વગેરેનો સમાવેશ થાય છે. રેડિયો ન્યૂઝ રિલ્સ અને બુલેટિન્સ, બંનેનું પ્રસારણ કરવામાં આવે છે. આકાશવાણી પાસે ૧૦૧ પૂરા સમયના, ૨૩૨ ખંડ સમયના અને ૭ દેશોમાં પોતાના સંવાદદાતાઓ છે.

પ્રસાર-ભારતી બિલને આખરી રૂપ મળશે તો આકાશવાણીને એક સ્વાયત્ત સંસ્થા બનશે અને એના માળખામાં અનેક પરિવર્તનોની શક્યતા રહેશે. ભારત જેવા વિકાશીલ દેશમાં જ્યાં દેશની મોટાભાગની વસતી ગામડાંઓમાં રહે છે અને નિરક્ષરતા, ગરીબી, વસતીવિસ્ફોટ જેવી અનેક રાક્ષસી સમસ્યાઓ સામે દેશને લડવાનું છે, ત્યાં દેશના વિકાસમાં રેડિયોની ભૂમિકા અત્યંત મહત્ત્વની બની રહે છે. દૂરદર્શનની લોકપ્રિયતા સામે પોતાનું આગવું વ્યક્તિત્વ ઊભું કરવા માટે આકાશવાણીએ પોતાના કાર્યક્રમોનું સ્વરૂપ, સ્તર અને પ્રકારમાં અનેકવિધ પરિવર્તનો કરવાની તૈયારી રાખવી પડશે જ. □

સોના વાટકડે જમણ

ચં. ચી. મહેતા

મુંબઈમાં રીગલ સિનેમા અને ત્યારની મેજેસ્ટિક હોટેલ પાસે ઍલ્ફિન્સ્ટન કોલેજની હૉસ્ટેલ હતી. ૧૯૨૦માં મારે ત્યાં રહેવાનું થએલું. વિવિધ પ્રકારના મિત્રો મને ત્યાં મળ્યા. એમાંની કેટલીક દોસ્તી લાંબી ચાલી, કેટલીક ટૂંકે પતી. આ ભાઈબંધોમાં એક હતા ચંદ્રકાંત ત્રિવેદી, આગળ જતાં એ બારિસ્ટર ને પછી પબ્લિક પ્રૉસિક્યૂટર બનેલા. નેવલ ઑફિસર નાણાવટીનો કિસ્સો યાદ છે? એના કેસમાં આ ચંદ્રકાન્તે ભારે નામના મેળવેલી. બીજા એક મિત્ર હતા લલિતમોહન ચુનીલાલ ગાંધી. સૂરતના વાર્તાલેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં એમનું નામ. ત્રીજા અરવિંદ તન્ના અને દહેણુના એવા બીજા બે-પાંચ સારા મિત્રો સાથે પાકી દોસ્તી ત્યારે બંધાઈ હતી. મારા કમનસીબે આજે એમાંના કોઈ હયાત નથી.

કવિ નાનાલાલ એ સમયે મુંબઈમાં અને અમારા અરવિંદ તન્નાને એમની સાથે ઓળખાણ. એ નાતે એક વાર અમે બે જણા કવિને અમારી હૉસ્ટેલમાં ભાષણ આપવા અને જમવા માટે નોતરવા ગયા. આમંત્રણ સ્વીકારી અમારે ત્યાં પધાર્યા. અને એ વખે એમણે પોતાની બુલંદી શૈલીમાં કવિવર ટાગોર પર વણલખ્યું જે સુંદર ભાષણ આપેલું તેમાં એમણે ટાગોરની તરેહવાર ઉપમાઓ, ઉત્પ્રેક્ષાઓ, શ્લેષો તથા એમની કવિત્વશકિત, સાગર, એમાં છીપલાં, એમાં મોતી, જાતજાતનાં પરવાળાં અને સાગરી રત્નો વગેરે વિશે દાખલાઓ સાથે ઘણી સુંદર વાતો કરેલી. એ પછી તો એમની સાથેનો અમારો સંબંધ ધીમે ધીમે વધુ ને વધુ ગાઢ બનતો ગયેલો.

એવામાં ૧૯૨૧ની સાલમાં હું ડુમ્મસ ગયો. કવિનો ઉતારો પણ ત્યાં હતો. રાજકોટની રાજકુમાર કોલેજમાં જ્યારે એ ભણાવતા ત્યારે એમના જે ખાસ શિષ્યો હશે એમાંના એક હતા વાંસદા મહારાજા. એમણે કવિને આગ્રહપૂર્વક પોતાને ત્યાં બોલાવેલા. આ જ અરસામાં મારે કવિને મળવાનું થયું. હું મળ્યો ત્યારે લાગલું જ કવિએ મને પૂછયું, 'તેં વાંસદા જોયું છે ?' મેં ના પાડી. તો કહે, 'પહેલા પારસીઓ સંજાણ આવ્યા ત્યારે જે આતશ સાથે લાવેલા તે ત્યાં લઈ ગયા હતા. પછી કદાચ એમાંનો ભાગ તેઓ ઉદવાડા લઇ ગયા હોય. એ આપણે ખબર કાઢવાની. વળી, આ મહારાજા, એમના પિતા અને એમનાય પિતા- ત્રણે જણ પેઢીધર મલ્લકુસ્તીમાં પારંગત છે, મોટી ગદા સાથે યુદ્ધ કરનારા ગદાધરો છે. મારી સાથે તારે આવવું જોઇએ.' અને મેં હા પાડી.

બીજે દિવસે ટ્રેનમાં બિલિમોરા અને ત્યાંથી ઉનાઇ પહોંચ્યા. વાંસદા ત્યાંથી બહુ આઘું નહીં. મહારાજાએ ઉનાઇથી વાંસદા સુધી અમારા માટે ગાડીની વ્યવસ્થા કરેલી.

મને ખ્યાલ છે ત્યાં સુધી કવિ નાનાલાલ હંમેશાં ત્રીજા વર્ગમાં જતાઆવતા. એ સમયમાં ટ્રેનમાં પહેલો, બીજો અને ત્રીજો વર્ગ રહેતો. આ ઉપરાંત, ત્રીજા વર્ગમાં ઍંગ્લો-ઈન્ડિયનો માટે એક બે ખાનાં રહેતાં. એમાં અંગ્રેજ ગોરાસાહેબોના આ આશ્રિતો સફર કરતાં. પોતાની જાતને બ્રાહ્મણો કરતાંય ઊંચી માનવાવાળા અને રાજાના સાળા થઈ ફરનારા આ ઍંગ્લો-ઈન્ડિયનોની એક બહુ મોટી જમાત ત્યારે જોવા મળતી. શેખી, તુંડમિજાજી, પતરાજી ને સૂપીરિઑરિટિથી પીડાગ્રસ્ત આ લોકો એકધારા છટાબંધ પણ વ્યાકરણવિહોણા અંગ્રેજીમાં જ વાતો કરતાં. 'હી સેઝ' અને 'આઇ સેઝ' જેવા શબ્દો એમાં મોખરે પડતા સમજાતા. મુફલિસ રંગના ટાઇકૉલર પણ ચડાવે. હિન્દુ કે પારસી કરતાંયે વધારે પગાર લેતા આ જમાતના એન્જિન ડ્રાઇવરોને મેં વડોદરામાં જોએલા. એમાં પણ કાળા-ધોળાનો ભેદ રહેતો. 'એ' કલાસ અને 'બી' કલાસ એ બે એમના જાણીતા વર્ગો. બી કલાસવાળા મોટા અંગ્રેજ ઘરોમાં ખાનસામા કે ખાણું પીરસનારા. કોઈ વટલેલા, કોઈ હરિજનોમાંથી કિરસ્તાની બનેલા. આમાં વળી પોર્ટુગિઝ ગોવાથી આવેલા જુદા જુદા પ્રકારના કિરસ્તાનીઓ પણ ભળેલા. આમ, જુદી જુદી કોમમાંથી વટલીને ખ્રિસ્તી બનેલા શંભુમેળાના સભ્યો તે આ ઍંગ્લો-ઈન્ડિયનો. ટ્રેનના પેલા ખાસ ખાનામાં આ ઍંગ્લો-ઈન્ડિયનો સુફિયાણી રીતે, મોઢા પર મોટાઇ તરવરે એ રીતે ભારમાં બેસતા. આમાં યે એમની મડમડીઓનો તોર-ઠસ્સો તો વળી જુદો જ. આપણે ત્યાં એમના પર પૂરતું લખાયું નથી. દક્ષિણમાં એમનું સાહિત્ય ઠીક ઠીક વાંચવા મળતું. પણ એ આડવાત અહીં છોડી દઈએ.

એ કાળે ટ્રેનના ત્રીજા વર્ગના ડબામાં યે સરળતાથી બેસવાની જગ્યા મળી જતી. કવિ એમાં બેઠક જમાવે. પડછંદ વ્યકિતત્વ અને બુલંદ અવાજ તથા માનવપ્રેમથી ભરપુર. એ જરાવારમાં તો અન્ય પ્રવાસીઓમાં ભળી જઈ વાતોએ વળગી જાય. સ્વામીનારાયણ પંથના એ અનુયાયી સમભાવપૂર્વક સૌની કેફિયત સાંભળે, કોઈને આશ્વાસન આપે, કોઈને શિખામણ દે. આમ વાતોનો દોર ચાલે. મોટે ભાગે એમાં લોકોનાં સુખદુ:ખની જ વાતો થતી. સાહિત્યની ભારેભારે વાત આ મંડળીમાં ભાગ્યે જ ઊખળે. જો કોઇ પુસ્તક હાથ ચડે તો તો પછી કવિ એ વાંચવામાં જ પરોવાઈ જાય. આમ જ ટ્રેનની સફર પૂરી કરી અને વાંસદા પહોંચ્યા.

મહારાજાને મળ્યા. રાજા કવિના શિષ્ય. ગુરુને પગે લાગી એમણે કવિનું સ્વાગત કર્યું. આ વિવેક જોઈ હું તો ઠંડો જ થઈ ગયો. કવિએ

મારી ઓળખાણ આપી, અને પછી એ બંને દીવાનખંડમાં વાતે વળગ્યા. દરમિયાન કવિએ મને સૂચના કરી કે આ દીવાનખંડમાં જે કંઈ છે તેની મનમાં યાદી કરી લેજે. તને કે મને ક્યાંક કામ લાગશે. એમાં મલ્લોનાં ભારે મગદળોય છે તે ઊંચકી જોજે. જે ચિત્રો વગેરે છે તે પણ ધ્યાનથી જોજે ને પછી મને કહેજે.

એ રાજવી દીવાનખંડમાં આ કસરતબાજ રાજાઓની છબીઓમાં એમનાં અખાડે કેળવાયેલાં માંસલ સ્નાયુબદ્ધ શરીર, કાળા ભમ્મર વાળ અને આંકડા ચડાવેલી મોટી મોટી મૂછોથી શોભાતા મર્દાનગીભર્યા ચહેરા હું તો જોઈ જ રહ્યો. વાંસદાના જંગલમાં એ કાળે વાઘ-ચિત્તા બહુ હતા. એના શિકાર પછી એમની ઊતારી લીધેલી આખે આખી ખાલ, સડે નહિ એ માટે ખાસ ભરાણ ભરી રાખેલા એમનાં માથાંને એમાં ચળકતી એમની આંખો ને તીણા દાંત, અને બીજી અનેક નાની-મોટી કલાકારીગરી ભરી અવનવી ચીજો જોવામાં હું મશગુલ થઈ ગયો. એવામાં ડિનર-બેલ વાગ્યો. મહારાજા ઊભા થયા અને અમે એમના ભોજનખંડમાં ગયા. ખાસ્સાં દસબાર જણ આસાનીથી બેસી શકે એવડા મોટા સુંદર કોતરણીવાળા મહોગનીના ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયા. પ્રથમ કવિરાજને બેસાર્યા પછી જ પોતે બેસીને મહારાજે પોતાના ગુરુ પ્રતિ આદર દર્શાવ્યો.

ચાંદીના મોટા થાળ અને એમાં સોનાની વાડકાઓ- ના મોટા વાડકાઓ. રાજની જ ગૌશાળાના ઘીથી લસબસતો શીરો ને એમાં જ તળેલી પૂરીઓ તો ખરી જ પણ એ જ ઘીથી તરબોળ બાજરીના રોટલાનાં અડધિયાં ને સાથે લીલા વાંસનું અથાણું પણ ખરું. સોનાના એક વાટકામાં એવા જ રંગનો કેરીનો રસ. રજવાડી ભોજન એટલે બીજી યે કંઈ કંઈ વાનગીઓ હતી, ને છૂટે હાથે પિરસાતી જતી હતી. છેલ્લે મઘમઘતી દાળ આવતાં જ કવિ બોલી ઊઠ્યા: 'આ તો મદ્રીની જ દાળ!' અને મરકીને રાજાસાહેબ કહ્યું, 'હા. દાળ તો હું મદ્રીની જ બનાવરાવું છું. અને એનો આ સુંગધી મસાલો અમારા વાંસદામાં જ ખંડાય છે. એમાં લવિંગ, એલચી, થોડું જાયફળ ને સહેજ કેસર પણ હોય.' વાંસદામાં જ ઊગાડેલા અને હાથે છડેલા મીઠા સાઠી ચોખાના ભાત સાથે તો એ ભાવે જ, પણ એકલી દાળનો સ્વાદ પણ આજે આ લખતી વેળા મોંમાં પાણી લાવે છે. ભોજન પછી ભાતભાતના મસાલાવાળાં પાનનાં બીડાં યે હજી યાદ છે.

મળસકે કવિશ્રી નાનાલાલ ચાર વાગ્યે જાગી જાય. મને ય જગાડે જ. ત્યાંનાં પશુપંખીના સંવાદો સાંભળી એ કોણ બોલ્યું તે સમજાવે. એ કહેતા હતા કે સૂરત ડુમ્મસ ને હઠીસિંગનાં દહેરાંની વાડીમાં એ રહેતા હતા ત્યારે એમને આવો મીઠો કલરવ સાંભળવા મળતો નહિ. વાંસદામાં આ કલરવ સાંભળી તૃપ્ત થઈ એ લખવા બેસતા.

સવારે સૂરત કે વલસાડથી મંગાવેલાં રતાળુનાં, મરી અને ધાણા ભભરાવેલાં ને તલના તેલમાં તળેલાં ભજિયાં ખાતાંખાતાં પરોઢે સાંભળેલા પંખીઓના કલરવની કવિએ વાત કરી. મહારાજાએ પૂછ્યું, 'આપને એ શું બોલે છે તે સમજાય ખરું?' કવિ કહે : 'હાસ્તો, એમના સંવાદ નૈસર્ગિક, આંટીઘૂંટી વગરના સરળ. એ કહે છે, હમણાં સૂરજ ઊગશે અને આપણે ચણ શોધવા જઈશું. પણ અત્યારે તો ગાઓ, સૂરજના આગમનનું ગીત.'

'કયાં પંખીઓ હતાં?' મહારાજે પૂછ્યું.

'કોયલ. નર અને માદા બંને. પણ બોલે નર, માદા જરા શરમાળ એટલે સૂર પુરાવે એટલું જ. પછી તો એમાં મોરલા યે ટહુકા પૂરે અને કાબર, તેતર, સમડી ને કાગડા યે તેમાં ભળે. વચ્ચેવચ્ચે મરઘા એમાં સાદ પુરાવે.'

મહારાજે એમની કસરતશાળાનાં વિધવિધ સાધનો બતાવ્યાં ને તે પછી અમે ગામ જોવા નીકળ્યા. પેલા પારસીઓએ છેક ઈરાનથી પોતાની સાથે આણેલો આતશ પ્રથમ ક્યાં રાખેલો તે જોવા ગયા. કેટલું સ્વચ્છ શાંત એ સ્થાન હતું! આપણાં ધર્મસ્થાનો વિષે કદાચ આમ ન કહી શકાય એ કમનસીબ જ ને ! □

અનુસંધાન] અમેરિકન દશ્યાવલિ [પૃ. ૧૬૮ પરથી

વ્હાઈટ પ્લેઈન્સથી પેપ્સીકો સુધીનો આખો માર્ગ રમ્ય. વળી, અમેરિકાનાં નાનાં ગામ કેવાં હોય તે પણ સમજાય. વાદળઘેર્યો દિવસ તો હતો. પેપ્સીકોના પાર્કમાં પ્રવેશતાં નંદનવનની કલ્પના કરી શકાય. નંદનવન પણ દેવતાઓનો Cultivated garden જ ને! આજે ચોથી જુલાઈ, અમેરિકાનો સ્વતંત્રતા દિવસ, તેમ છતાં આ પાર્કમાં ઘણાં લોકો આવ્યાં હતાં.

પાર્ક હોય એટલે વૃક્ષો અને હરિયાળી તો હોય જ. વચ્ચે તળાવ, તળાવમાં ટાપુ અને વચ્ચે ઊંચો ઊડતો ફૂવારો, જેવો જોયો હતો જીનેવા નગરના સરોવરમાં. આ અનેકકોણી તળાવમાં બતકહંસ વિલંબિત લયે સરતાં હતાં. અમે તળાવકાંઠેની એક વિશાળ શિલા પર બેસી એ જોતાં રહ્યાં. એક કુટુંબ બતકડાંને કંઈક ખાવાનું નાખતું હતું. બધાં ત્યાં ભેગા થઈ ગયાં. ત્યાં દૂર માર્ગ પર કોઈ યુગલ ધીરે ધીરે ચાલી રહ્યું હતું. મને થયું આવા મેઘછાયા દિવસે આવા માર્ગે બસ ચાલ્યાં કરીએ.

અહીં સ્થળે સ્થળે આધુનિક શિલ્પો મૂકવામાં આવ્યાં છે. જ્યાં બેઠાં હતાં ત્યાં ડૅવિડ વાઈનર નામના શિલ્પીનું ગ્રીઝિબેર- Greezy Bear- નું વિરાટ શિલ્પ, સુવાળો આરસ. લીલું એટલે કેટલું લીલું હોઈ શકે તે અહીંની કૃત્રિમ લીલી ટેકરીઓ જોતાં લાગે. વચ્ચે ચાલવાનો વાંકો માર્ગ. એ ચાલતાં ચાલતાં આર્નાલ્ડો પોમોડ્રોનું શિલ્પ જોયું Triai ત્રણ ઊંચા સ્તંભો - તંતુવાદ્યો હોય એમ. અને કમળતળાવડી જોઈને તો પ્રસન્ન પ્રસન્ન. કેટલા રંગનાં કમળ ખીલવ્યાં છે. તેમાં રક્તકમલ તો આંખે વળગી ગયાં. વાદળિયો દિવસ પણ ભરપૂર ખીલેલા. અભ્રદિને કાલિદાસ- કથિત 'નપ્રબદ્ધા ન સુપ્તા, કમલિનીઓ આ નહોતી! □

અંતરિયાળઅંતરિયાળઅંતરિયાળઅંતરિયાળ

અંતરિયાળ

અંતરિયાળઅંતરિયાળઅંતરિયાળઅંતરિ

દશરથ પરમાર

સામાન નીચે મૂકીને એણે સ્ટેશન પરની હવા ફેફસામાં ભરી લીધી.

પછી ઘડિયાળમાં જોયું. બે ને પાંચ થઈ હતી. બે ને પચ્ચીસે બસ છે. એણે ખિસ્સામાંથી સિગારેટનું પેકેટ કાઢ્યું. થોડીકવાર હાથમાં રમાડ્યા કર્યું. પછી એક સિગારેટ કાઢી. સળગાવી. એક લાં...બો કશ ખેંચીને નજર ચારેકોર ઘુમાવી.

લોકોના આવજો : તબિયત સાચવજો - પત્ર લખજોના ધ્વનિપ્રતિધ્વનિ...

બારીની ફ્રેમમાં મઢાઈ ગયેલા ઉદાસ ચહેરા... હાથમાં હાથ ભેરવીને ઊભેલું એક યુગલ... હાથમાં કેટલાયે ગોબાવાળું એલ્યુમિનિયમનું પાત્ર લઈને ફરતો ભિખારી... પડિકામાંથી રસપૂર્વક નાસ્તો કરતું એક યુગલ... વૈશાખના પ્રખર તડકામાં ઝગારા મારતાં રંગબેરંગી માણસો...

અને પ્લેટફોર્મ નં.પના બાંકડા પાસે ઊભેલી એક સ્ત્રી...

એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. ખાંસીનો જોરદાર હુમલો આવી ગયો. શ્વાસ ગૂંગળાવા લાગ્યો. એણે બાજુવાળાને સામાન સાચવવાનો ઇશારો કર્યો. લારી પરથી ઉપરાઉપરી ત્રણ ગ્લાસ પાણી ગટગટાવી ગયો. એ ફરીથી એ જ જગ્યાએ આવી ઊભો. અને નજર ફરીથી પાછી પ્લેટફોર્મ નં.પ પર...

એણે નજર હટાવવાનો પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. નજર ત્યાંથી હટતી કેમ નથી?

મળવું જોઈએ. એને થયું. અનુ આખરે ગમે તેમ તો ય... એ ધીમેથી એ તરફ સરક્યો. એ સ્ત્રીની સામે જઈ ઊભો રહ્યો. એણે કશુંક બોલવા મોં ખોલ્યું. પણ ગળામાં કશુંક ભરાઈ ગયું કે શું? શબ્દો બહાર નીકળ્યા જ નહિ. એ નિર્વાક્ બનીને તાકી રહ્યો - અનુનું ચાંદલા-વિહોણું કપાળ... સફેદ વસ્ત્રો... અનુની કૃશ કાયા...

'ઓહ... આનંદ તમે...?' અનુ બોલી. એ સહેજ ચમક્યો. હકારમાં માથું હલાવ્યું. એની આંખો સમક્ષ વર્ષો પહેલાંની અનુ ખડી થઈ ગઈ. પછી અનુનાં અગણિત સ્વરૂપો પસાર થવાં લાગ્યાં:

હસતી-રમતી અનુ...
ઘર-ઘર રમતાં એની વહુ બનતી અનુ...
એના ખભે ચડીને કરેણનાં ફૂલ તોડતી અનુ...
એ... અનુ...! એ... અનુ...! અને એને યાદ આવ્યું-

એ સાતમામાં એકવાર નાપાસ થએલો. એના બાપે એને ખૂબ ધમકાવેલો. સ્કૂલના એક ખૂણે જઈ એ રડવા લાગ્યો હતો...

અને એ સમયે અનુએ એને ખોળામાં સુવાડીને કેવો આશ્વાસેલો!-

'- રડ નહિ... આનંદ... તું જે કરીશ તે હું સહન કરી લઈશ પણ તું રડે એ મારાથી સહન નહિ થાય...'

એ અનુની સાથે ભણ્યો હતો... છેક બાલમંદિરથી માંડીને... બી.એસસી. સુધી...

બી.એસસી.ના છેલ્લા વરસમાં હતો ને એણે સાહસ કરીને અનુને કહી દીધેલું : હું તને ચાહું છું, અનુ... હું તારી સાથે લગ્ન... અને એનું વાક્ય પૂર્ણ થાય એ પહેલાં સટ્ટાક કરતો તમાચો એના ગાલ પર ઝીંકાઈ ગયો હતો... ને એ વખતે એ બિલકુલ રડ્યો નહોતો... એ પછીના વર્ષે અનુ પરણી ગઈ હતી... તે છેક આટલાં વર્ષે...


'સુખી તો છો ને આનંદ?' અનુએ પાછો એને વર્તમાનમાં ફંગોળી દીધો.

'હા' એ યંત્રવત્ બોલી ગયો. પછી થયું કે એના મોંમાંથી 'હા' નીકળી જ કેમ શક્યું? એ ફરી પાછો મૌન થઈ ગયો. અનુ સામે જોયું. અનુ એની સામે જ જોઈ રહી હતી. શું જોતી હશે?

એને થયું. - 'કંઈક તો બોલ, આનંદ! આટલાં વરસે મળ્યાં છીએ અને આમ સાવ મૌન કેમ બની ગયો છે તું? કંઈ નહિ તો આજથી વર્ષો પહેલાં બોલ્યો હતો એ શબ્દ બોલ અને હું...' અનુ મનોમન બોલતી રહી... એણે સામે જોયું. એની બસ આવી ગઈ છે. એ સહેજ ખસી. બોલી : 'મારી બસ આવી ગઈ છે... હું...' એણે કશું ય કહ્યું નહિ. કહી શક્યો નહિ. એની દૃષ્ટિસીમાથી અનુ દૂર થઈ ગઈ. એણે પોતાના પ્લેટફોર્મ તરફ જવા પગ ઉપાડ્યા. થયું: એણે કહી દેવું જોઈતું હતું કે ચાલ અનુ... વર્ષો પહેલાં કહ્યા હતા એ શબ્દો હું તને કહું અને તું... એક તમાચો માર મને! હું રડ્યા કરું... બસ રડ્યા જ કરું...!

એ પ્લેટફોર્મ પર આવ્યો. એનો સામાન એમ ને એમ પડ્યો હતો... બાજુવાળા ભાઈને પૂછ્યું. એની બસ ઊપડી ગઈ હતી... એને થયું એની કોઈક વસ્તુ ખોવાઈ ગઈ છે. પણ એનું નામ યાદ આવતું નથી... અને... □

સરદાર સરોવર અને તેનો સિંચાઈ-આવૃત્ત વિસ્તાર



નર્મદાયોજના

ભારતના વિકાસ-મોડેલની ખોજ

પ્રવીણ ન. શેઠ

નર્મદા નદીને અભયાન્વયી કહેવામાં આવી છે. જે 'અભય' સાથે માનવીને જોડે તેવી નદી. નર્મદા ઘાટીમાં ને તેને કિનારે આવેલા આદિવાસીઓ અને તેમનાં હિતોને વાચા આપતાં 'આર્ય-વાહિની, 'નર્મદા અભિયાન', 'નર્મદા બચાવ આંદોલન' વગેરે સ્વૈચ્છિક સંગઠનો નર્મદા-યોજનાના સમર્થનમાં કે વિરોધમાં જે નિર્ભીક રીતે રાજયસત્તા સામે કે સાથે કામ કરે છે, તે નર્મદાના આ સ્વરૂપને સાર્થ કરે છે.

ભારતની કોઇ પણ નદીબંધ યોજના - અરે, કોઈ પણ જાતની વિકાસ યોજના આટલી ઊંડી ચર્ચા, ઉગ્ર વિવાદ અને સમગ્રલક્ષી તપાસની લાંબી પ્રક્રિયામાંથી પસાર થઈ નથી. આટલા બધા અવરોધો ને તે પણ દરેક ક્ષેત્રમાં ટેકનિકલ તપાસ, રાજ્યો વચ્ચેના મતભેદ, યોજના-વિરોધીઓની દબાણ-પ્રયુકિતઓ અને તંનીલા પ્રચાર, અને દેશ બહારના સ્વૈચ્છિક સંગઠનોની નર્મદાયોજના સામેની નીતિરીતિ કોઈ મહાયોજના (mega-project) સામે આવ્યાં નથી.

નર્મદા યોજના તેની સિંચાઈ વાહિકાઓ (canals)ના કુલ લંબાઈના ધોરણે વિશ્વની સૌથી લાંબી કેનાલ નેટવર્ક ધરાવતી યોજના છે. કોઈ નદીનાં પાણીના જથ્થાના સંગ્રહ અને પ્રાયોજિત વહાવની દૃષ્ટિએ પણ વિશ્વની સૌથી મોટી યોજના. વિશ્વની તે સંયુકત રૂપે (સરદાર સરોવર યોજના અને મધ્ય પ્રદેશની નર્મદા સાગર યોજના એ



નહેરનાં પાણીની 'વૉટર લૉગિંગ' અને ક્ષારની આડઅસરને
અટકાવવા માટે નહેરની બંને બાજુની દીવાલ

બે મહાયોજનાઓ સહિત મધ્ય અને નાના બંધોની સંકુલ એવી નર્મદા યોજનાના રૂપમાં) આયોજિત બંધોની યોજના છે, ને સરદાર સરોવર એ વિશ્વનું સૌથી મોટું 'માનવરચિત સરોવર' હશે. જે યોજનાથી સૌથી વધુ સંખ્યામાં, નદીપટની જમીન ડૂબમાં જવાનો કારણે, વિસ્થાપિતો બનશે ને તેમના પુનર્વાસના પ્રશ્નો ઊભા થયા છે અને થશે, તે બાબતમાં પણ તે વિશ્વની એક સૌથી મોટી યોજના છે. આવી મોટી સંખ્યામાં વિસ્થાપિતો કે યોજનાના અસરગ્રસ્તોની એમની સંમતિથી, યોગ્ય સ્થળે, પુનર્વાસની અભૂતપૂર્વ ઉદાર નીતિ અપનાવીને ગુજરાત સરકારે- સરદાર સરોવર નર્મદા નિગમે જે રીતે તેમને વસાવવાનો પ્રારંભનો તબક્કો પૂરો કર્યો છે, તેને કારણે પણ તે માત્ર ભારતમાં જ નહિ, પણ ત્રીજા વિશ્વમાં વિકાસ યોજનાને કારણે અસરગ્રસ્ત થએલી વંચિતો માટેની તે સૌથી સારી વિચારાએલી અને અપનાવાએલી પુનર્વાસનીતિ છે, તેવું વિશ્વ બેંક સહિતના સમીક્ષકોએ સ્પષ્ટ રીતે કહેલું છે.

(૧)

વળી, પુનર્વાસના અને પર્યાવરણીય સુરક્ષા, સંગોપન અને સુધારણા બાબત નોંધપાત્ર નીતિ અપનાવવામાં ગુજરાત આગળ રહ્યું છે. ગુજરાતે બીજાં રાજ્યોને આ રાહે ચાલવા માટેનો એક મોડેલ પૂરું પાડ્યું છે. ગુજરાતની સરહદે, ભરૂચ જિલ્લામાં નવાગામ પાસે આકાર લેતો સરદાર સરોવર ડેમ અને તેની આસપાસ વિકસતી જતી સરદાર સરોવર યોજના સમગ્ર નર્મદા યોજનાના સંઘર્ષનું લક્ષ્ય બન્યાં છે. કારણ આ યોજનાને ગુજરાત જે દૃષ્ટિ અને ખંતથી આગળ વધારી રહ્યું છે, તે જો સફળ થાય તો યોજના-વિરોધીઓ સમગ્ર નર્મદાયોજનાને જ અટકાવી દેવાના યુદ્ધમાં પહેલો મહત્ત્વનો મોરચો જીતી જાય ને પછી વિરોધકૂચને આગળ વધારવાનું સહેલું થઈ પડે. આ મુદ્દા પર થોડી વિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં નર્મદાયોજનાને પ્રતિરોધના ઈતિહાસના પાત્ર બનવું પડ્યું છે, તેની સંક્ષેપમાં સમીક્ષા કરી લઈએ.

(અ) છેક ૧૯૪૭માં સરદાર પટેલે નર્મદા નદીના જળસ્રોતનો ઉપયોગ કરવા માટે સૂચન કરેલું. તે પછી આરંભિક તપાસ શરૂ થઈ. ૧૯૬૧ની પાંચમી એપ્રિલે વડા પ્રધાન નેહરુએ ૧૬૧ ફુટ ઊંચાઇના બંધનું શિલારોપણ ગોરા ખાતે કર્યું. આ તકતી કેવડિયા કોલોનીથી અત્યારના સરદાર સરોવર ડેમના સ્થાન તરફ જતાં જોઈ શકાય છે. તે વખતે આ યોજના માત્ર ભરૂચ જિલ્લાને સિંચાઇનું પાણી પૂરું પાડવા પૂરતી હતી. પણ તેના વિપુલ જળજથ્થા અને પ્રવાહમાં છુપાએલી શક્યતાઓ જ આપણા ઇજનેરો (સ્વ. ધાનક, ઉપરાંત સી. સી. પટેલ, પી. એ. રાજ)એ તપાસી. ૧૯૫૬માં સૌરાષ્ટ્ર પણ બૃહદ્ મુંબઇ રાજયમાં ગુજરાતનો એક ભાગ બનીને જોડાયું. તેથી તેના વિકાસ અંગેની અપેક્ષા પણ ઊભી થઈ. આ સંદર્ભમાં એક જિલ્લાલક્ષી યોજનામાંથી અનેક જિલ્લાઓને આવરીને સૌરાષ્ટ્રને પીવાનું પાણી પૂરું પાડી શકે તેવી વિસ્તૃત યોજનામાં તે ફેરવાય તેવો સંદર્ભ ઊભો થયો. વળી, શરૂઆતની માત્ર સિંચાઇ યોજનામાંથી વિકસીને તે જળવિદ્યુત આપે તેવું તેનું બહુલક્ષી આયોજન પણ થયું. આ માટે બંધની ઊંચાઇ વધારવી પડે. ને તે માટેનું સ્થળ ગોરા ગામથી થોડું ખસેડીને નવાગામ આગળ, સરદાર સરોવરના વર્તમાન સ્થાન પર ખસેડવામાં આવ્યું.

(બ) દરમિયાન ગુજરાતના આ બંધની ઊંચાઇ અંગે ગુજરાત અને મધ્ય પ્રદેશની સરકારો વચ્ચે ઝઘડો ઊભો થયો. ૧૯૬૪માં નિમાએલી ખોસલા સમિતિએ એક વર્ષ પછી આપેલા તેમના નિષ્ણાત હેવાલમાં આ બંધની ઊંચાઇ ૫૦૦ એફ.આર.એલ. (ફુલ રિઝર્વોર લેવલ) ફુટની રાખવાનું સૂચવ્યું. પણ આ આંતર-રાજ્ય નદીયોજના બાબત એક બાજુ ગુજરાત અને બીજી બાજુ મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે તીવ્ર અને જાહેર મતભેદો ઊભા થયા. રાજસ્થાન ગુજરાતને પક્ષે આવ્યું તેનું નિરાકરણ કરવા ૧૯૬૯માં ભારત સરકારે નર્મદા જળવિવાદ ટ્રિબ્યૂનલ નીમી. વચમાં ટ્રિબ્યૂનલમાંથી આ ઝઘડાને ઊંચકીને ચાર રાજ્યોના કોંગ્રેસી મુખ્યમંત્રીઓએ વડા પ્રધાન ઇન્દિરા ગાંધીને લવાદ તરીકે વિનંતી કરીને સોંપ્યો. ઊંચાઇ અંગે નિર્ણય આપવાનું નિશ્ચિત થઈ ગયા પછી (૨૬ નવેમ્બર ૧૯૭૩થી પહેલી જાન્યુઆરી ૧૯૭૪) ઇન્દિરાજી તેનાથી અળગાં રહ્યાં. જનતા પક્ષની સરકાર દરમિયાન લવાદમાંથી ટ્રિબ્યૂનલમાં લઈ જવાએલા આ વિવાદ અંગે ટ્રિબ્યૂનલે ૧૯૭૯માં ચુકાદો આપ્યો. ગુજરાતમાં તેને સહસા સ્વીકારવા માટેના સાનુકૂળ પ્રતિભાવ વ્યકત થયા. સરદાર સરોવર બંધની ઊંચાઇ ૪૫૫ ફુટની નક્કી થઈ, તે થતાં હજુ વધુ વિલંબ કરવા કરતાં તેનો સ્વીકાર કરવામાં ગુજરાતનાં લોકો અને સરકારે એમની લાક્ષણિક પરિણામગામિતા બતાવી. મધ્ય પ્રદેશ ટ્રિબ્યૂનલના ચુકાદાથી રાજી નહોતું. પણ આખરે નર્મદાજળ-વિસ્તારનાં બધાં રાજ્યોએ ચુકાદાનો સ્વીકાર કર્યો. (આ ચુકાદા અન્વયે તેમાં કોઈ પણ રાજ્ય એકપક્ષી ફેરફાર કરી શકે તેમ નથી.)

(ક) ગુજરાતની જનતા મોરચા (પક્ષની) સરકારમાં મુખ્યમંત્રી બાબુભાઈ જ. પટેલ અને સિંચાઇ મંત્રી કેશુભાઇ પટેલે ગુજરાતની નર્મદાની યોજનાની રૂપરેખા તૈયાર કરાવીને તેના અમલની કાર્યવાહી શરૂ કરી. ત્યાં ૧૯૮૦માં આવ્યો વનસંરક્ષણ ધારો. હવે તે પ્રમાણે નર્મદા યોજનાને ભારત સરકાર (તેના પર્યાવરણ અને વન મંત્રાલય વગેરે)ની

સંમતિની જરૂર પડી. ૧૯૭૨માં સ્ટૉકહોમમાં પર્યાવરણ અંગેની વિશ્વ પરિષદ પછી પર્યાવરણ અંગેની જાગૃતિ પણ ઠીક ઠીક વધી હતી. પર્યાવરણવાદીઓએ આ યોજના અંગે વાંધો ઉઠાવ્યો. આખરે વનસંરક્ષણ ધારા અન્વયે જરૂરી તપાસ પછી ભારત સરકારે પર્યાવરણ તેમ જ વનસુરક્ષાના ધોરણે ૧૯૮૭માં આ યોજનાને 'ક્લીઅરન્સ' આપ્યું. ગુજરાતમાં ત્રણ વર્ષથી ચાલતા દુકાળ અને નિર્જળ પરિસ્થિતિના વ્યાપક અનુભવને કારણે નર્મદાયોજના થવી જ જોઈએ તેવી છાપ ઊર્મિલ બની હતી ત્યારે આ યોજનાને જલદી મંજૂર કરવા માટે ત્યારના ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ અહમદ પટેલ વડા પ્રધાન રાજીવ ગાંધીને સમજાવવામાં અસરકારક રહ્યા હતા.[1] આમ, ટેક્નિકલ, રાજકીય અને પર્યાવરણીય કારણોસર આ યોજના વિલંબાતી ગઈ.

(૨)

(અ) પણ ગુજરાતની આ ભાગીરથી હજુ ઓર વિવાદમાં પણ ફસાઈ જવાની હતી. લાખો અસરગ્રસ્તો, ગરીબ આદિવાસીઓનો પુનર્વાસ શકય નથી. તેમને નવાં, પુનર્વાસનાં ગામોમાં વસાવવા પૂરતી જમીન જ ઉપલબ્ધ નથી.

(બ) આવી વિરાટ યોજનાને કારણે મધ્ય પ્રદેશનાં ને અન્યત્ર હજારો હેક્ટર જંગલની અને ખેતીની જમીન ડૂબમાં જશે. વનોનો વિનાશ થશે, જમીનની અવદશા થશે. નહેરનાં પાણી બાજુના ખેતરની જમીનમાં ચૂશે તેથી જમીન પાણીપોચી (વોટર લૉગિંગ) તથા ક્ષારવધાર (Salinity)ના વિકારોથી બગડી જશે. મધ્ય પ્રદેશના સ્રાવ પ્રદેશ (catchment area)ની જમીન ધોવાઈને સરદાર સરોવરમાં રેત ભેગી થશે ને તેથી વિશ્વમાં કેટલાક મહાબંધોની બાબતમાં બન્યું છે તેમ આ બંધનું આયુષ્ય પણ ખૂબ ટૂંકું- માંડ ૪૦થી ૫૦ વર્ષ પૂરતું મર્યાદિત બની જશે.


(ક) આ સંજોગોમાં આટલો મોટો ખર્ચ બંધ પાછળ કરવાની જરૂર નથી. વળી, બીજી રીતે/પણ આ યોજના પાછળ જેટલો ખર્ચ થશે, તેના પ્રમાણમાં લાભ ઓછો થશે. આર્થિક રીતે લાભ-ખર્ચનો આંક તો અવળો છે જ; પણ બંધનાં સામાજિક અને પર્યાવરણીય પાસાં પણ અપવ્યયકારી હશે.

(ડ) ઉત્તરોત્તર યોજના ખર્ચનો આંકડો ચારથી વધીને પાંચ આંકડા (રૂા. ૬,૪૦૦ કરોડથી રૂા. ૧૧,૦૦૦ કરોડ તો થઈ જ ગયો છે) સુધી તો પૂગી જ ગયો છે. આવડી જંગી રકમ કયાંથી લાવશો ? ને ગુજરાતમાં હજુ વિલંબમાં કે વિસારે પડેલી અધૂરા નાના-મધ્યમ કદની યોજનાને તો પૂરી કરો. આમ, યોજના આર્થિક રીતે સક્ષમ છે કે નહિ, તથા તેનાં સાધનો ઊભાં કરવાં અને તેનો સમુચિત ઉપયોગ કરવા અંગેની દલીલો પણ થઈ છે. ખાસ કરીને પૂણેના અર્થશાસ્ત્રી ડૉ. વિજય પરાંજપેએ આ મુદ્દા પર લખેલા પુસ્તકમાં યોજના સામેનાં તારણોને યોજના-વિરોધીઓએ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ ખૂબ ચગાવ્યાં છે.

(ઇ) આ ઉપરાંત યોજના અંગે પહેલેથી જ ઠોસ માહિતી મેળવીને, વિસ્થાપિતોના પુનર્વાસ કે પર્યાવરણીય અસરો અંગે પૂર્વહેવાલો મેળવીને યોગ્ય આયોજન થયું નથી, એવી ટીકા પણ થઈ છે.

(૩)

આવી બધી ટીકાઓ ઊઠી તે સારું જ થયું, કારણ કે તેથી સરદાર સરોવર યોજનાની ક્ષતિઓ કે તેના કોઈ નબળાં પાસાં અંગે રાજય સરકાર, ભારત સરકાર, નર્મદા નદી અંગેની બધી યોજનાઓનું સમીક્ષાત્મક સંકલન કરતી નર્મદા વૅલિ ઑથોરિટી તેમજ વિશ્વ બેંકનું વિશેષ ધ્યાન દોરાયું. દા.ત. વિશ્વ બેંકે આવા ટીકાત્મક મુદ્દાઓ અંગે મુખ્ય બંધ, મુખ્ય કૅનાલ તેમજ પુનર્વાસિત નવાં ગામોમાં વસાવાએલાં અસરગ્રસ્તોની મુલાકાત લઈને પોતાનાં સૂચનો ભારત સરકાર અને રાજય સરકારને આપ્યા[2] છાપાં, સામયિકો જેવા મિડીઆમાં તેનાં




કેબલ ક્રેઈન : વિશ્વના બંધો સૌથી આધુનિક ટેકનોલૉજિનો ઉપયોગ કરીને, સૌથી વધુ સીમેન્ટ કૉંક્રિટના વજનવાળું ક્રેઈન સૌથી વધુ ઝડપે માલ ઠાલવે છે.

---

૧. અહમદ પટેલનો વડા પ્રધાન,પર ખાનગી પત્ર અને તેનો ઉત્તર ૧૩-૪-૮૮ અપ્રસિદ્ધ) તથા અહમદ પટેલ સાથેની મુલાકાત.

૨. લેખકના પેપર, "સમ ક્રિટિકલ ઇસ્યૂઝ અરાઉન્ડ નર્મદા પ્રોજેક્ટ,' સેમિનાર (વલ્લભવિદ્યાનગર), ૭-૮ માર્ચ ૧૯૯૦.



સરદાર સરોવર બંધ : ૨૦ ટકા જેનું કામ થઈ ગયું છે.

મહત્ત્વનાં પાસાંની વિગતો/વિચારો ટીકા સહિત ચર્ચાયાં. તેને સરદાર સરોવર નર્મદા નિગમે તથા ગુજરાતની સરકારોએ ખુલ્લું મન રાખીને યોગ્ય સૂચનો સ્વીકાર્યાં, પોતાની નીતિને તે પ્રમાણે સુધારી. ને તેથી સરદાર સરોવર યોજના એ દેશની આ ક્ષેત્રની યોજનાઓમાં સૌથી પરિપકવ, સૌથી વધુ વિકાસ-અભિમુખ યોજના બની રહે તેમ છે. એટલું જ નહિ પુનર્વાસની નીતિ અને તેના અમલ બાબત તેમ જ આવી અગાઉની યોજનામાં સંબંધિત લોકોની ભાગીદારી કે અવાજ હોવાની દૃષ્ટિએ- એટલે લોકભાગીદારીના ધોરણે- આ સૌથી વિકસિત કહી શકાય તેવી યોજના બની છે.

એક તો, શરૂઆતની ઉદાસીનતા પછી નર્મદા નિગમે અને બીજા તજજ્ઞોએ આ યોજના સામેના પ્રતીતિકર ઉત્તરો આપ્યા છે. દા.ત. અત્યાર સુધી ભારતની આ પ્રકારની યોજનાઓમાં વિસ્થાપિતોને તેમની ડૂબમાં જતી જમીન/મિલકતના વળતર પેટે રોકડ રકમ ચૂકવવામાં આવતી. આવી રકમ આદિવાસી/સીમાન્ત ખેડૂતોના વર્ગના હાથમાં આવે તે ગમે તેમ વપરાઈ જતી. અને એક વખતના આ ભૂમિધરો સડક પર આવી જતા ને મંજૂરી માટે શહેરોમાં ઊભરાતા, તે અનુભવ ભાખરા બંધથી ઉકાઇ બંધની યોજનાઓનો છે. આને કારણે આદિવાસીઓમાં તેમના સામૂહિક સ્વાસ્થ્ય માટે કામ કરતા ડૉ. અનિલ પટેલનું આર્ચ-વાહિની સંગઠન, રાજપીપળામાં ફાધર મેથ્યુની રાજપીપળા સોશ્યલ સર્વિસ લીગ વગેરે ડૂબમાં જતી જમીન, સદીજૂનું વતન ગુમાવનાર આદિવાસીઓની મુશ્કેલીઓથી પણ પરિચિત થાય. આવાં જાગૃત તળપદનાં સંગઠનોએ નર્મદા-પરિયોજનાનો વિરોધ કર્યો. આર્ચા-વાહિની ગુજરાત રાજ્ય સામે કોર્ટમાં ગઈ. સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકારની પુનર્વાસ નીતિની ટીકા કરી ને તે પછી ખુલ્લા મને મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીની સરકારે ટ્રિબ્યૂનલે સૂચવેલી 'જમીન સામે જમીન'ની નીતિ સ્વીકારી (ડિસેમ્બર, ૧૯૮૭).

દરમિયાન વિશ્વ બૅંકે પણ આર્થિક સહાયની એક શરતની પૂર્તિ રૂપે વિસ્થાપિતોને લાભદાયી થાય તેવો સિદ્ધાન્ત અપનાવવા આગ્રહ કર્યો. ગુજરાત સરકારે તે સ્વીકાર્યો. ને ઉત્તરોત્તર પુનર્વાસની આ નીતિ વધુ ને વધુ ઉદાર બનાવાતી ગઈ. નર્મદાયોજનાનો આર્ચવાહિની જેવાં સંગઠનોએ સરકાર અને નિમગના તંદુરસ્ત વલણની પતીજ પડતાં હવે સરિયામ વિરોધ છોડી દીધો. વળી, ગુજરાતમાં નિગમે સુખા, નવા પરવેટા, માલુ, કૃષ્ણપુરા એમ ૨૮ ગામો વસાવ્યાં. તેમાંય ગુભાલ ગામમાં તો મધ્ય પ્રદેશથી આવેલાં ૨૨૫ ઉપરાંત કુટુંબો વસ્યાં છે. જેમ જેમ મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં સ્થળાંતરથી થતા લાભો અંગેની જાણ અને સમજ ત્યાંના વિસ્થાપિતોમાં પ્રવર્તવા માંડશે તેમ તેમ તેઓ નર્મદા ધરણગ્રસ્ત સમિતિ વગેરે દ્વારા ક્રમશ: આદિવાસીઓ ને બીજા વિસ્થાપિતો પુનર્વાસ માટે તૈયાર થતા જશે. અલબત્ત, પુનર્વાસનો પ્રશ્ન સરળ નથી. હજારો વિસ્થાપિતોને સમજાવીને, તેમને મૂળ વતન છોડીને સ્થળાંતર માટે તથા નવા ગામમાં વસવા માટે સમજાવવાથી માંડીને તેમની પસંદગીની જમીન મળે, ડુંગરી જમીનને બદલે મેદાની જમીનની ખેતી વિશે તેઓ સમજ કેળવે, સધિયારા સાથે પિયતથી થતી ખેતી અને પાક ઉગાડવાની પેટર્ન સમજતા થાય; ઘણાને પ્રથમ વાર શાળાશિક્ષણ ઉપલબ્ધ થાય, આરોગ્ય-સુવિધા સુલભ બને- પુનર્વાસની આવી પ્રક્રિયા દરમિયાન નિયોજકો અને પુનર્વાસિતો માટે અનેક પેચીદા પ્રશ્નો ઊભા કરે છે. પણ રાજ્ય સરકાર અને નર્મદા નિગમે સ્વૈચ્છિક સંગઠનોના સહકારથી આ બાબતમાં માનવતાભર્યો અભિગમ અપનાવ્યો છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રતિબદ્ધ કર્મશીલોના યોગદાન વિના ગુજરાત પુનર્વાસનું આવું જટિલ કાર્ય વિશ્વાસપૂર્વક આગળ વધારીને બીજાં રાજ્યોને તેનો દાખલો પૂરો પાડી શકત નહિ.

પર્યાવરણીય જાળવણી બાબત પણ વિશ્વ બૅંકની સૂચના અને પર્યાવરણવાદીઓની આશંકા બંનેનો ખ્યાલ રખાયો છે.[1] સરદાર સરોવરની મુખ્ય નહેર જ નહિ બધી જ નહેરોને 'કેનાલ લાઈનિંગ' દ્વારા એવી રીતે તૈયાર કરવામાં આવનાર છે કે જેથી અગાઉની આવી (ઉકાઇ યોજના સહિત) યોજનાઓની નહેરોમાંથી પાણી ચૂઈને બહાર જતું, ને જમીનને પાણીપોચી કરે કે ક્ષાર બહાર-ઉપર લાવતી તે વિપરીત અસરને અટકાવી દેવાઈ છે. ઓરસંગ નદી આગળની મુખ્ય નહેરની લાઈનિંગ તો થઈ પણ ગઈ છે. (આવી લાઈનિંગથી થનાર રૂ. ૩૫૦ કરોડનો ખર્ચ યોજનાના મૂળ અંદાજમાં નહોતો. તેથી યોજના બાબત પાછળથી સુધારા માટે આવી માગણી વધતાં તથા આંદોલનને કારણે વિલંબ થતો રહ્યો છે, યોજનાખર્ચનો મૂળ અંદાજ વધતો ગયો, તેના દોષનો ટોપલો પછી યોજનાના નિયોજકો પર ઢોળી દેવામાં યોજના-વિરોધીઓ કુશળ છે !) જો કોઈ નહેરની આજુબાજુ કોઈ કારણસર પાણી ઝમે તો તેને ખેંચી લઈને પાછું તેને નહેરમાં ઠાલવવાની પદ્ધતિ

૧. ડિપાર્ટમેન્ટ ઑફ પૉલિટિકલ ઍન્ડ સેન્ટર ફૉર ડેવલપિંગ ઍરિયાઝ સ્ટડીઝ હલ યુનિવર્સિટી (હલ, ઇંગ્લૅન્ડ)માં લેખકે આપેલા સિનિયર ફૅકલ્ટિ સેમિનારનો પેપર (હાલ યુનિ. દ્વારા પ્રસિદ્ધિ માટે), ૧૯૯૦.

પણ અપનાવાઈ છે. ફેરકુઆથી બડવાની ખીણના રસ્તા પર પ્રવાસ કરનારને એ ખ્યાલ આવશે કે આ વિસ્તારમાં જંગલ જેવું ભાગ્યે જ દેખાય છે. અરે, સારો ફેલાવ કે છાયા આપતાં પાન ધરાવતાં વૃક્ષો પણ જૂજ દેખાય છે. તો ય જે વૃક્ષો કપાશે તેનાં કરતાં ૪૦ ગણાં વૃક્ષો વાવવાની યોજના ગરુડેશ્વર અને અન્યત્ર અમલમાં મુકાઈ ગઈ છે. વિશ્વ બૅંકના હેવાલમાં જણાવાયું છે તેમ હમણાં એ વનકટાઇના વિસ્તારમાંથી જેટલું લાકડું મળે છે તેનાથી ૧૦૦ ગણું લાકડું વનીકરણ અને પૂરક વનીકરણથી મળશે. નહેરો થતાં તેની આજુબાજુ ખેડૂતો-ગામવાસીઓ સહજ રીતે જ વૃક્ષો વાવશે. તેને કારણે પ્રાણવાયુનું સર્જન કરતાં સૂક્ષ્મ કક્ષાએ ફોટો-સિન્થેટિક પ્રક્રિયા વધશે. ઉપરાંત નહેરના પાણીનું બાષ્પીભવન આજુબાજુ હવામાં ભેજને પણ વધારશે.

યોજના પાછળના ખર્ચ કરતાં લાભ ઓછો થશે તેવી ડૉ. પરાંજપે વગેરેની તર્કપૂર્ણ ગણાવાએલી દલીલોની આંતરિક વિસંગતતાને વિશ્વ બૅંકના અર્થશાસ્ત્રી નેલ્સને એક એક મુદ્દો લઈને છેદી નાખી છે.[1] તે ઉપરાંત ડૉ. યોગેન્દ્ર અલઘ, ડૉ. વી. એમ. પટેલને તેના દિલ્હીમાં જાહેર સેમિનારમાં ઉત્તરો આપ્યા છે. પીઢ અર્થસાસ્ત્રીઓમાં કોઈ યોજના-વિરોધીઓની આ દલીલોને ગંભીરતાથી લેતું નથી.[2]

*

૧૯૮૦ના દશકાના મધ્યભાગમાં ગુજરાત સરકાર યોજનાની પર્યાવરણ જેવી મહત્ત્વની અસરો વિશે વિશ્લેષણ કરતાં પૂર્વઅભ્યાસો (એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એનેલિસીસ) પૂરતી રીતે કર્યા વિના બંધનાં બાંધકામ શરૂ કરવા આગવ ધપતી હતી. પણ જાહેર હિતજૂથો કે સ્વૈચ્છિક સંગઠનોના વિરોધી તથા કેન્દ્રના પર્યાવરણ-વન મંત્રાલયની ટીપ્પણી પછી યોજના પંચ અને વિશ્વ બૅંક તરફથી નર્મદા યોજનાના ચાલકો અને અધિકાર તંત્રો પર શરતો રૂપે યોગ્ય દબાણ આવ્યાં. ગુજરાત સરકારે અને સરદાર સરોવર નિગમે આવી શરતોને યોગ્ય સંદર્ભમાં સમજીને, સ્વીકારીને યોજના બાબતે તે જે ક્ષતિઓ બતાવાઈ કે તેના અમલમાં જે નબળાઈ પ્રવર્તતી દેખાઈ, તેને દૂર કરવા ઝડપી અને વ્યવસ્થિત પગલાં પણ લીધાં, ને લે છે.

આમ, સરદાર સરોવર નિગમે ઉપરથી વિશ્વ બૅંક તથા કેન્દ્રીય અધિકાર તંત્રોના તથા નીચેથી તળપદનાં સ્વૈચ્છિક સંગઠનોના દબાણે યોગ્ય પ્રતિભાવ આપવામાં ખુલ્લું મન રાખ્યું છે. આને કારણે આ યોજના ખૂબ ચર્ચાવા, ટિપાવા સાથે સુધારાઈને વિકાસની દૃષ્ટિએ એક પુખ્ત યોજના બનતી જાય છે. આથી જ શરૂઆતમાં તેની કેટલીક મહત્ત્વની નીતિઓ સખત વિરોધ કરનારા તળપદનાં લોકસંગઠનો તેના અમલમાં સહકાર આપવા તરફ વળ્યાં છે. સંઘર્ષને બદલે રચનાત્મક માર્ગ તેમણે અપનાવ્યો છે.

(૪)

પણ કેટલાક મોટા બંધમાત્રના વિરોધ કરતાં સૂત્રજડ કર્મશીલો તથા કટ્ટરપંથી પર્યાવરણવાદીઓ (Eco-fundamentalists) યોજનાનો સદંતર વિરોધ કરવાનું ચાલુ રાખે છે. તેમની રીતરસમો કેવી છે ?

પહેલાં મેધા પાટકર પુનર્વસવાટના પ્રશ્નો સમજવા તથા અસરગ્રસ્તોને સહાય કરવા અમદાવાદની 'સેતુ' સંસ્થા સાથે મળીને કામ કરતાં હતાં. પણ પછી પુનર્વાસની નીતિ અને અમલનો ડગલે ને પગલે વિરોધ કરવા તેમણે વિવિધ સ્થળોએ અસરગ્રસ્તોની સમિતિઓ નીમી તેમનું વિરોધ-આંદોલન પ્રયોજ્યું.

પહેલાં યોજના-વિરોધીઓ માત્ર બંધના સરોવર અને સ્રાવ પ્રદેશમાં જેમની જમીન ડૂબમાં જનાર છે, તેમને નવી જમીન આપવા માટે માગણી કરતા હતા. પછી મુખ્ય કૅનાલને કારણે જેમની જમીન ડૂબમાં જશે, તેમને માટે જમીન આપવા માટેની માગણી કરી. પછી બીજી સિંચાઈ નહેરો, નાનીમોટી સિંચાઈ વાહિકાઓના નેટવર્કથી, બાંધકામોને કારણે જેમને પ્રતિકૂળ અસર પહોંચે તેમ છે, તેમને સંગઠિત કરવા માંડ્યા, હવે જેમની જમીન સરકારે અસરગ્રસ્તોના સૂચનથી પુનર્વાસ માટે ખરીદવા માંડી છે, તેના પર કામ કરતા ખેડૂતો માટે પણ પુનર્વાસની નીતિ વિસ્તારવા માટે યોજના-વિરોધીઓએ માગણી કરવા માંડી છે. બીજી બાજુ, મધ્યપ્રદેશમાં અસરગ્રસ્તોને પુનર્વાસની નીતિ અંગે સાચી માહિતી જ નહિ મળે, તે માટે ફેરકુઆ ઘટનામાં પીછેહઠ કર્યા પછી 'હમારા ગૌંવ, હમારા શાસન' એ આંદોલન પ્રમાણે પુનર્વાસ માટે ત્યાં સમજાવવા જનાર યોજના-સમર્થક કર્મશીલોને તેઓ પ્રવેશવા દેતા નથી.[3] આમ છતાં છેલ્લા બે માસમાં સરદાર સરોવર બંધનું બાંધકામ પહેલાં કરતાં બમણી ગતિથી આગળ વધવા માંડ્યું. છે. ત્યારે યોજના-વિરોધીઓએ મધ્ય પ્રદેશમાંથી પુનર્વાસ માટે અસરગ્રસ્તોને જ અટકાવી દેવાનો વ્યૂહ રચ્યો છે.

૧૯૮૮માં વિરોધીઓ એમ કહેતા હતા કે પુનર્વસવાટની યોજના પૂરી કરવી જ અશક્ય છે. પછી કહે કે બે લાખ ઉપરાંત અસરગ્રસ્તોને નવેસરથી વસાવવા માટે ગુજરાત સરકાર પાસે જમીન જ ક્યાં છે ? પછી જમીન મળી તો જમીન સારી, ખેડલાયક નથી એવી આખા પરવેશ ગામના બેએક પથરાળ પ્લૉટોને બતાવીને પ્રચાર કરવા માંડ્યો. આવી જમીન ખાનગી માલિકો પાસેથી સરકારને મળવા લાગી તો કહે કે સરકાર તો મૂડીવાડી જમીનમાલિકોને વધુ પડતા ભાવ આપી દે છે. ગેરમાહિતી અને ગોબેલ્સ ઢબના પ્રચારનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

પહેલાં ડભોઈ પાસે મોટી જમીન મળે તેમ છે તેવી જમીન જ ક્યાં છે ? તેવી વાત વિરોધીઓ તરફથી વહેતી થઈ હતી. પછી

---

૧. (અ) 'રિવ્યૂ ઑફ સરદાર સરોવર (નર્મદા) પ્રોજેક્ટ- ઇકોનૉમિક એનેલિસીસ,' (એગ્રિકલ્ચર ડિવિઝ, વર્લ્ડ બેન્ક), ૧૬ ડિસેમ્બર, ૧૯૯૦
(બ) 'કૉમેન્ટરિ ઑન ધ બુક હાઇ ડેમ્સ ઑન નર્મદા બાય વિજય પરાંજપે' (ઇન્ડિયા એગ્રિકલ્ચર ઑપરેશન ડિવિઝન, વર્લ્ડ બેન્ક), -સપ્ટેમ્બર, ૧૯૦૦.
૨. અર્થશાસ્ત્રીઓઓ સાથેની ચર્ચામાંથી આ ફલિત થતું.
૩. શ્રી ચુનીભાઇ વૈદ્ય, શ્રી કાંતિલાલ શેઠ ('ચૌથા સંસાર,' હિન્દી દૈનિકના પત્રકાર), વગેરે સાથે ચર્ચા દરમિયાન જાણવા મળેલી માહિતી.

તો સરદાર સરોવર બંધની પાછળ વડગામ, ગઢેડ વગેરે ડૂબમાં જનાર ગામોના આદિવાસીઓ પોતે સરકાર તરફથી સંપાદિત થતી ડભોઈ પાસેની આવી જમીન જોઈ આવ્યા, ત્યારે જૂન ૧૯૯૦ થી તેમણે ધીમે સૂરે એવું કહેવા માડ્યું છે કે ગુજરાતના અસરગ્રસ્તોને તો સરકાર/નિગમ થાળે પાડશે, પણ બીજાં રાજ્યોનું શું ? ગુજરાતના અસરગ્રસ્તોને તો સમગ્ર યોજનાથી અસરગ્રસ્ત થનાર વિસ્થાપિતોના માંડ ૨૦ ટકા જેટલા થાય છે. (ખરેખર તો, છેલ્લા સુધારેલા અંદાજ પ્રમાણે સરોવર હેઠળ ડૂબમાં જવાથી તથા ચોમાસું પાણી પાછું (Backwaters) ઠેલાવાના કારણે શાખા-નદીઓની સપાટી વધતાં ડૂબમાં જતી જમીનના ઉમેરાથી પણ અસરગ્રસ્ત થનાર કુટુંબોની સંખ્યા આશરે ૨૧,૦૦૦ જેટલી થવા જાય છે, જે પૈકીનો મોટો ભાગ મધ્ય પ્રદેશના રહીશોનો છે. છેલ્લો ચોક્કસ આંકડો હજુ અંદાજવો મુશ્કેલ છે. પણ પૂરતી તપાસ અનુસાર તેમનાં અર્ધોઅર્ધ કુટુંબો ગુજરાતમાં આવવા તૈયારી બતાવશે એવો અંદાજ બાંધી શકાય તેમ છે. આમ, ગુજરાતમાં બધાં મળીને ઓછામાં ઓછાં કુલ ૧૨,૦૦૦ જેટલાં કુટુંબોના પુનર્વાસની વ્યવસ્થા કરવાની રહેશે.[1] જો કે મધ્યપ્રદેશમાં નર્મદા સાગર અને સરદાર સરોવરને કારણે જેમની ફળદ્રુપ જમીન ડૂબમાં જનાર છે તે, તથા આદિવાસીઓની જમીનનો માલિકી-ઉપયોગ કરનાર તાલેવંત અને શક્તિશાળી લોકોને જમીન નહિ છોડવાનું કહી, તેમની સાથે મળી જનાર તો શ્રમિકોને નામે વાત કરનાર યોજના-વિરોધી સંગઠનો જ છે !

આ જ પ્રમાણે પહેલાં અમેરિકન કૉંગ્રેસ અને વિશ્વ બેંક સમક્ષ મેધા પાટકરે મૂકેલી ૩૮ માગણીઓના મેમોરેન્ડમની ૧૫ નંબરની માગણી એ હતી કે મહારાષ્ટ્રના અસરગ્રસ્તોને ત્યાં જ વસાવવા માટે જરૂરી જમીન સુલભ નહોતી, તેથી વિશ્વ બેંકે ભારત સરકારને વનસંરક્ષણ ધારા (૧૯૮૦) ને અન્વયે ધૂળે નજીકની જંગલની જમીન પુનર્વાસ માટે અપવાદરૂપે છૂટી કરવા મહારાષ્ટ્ર સરકારને આદેશ આપેલો જ. ને પછી ધારણા કરતાં ઊલટું આ રીતે વિશ્વ બેંક ભારત સરકારને દબાણ કરવા માટે તૈયાર થશે, એમ લાગતાં તે સામે કાગારોળ કરવાનું શરૂ થયું. યોજના-વિરોધીઓની ખૂબી એ છે કે એક બાજુ અસરગ્રસ્તોને જમીન કેમ મળતી નથી તેનો ગોકીરો મચાવે છે. તો ધૂળે પાસેના ઘસાઈ ગયેલ નામમાત્રમાં જંગલો કહેવાય (degrdaded forestland) એવો શબ્દપ્રયોગ તેઓ જ કરે ને તેવી જમીન છૂટી કરવાની માગણી કરે ને જૂન ૧૯૯૦માં નવી દિલ્હીએ તે જમીન છૂટી કરી ત્યારે તેનો વિરોધ કરી, ત્યાં ગેરકાયદેસર વસેલાં લોકોને વનભૂમિ ખાલી નહિ કરવાને આંદોલિત કરે છે.

તે જ રીતે તેમને વિદેશમાં અસરકારક ટેકો આપતાં વિદેશી સ્વૈચ્છિક સંગઠનોની વાત લઈએ. અમેરિકાના એન્વાર્યમેન્ટ ડિફેન્સ ફંડના બોરી ઉદાલે અમેરિકન કૉંગ્રેસ (સંસદ)ની સબકમિટી સમક્ષ નર્મદા યોજના વિશે જે રજૂઆત કરી તે રિપોર્ટ જૂન ૧૯૮૮ની તારીખનો હતો, જેમાં ગુજરાતની પુનર્વાસનીતિ અને આદિવાસીઓ વિશે ભીની લાગણીભરી રજૂઆત હતી, પણ આ રજૂઆતના છ માસ પહેલાં જ, ડિસેમ્બર ૧૯૮૭માં ગુજરાત સરકારે અસરગ્રસ્તોને સારી, પાંચ એકરની પિયતની જમીન આપવાની પુનર્વાસની નવી ઐતિહાસિક નીતિ અપનાવવાની જાહેરાત કરી હતી, તેનો ઉલ્લેખ સરખો પણ તેમાં નહતો કર્યો ! આદિવાસીઓના પુનર્વાસના માનવીય અને નૈસર્ગિક હક માટે લડનાર આર્ચવાહિની જેવાં સંગઠનોએ સંઘર્ષ પછી વિકસેલી આવી ઉદાર નીતિને આવકારી, તેનો પણ તેમાં ઉલ્લેખ નહોતો.

આવું જ બાબા આમ્ટેએ પ્રસિદ્ધ કરેલ "Cry, the Beloved Narmada" અંગે થયું છે. બાબાએ આ પુસ્તક જુલાઈ ૧૯૮૯માં પ્રસિદ્ધ કર્યું હતું ને તેમાં નર્મદા વેલિ ઑથોરિટીના ૩ જૂન, ૧૯૮૮ના હેવાલમાંથી એવો ઉતારો ટાંક્યો હતો જેમાં "ગુજરાતમાં સરદાર સરોવરના વિસ્થાપિતો માટે જમીન ઉપલબ્ધ નથી," એવું નિરીક્ષણ હતું. પણ તે પછી (ને બાબાની પુસ્તિકાના પ્રકાશન પહેલાં) વિસ્થાપિતો, તેમના પુખ્ત વયે પહોંચેલા પુત્રો, ડૂબમાં જતી જમીન પર ગેરકાયદે વસનારાઓ તેમજ ખુદ ભૂમિવિહોણાં હોય એવાં ૧,૯૦૦ કુટુંબોને તો સરકારે તેમની પસંદગીની પાંચ એકર જમીન પુનર્વાસ માટે સોંપી દેવાની વિધિ પતાવી દીધી હતી, તે હકીકતનો ઉલ્લેખ જ નહિ ! વિશ્વ બેંકના થેપર સ્કડર, નર્મદા વેલિ ઑથોરિટી કે કેન્દ્રના વનખાતાના ટીકાત્મક હેવાલના (જાહેર નહિ થયા હોય તેવા) કેટલાક ભાગને પસંદગીને ધોરણે જાહેર કરી દેવા, પણ સ્થળ પરની નક્કર હકીકતોને દાબી દેવી. આવાં તો ઘણાં દષ્ટાંતો disinformation અને misinformationના બાબા અને પરાંજપે વગેરેનાં લખાણોમાં છે.[2] તળપદનાં સંગઠનો, તેમજ રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય બિનસરકારી સંગઠનોના લિન્કેજીસ તેમજ અંગ્રેજી વૃત્તપત્રના એક વિભાગની યોજનાવિરોધી ભૂમિકાએ સરદાર સરોવર પ્રોજેક્ટ એક પરિપકવ, વિકાસલક્ષી પ્રોજેક્ટનો મોડેલ બની શકે તેમ છે, તે શક્યતાને વિસારે પાડવામાં ઠીક ઠીક સફળ થયા છે.

(૬)

આવા શક્તિશાળી અને વ્યવસ્થિત વિરોધ છતાં સરદાર સરોવર યોજના આગળ વધતી રહી છે, તેનાં શાં કારણો છે ?

એક તો, ગુજરાત પાણીતરસ્યો પ્રદેશ છે. તેનો કુલ વિસ્તાર અને વસતીનો ખૂબ મોટો ભાગ દુકાળગ્રસ્ત વિસ્તાર રહ્યો છે. ખુદ નર્મદાના સિંચાઈ-વિસ્તારનો પણ ૭૫ ટકા જેટલો ભાગ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર ગણાયો છે. તેનાં ભૂગર્ભજળ ખૂબ ઊંડાં ઊતરી ગયાં છે. તેની

---

૧. નર્મદા અભિયાન અને શ્રી સનત મહેતાની રજૂઆતને આધારે, ૩-૩-૯૧ને દિને અમદાવાદમાં ગાંધી શ્રમસંસ્થાનમાં યોજાયેલ સેમિનારમાં

૨. વાહિની આર્ચ : "રિહેબિલિટેશન એન્ડ રિસેટલમેન્ટ ઈન સરદાર સરોવર પ્રોજેક્ટ : આર ૫ ક્રિટિક રાઈટ ?" (સેમિનાર, વલ્લભ વિદ્યાનગર), ૭-૮ માર્ચ ૧૯૭૧.

પાણીની જરૂર માત્ર કાયમી જળસ્રોત ધરાવનાર એકમાત્ર નર્મદા નદી જ છે, જેનાં પાણીનો જથ્થાનો ૯૫ ટકા તો સાગરમાં વહી જવા દેવાય છે. છેલ્લાં ત્રણ વર્ષ લાંબા દુકાળે ગુજરાતના મનોપટ પર નર્મદા યોજનાનું મહત્ત્વ જ નહિ, પણ તેની અનિવાર્યતાને બરાબર અંકિત કરી દીધી છે.

બીજી બાજુ નાના બંધો અને વિકેન્દ્રિત યોજનાને નામે જે વિકલ્પો સૂચવાયા છે તે નથી શક્ય કે નથી સક્ષમ. આ વિશે વિશ્વ બૅંકે પણ એનો હેવાલ આપી દીધો છે. નાના બંધો-તળાવોમાં ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પાણી ભરાતું નથી. નાના જળસ્રોતોમાં જેટલી જમીન ડૂબમાં જાય તેથી બહુ જ ઓછી જમીનને સિંચાઈ આપી શકાય છે. જ્યારે મોટા બંધોમાં ડૂબમાં જતી જમીનના પ્રમાણમાં લગભગ ૨૦ ગણી જમીનને સિંચાઈનો લાભ આપી શકાય છે. વળી, જ્યારે પાણીની સૌથી વધુ ખેંચ વર્તાય છે તે ઉનાળામાં ને તે પહેલાં જ તળાવ, નદી, વહેળા, નાના બંધો વગેરે સુકાઈ જતાં હોય છે.

આથી જ ગુજરાતનાં લોકો અને સરકાર આ યોજનાને સાકાર કરવા માટે એકમત છે. નર્મદાનો પ્રશ્ન જ એવો છે જે બાબત ગુજરાતના લોકો, વિવિધ રાજકીય પક્ષો અને સરકાર એકમત થયા હોય, અને ખુદ કેન્દ્ર સામે પણ નિર્ભીક રજૂઆત કરવા તૈયાર થયા હોય. નર્મદા-યોજના ગુજરાતના પ્રાણહિતનો જીવનઝરો છે. ગુજરાતની નવી અસ્મિતા, તેના પ્રાદેશિક હિતની અભિવ્યક્તિ આથી જ એક સુરેખ આત્મ-ઓળખના રૂપમાં નર્મદાયોજના દ્વારા પ્રકટી છે. ગુજરાતમાં, ગુજરાત બહાર અને ભારત બહારના ગુજરાતીઓને આ પ્રશ્ન પર એક કરવામાં તથા તેમના સહકાર માટે સૌને "મૉબિલાઈઝ" કરવામાં ચિમનભાઈ પટેલ સફળ થયા હોય તો તેના મૂળમાં ગુજરાતની આત્મઓળખની આ નવી પરિણામગામી છતાં ઊર્મિલ રૂપ ધારણ કરતી ઘટના છે.

ને ગુજરાતના અધિકાર તંત્રોએ પણ બીજાં રાજ્યો કરતાં પુનર્વાસ અને પર્યાવરણની નીતિને આકારવામાં તેમજ તેનો અમલ કરવામાં તેની લાક્ષણિક સંચાલનક્ષમતા બતાવી છે, તે કેન્દ્રના પર્યાવરણ-વન મંત્રાલય, નર્મદા વેલિ ઑથોરિટી, ઓક્સફામ તથા ખુદ યોજના-વિરોધીઓએ, વિદેશમાં રજૂ કરેલ હેવાલોને આધારે કહી શકાય તેમ છે.[1]

ને સૌથી મહત્ત્વનું એ છે કે આ યોજનાની વિવિધ નીતિનો અમલ કરવામાં, તે અંગેની નબળાઈઓ બતાવવામાં, અમલદારી, સરકારી સંસ્કૃતિ માટે સહજ એવા દૂષણો સામે સંઘર્ષ કરવા માટે યોજનાને સહકાર આપવા છતાં તેનું આદિવાસીઓના હિત અને હક માટે લડવાને અગ્રના આપતાં રચનાત્મક સ્વૈચ્છિક સંગઠનો યોજનાને સહકાર આપવા સાથે તેનું મૉનિટરિંગ પણ કરી રહ્યાં છે. તેઓ નકરા "વિરોધવાદ"ને બદલે યથાવશ્યક સંઘર્ષ-રચના અને પરિવર્તનનો અભિગમ અપનાવી રહ્યા છે. આને પરિણામે જ આ યોજનાએ અત્યાર સુધી ભારતીય વિકાસમોડેલની જેમ વિકાસ વિરુદ્ધ પર્યાવરણ કે અગ્રવર્ગીય વિકાસ વિરુદ્ધ આમવર્ગના અપવિકાસની ઘટનાનું પુનરાવર્તન નહિ કરે, પણ પર્યાવરણ સહિતના વિકાસનું મોડલ બની શકે તેમ છે. આ યોજનાથી આદિવાસીઓ અભૂતપૂર્વ રીતે પોતાના હક માટે આત્મવિશ્વાસુ અને જાગૃત બની શક્યા છે, તે પાયાની વિકાસપ્રક્રિયા છે.

'નર્મદા અભયાન્વયી' ઉપરાંત ઉભયાન્વયી પણ બને તો આ યોજનાના સમર્થકો અને વિરોધીઓ વચ્ચે સતત ખુલ્લા મનથી ચાલતા સ્વસ્થ સંવાદનું વાયુમંડળ ઊભું કરવું પડશે. જેમને યોજનાની અસર થનાર છે તેમની ભાગીદારી સાથે તૈયાર થતી, માનવીય ચહેરા સાથેની આ યોજના ભારત માટે જ નહિ, ત્રીજા વિશ્વ માટે પણ વિકાસ-મોડેલ બની શકે તેમ છે. આ શક્યતાને સમજીને સુજ્ઞ વિચારકો અને કર્મશીલો તેને મૂલવે તે જરૂરી છે.

વિકાસ-યોજાઓના ભૂતકાળના ખરાબ અનુભવો પરથી નર્મદા યોજના વિશે પણ શંકા સેવાય તે તર્કસંગત છે, પણ ગુજરાત એ અનુભવમાંથી શીખ્યું છે- પુનર્વાસ, પર્યાવરણ અને બંધના ટેક્નોલૉજિનાં પાસાં બાબતમાં ભૂલોમાંથી શીખીને નવી યોજનાને હેતુલક્ષી અને કાર્યસાધક બનાવવાની માનવીની શક્તિમાંથી વિશ્વાસ ખોઈ દેવાનું આપણને પોષાય તેમ નથી. નર્મદા યોજના માનવીની અખૂટ શક્તિ અને વિકાસક્ષમતાનું દષ્ટાંત બની શેક તેમ છે. આશા અને અનુભવ બંને આપણને બળ આપે તેવાં છે. □

---

૧. લેખકના હેવાલ, "ડાઈનેમિક્સ ઑફ પબ્લિક પૉલિસી : ધ કેસ ઑફ નર્મદા પ્રોજેક્ટ" (નવેમ્બર, ૧૯૯૦)માં "પૉઈન્ટ્સ એન્ડ કાઉન્ટર પૉઈન્ટ્સ - અ સ્ટડી ઇન ઈન્ટરનેશનલ ઈન્ટરએક્શન પ્રકરણમાં આનાં દષ્ટાંતો આપ્યાં છે.

ઈશાવાસ્ય ઉપનિષદ

મન્ત્ર ૧૨, ૧૩, ૧૪

પૂર્વ ત્રણ મન્ત્રોમાં વિદ્યા અને અવિદ્યાના સમુચ્ચયની વાત કર્યા પછી હવે આ ત્રણ મન્ત્રોમાં કાર્યબ્રહ્મ અને કારણબ્રહ્મરૂપ વિષયના સમુચ્ચયનું ઋષિ પ્રતિપાદન કરે છે.

અન્ધન્તમ: પ્રવિશન્તિ યેઽસમ્ભૂતિમુપાસતે ।
તતો ભૂય ઇવ તે તમો ય ઉ સમ્ભૂત્યાં રતા: ॥ ૧૨ ॥
અન્યદેવાહુ: સમ્ભવાદન્યદાહુરસમ્ભવાત્ ।
ઇતિ શુશ્રુમ ધીરાણાં યે નસ્તદ્વિચચક્ષિરે ॥ ૧૩ ॥
સમ્ભૂતિં ચ વિનાશં ચ યસ્તદ્વેદો ભયં સહ ।
વિનાશેન મૃત્યું તીર્ત્વા સમ્ભૂત્યામૃતમશ્નુતે ॥ ૧૪ ॥

અન્ધમ્ તમ: પ્રવિશન્તિ - ઘોર અન્ધકારમાં પ્રવેશે છે; યે - જેઓ; અસમ્ભૂતિમ્ ઉપાસતે - અસમ્ભૂતિને ઉપાસે છે (અસમ્ભૂતિ- ૧ અવ્યક્ત, ૨ સમ્ભૂતિથી ઊલટું વિનાશ). તત:- તેના કરતાં; ભૂય:- અધિક; ઇવ - જેમ; તે - તેઓ; તમ: -અન્ધકાર - ય - જેઓ; ઉ-ભારવાચક - સમ્ભૂત્યાં - સમ્ભૂતિમાં, વ્યક્તમાં, ઉત્પત્તિમાં; રતા:- રત રહેલા.

જે લોકો અસમ્ભૂતિને એટલે કે ૧. નિરાકાર કારણ બ્રહ્મને જ, ૨ દેવદેવતાને હજી અપ્રાપ્ત અપ્રકટ સ્વર્ગાદિ સુખ માટે (જે પણ નાશવંત છે) ઉપાસે છે તે ઘોર અન્ધકારમાં પ્રવેશ પામે છે. અને જેઓ સમ્ભૂતિને કાર્યબ્રહ્મને, સાકાર નામરૂપાત્મક પદાર્થમાં રત રહે છે તે તો તેના કરતાંય અધિક ઘેરા અન્ધકારમાં પ્રવેશે છે. ૧૨

અન્યદ્ એવ આહુ: - બીજું કહેવાયું છે; સમ્ભવાત્ - સમ્ભૂતિથી; અન્યદ્ એવ આહુ: - જુદું જ કહેવાયું છે; અસમ્ભવાત્ - અસમ્ભૂતિથી; ઇતિ શુશ્રુમ ધીરાણામ્ યે નસ્તદ્વિ-ચચક્ષિકેરુ - એવું અમે ધીર પુરુષો પાસેથી સાંભળ્યું છે, જેમણે અમને સારી રીતે સમજાવ્યું છે.

તે સમ્ભૂતિથી જુદું તેમજ અસમ્ભૂતિથી જુદું છે એમ અમને કહેવાયું છે. ધીર, પ્રાજ્ઞ પુરુષો પાસેથી અમે આ સાંભળ્યું છે, જેમણે વ્યાખ્યા સહિત અમને સમજાવ્યું છે. ૧૩

સમ્ભૂતિમ્ ચ વિનાશં ચ - સમ્ભૂતિ અને વિનાશને; ય: -જે; તદ્ - તેને; વેદ - જાણે; ઉભયં - બન્ને; સહ - સાથે; વિનાશેન- અસમ્ભૂતિથી (ઉપર જણાવેલા બન્ને અર્થમાં); મૃત્યુમ્- મૃત્યુને, દુ:ખને; તીર્ત્વા - તરી જઈ; સમ્ભૂત્યા - સમ્ભૂતિ દ્વારા; અમૃતમ્ - આનંદને; અશ્નુતે- ભોગવે છે.

સમ્ભૂતિને અને અસમ્ભૂતિને, ઉત્પત્તિ અને વિનાશને. કાર્યબ્રહ્મને અને કારણબ્રહ્મને, ઉભયને જે યથાર્થ રીતે જાણે છે તે અસમ્ભૂતિ (અવ્યક્ત, વાસનાક્ષય) દ્વારા અભાવાદિ દુ:ખોને તરીને, જીવનમુક્ત થઈને, સમ્ભૂતિથી (આ સમગ્ર ચિદ્વિલાસથી, વિશ્વ-બ્રહ્માંડના મહારાસના ઉલ્લાસથી - તત્ સ્વરૂપે પોતાને લહી) પરમ આનંદની અનુભૂતિ કરે છે. મહામુદાને માણે છે. ૧૪

લઘુકથા

મદારી

—— પ્રતાપસિંહ હ. રાઠોડ 'સારસ્વત' ——

'હું નહોતી કહેતી કે જરા માપ રાખો? પણ તમે તો બધી વાતેય... વલ્લીમટકો, જુગાર ને અધૂરામાં પૂરું પીવાનુંય ચાલુ કર્યું. ગામ આખુંય ટીકા કરે છે.'

'તે મને કોઈ આલી ચલવે છે? કોઈના ખીસામાંથી થોડા પૈસા કઢાવું છુ?'

'પણ મારે ઘર કેવી રીતે ચલાવવું?'

'કોઈ કોઈનું નસીબ નથી લઈ જવાનું.'

'પણ બે દિવસ પહેલાં મોટા-મોટા ઠપકો કરવા આવ્યાંતા. પણ તમે તો એમનાં મોઢાં જ ચૂંટી ખાધાં. તો આજે ઉતરાણના સપરમા દા'ડે ગામમાં શું મોં લઈને જશો?'

હવે નારણગોર ખરેખર વિચારમાં પડી ગયા :

'પત્નીની વાત સાચી છે.' - પછતાવો થવા માંડ્યો :

'બે દિવસ પહેલાં જેઓનું અપમાન કર્યું છે, ઝઘડ્યો છું તેમને ત્યાં...?'

રમાગૌરી કપાળ કૂટતાં હતાં. ને નારણગોર 'પરભાતના પહોર'માં ય પરસેવે રેબઝેબ. ત્યાં ફળિયામાં રમતા તેમના દૌહિત્રને જોયો. ને પલવારમાં તેને તેડી લીધો. એમની દીકરીની કડવી યાદ ગળી જઈને પણ તે મલક્યા.

'શું હસતા હશો? મારા કાળજામાં તો ભડકા થાય છે ને તમારે તો...' રમાગૌરી ખિજાયાં.

'હવે ચિંતા નથી.' મલકાટ ચાલુ રાખતાં, નારણગોર બોલ્યા ને 'હં...' કહીને 'ભાણા' તરફ ઇશારો કર્યો.

રમાગૌરી 'આ માણસને' તાકી જ રહ્યાં! □

(પ્રથમ શ્લોકના, મંત્રના અનુસંધાનમાં આ બધા મન્ત્રોને જોતાં ઈશાવાસ્ય-દર્શન શ્રેય અને પ્રેયના સમન્વયનું દર્શન બની રહે છે.)

અસમ્ભૂતિ ઉપાસે તે પ્રવેશે તમસે ઘન,
આસક્ત સમ્ભૂતિમાંહીં એથીયે ઘોર ધ્વાન્તમાં. ૧૨
સમ્ભૂતિથી કહ્યું જુદું ને અસમ્ભૂતિનું જુદું,
અમે ધીરથકી સુણ્યું, દાખવ્યું જ્ઞાન જેમણે. ૧૩
સમ્ભૂતિ નાશ બન્નેને સંગ જાણે યથાર્થ જે
તરી વિનાશથી મૃત્યુ, માણે સમ્ભૂતિથી મુદા. ૧૪

રાજેન્દ્ર શાહ

□

પાગલો પાગલખાનામાં જ નથી હોતા

વિનોદ ભટ્ટ

એક માણસ કાર લઈને જતો હતો. અચાનક કારના આગળના પૈડામાં પંકચર પડ્યું. તેણે વ્હીલ બદલ્યું. તેની ગફલતને કારણે વ્હીલના છ બોલ્ટ બાજુની ગટરમાં પડી ગયા. તે મૂંઝાઈ ગયો. હવે? આજુબાજુ ક્યાંય ગૅરેજ દેખાતું નહોતું. થોડે છેટે બાંકડા પર એક માણસ બેઠો હતો. એની પાસે તે ગયો. ત્યાં જ તેની નજર બાંકડાની પાછળ લટકતા મેન્ટલ હૉસ્પિટલના પાટિયા પર પડી, એટલે તેણે એ માણસને પૂછવાનું માંડી વાળ્યું. તે પાછો ફરતો હતો એટલે પેલા માણસે પૂછ્યું: 'હું તમને મદદ કરી શકું?' કાર-ચાલકે પોતાની તકલીફ જણાવી એટલે પેલાએ સુઝાવ આપ્યો : 'પાછળના વ્હીલના ત્રણ બોલ્ટ આગળના વ્હીલમાં નાખી દો, અહીંથી બે કિલોમીટરના અંતરે એક ગૅરેજ છે, ત્યાંથી તમને જોઈતા બોલ્ટ મળી રહેશે...' આ સાંભળી કારચાલક આશ્ચર્યમાં પડી ગયો. પાગલખાનાના પાટિયા સામે જોતાં તેણે કહ્યું: 'તમે તો પાગલ જણાવ છો...', 'હું પાગલ જ છું...' પાગલે ચોખવટ કરી: 'પણ મૂર્ખ નથી...'

પાગલ માણસો આપણે ધારીએ છીએ એટલા બધા પાગલ ક્યારેય નથી હોતા - તેમના પાગલપણામાં ય ડહાપણ હોય છે...વન્સ અપૉન અ ટાઈમ ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં. કોઈ એક સવારે તેમણે આખાય ભારતવર્ષમાં ઇમર્જન્સિ - કટોકટી - દાખલ કરી દીધી. પ્રજામાં સોપો પડી ગયો. લોકો રાતોરાત ડાહ્યાં થઈ ગયાં, તે એટલે સુધી કે પાગલો પણ સમજી ગયા કે જાહેરમાં શું ના બોલાય - પાગલો પર ડહાપણનો હુમલો આવી ગયો એમ કહી શકાય. કહે છે કે આ ગાળામાં એક પાગલ ઈન્દિરાજીના મકાનની બહાર ઊભો ઊભો બરાડતો હતો: 'માત્ર એક જ વ્યક્તિને લીધે આખો દેશ પીડાઈ રહ્યો છે.' વડાપ્રધાનના એક અધિકારીએ તરત જ એ પાગલને પકડીને પોલીસને હવાલે કરી દીધો. તેને પોલીસચોકીએ લઈ જવામાં આવ્યો. પોલીસ ઈન્સ્પેક્ટરે પાગલના ગાલ પર એક જોરદાર થપ્પડ જમાવી દેતાં તેને પૂછ્યું : 'બદમાશ, તું કહેવા શું માગે છે? એક જ વ્યક્તિને કારણે આખો દેશ પીડાઈ રહ્યો છે એમ બોલવા પાછળ તારા મગજમાં કોનું નામ છે?' પાગલે રડતાં રડતાં જવાબ દીધો: 'હિટલર'. જવાબ સાંભળીને પોલીસ ઈન્સ્પેક્ટર હસી પડ્યો. તેને છોડી મૂક્યો. પોલીસ ચોકીમાંથી જતાં જતાં એ પાગલે પોલીસ ઈન્સ્પેક્ટર સામે આંખ મીંચકારી પ્રશ્ન કર્યો : 'સાચું બોલજો સાહેબ, તમારા મનમાં કોનું નામ હતું?'

□ આમ તો આખુંય વિશ્વ પાગલોથી ભરેલું છે, તેમને પાગલખાનામાં શોધવાની જરૂર નથી એવું જર્મન કવિ ગટેએ કહ્યું છે. કદાચ એટલે જ પાગલખાનામાંથી છૂટ્યા બાદ ઉર્દૂ વાર્તાકાર સઆદત હસન મન્ટોએ ઉદ્‌ગાર કાઢ્યા હતા કે નાના પાગલખાનામાંથી હું મોટા પાગલખાનામાં આવી ગયો છું.

હું ૫ ન્યૂ હાઈ સ્કૂલમાં ભણતો ત્યારે કસરતના પીરિઅડ માટે અમારે દિલ્હી દરવાજા બહારના ખુલ્લા મેદાનમાં જવું પડતું. આ મેદાનની પાછળ ગાંડાની હૉસ્પિટલ હતી. વચ્ચે તારની વાડ. કેટલીકવાર એવું બનતું કે મેન્ટલ હૉસ્પિટલની બહાર ફરતા પાગલો સામે અમે બધા વિદ્યાર્થીઓ કૌતુકથી જોતા, ને અમારી રમત-ગમતની પ્રવૃત્તિઓને પાગલો એટલા જ કુતૂહલથી નિહાળતા. ગમ્મત ખાતર ક્યારેક અમે તેમના પર કાંકરીચાળો કરતા, સામે એ અમને 'ગાંડા... ગાંડા...' કહી પથ્થરો મારતા. એ વખતે કશું સમજાતું નહોતું. આજે થાય છે કે ગાંડપણ અને ડહાપણ વચ્ચે માત્ર તારની એક વાડ જેટલું જ અંતર છે.

દુનિયાના ડાહ્યા, શાણા ને પાંચમાં પુછાનાર માણસો પણ ચોવીસે કલાક ડાહ્યા નથી હોતા એ વાતની આપણને ગાંધીજી, ટૉલ્સટૉય, આઈન્સ્ટાઈન, ચાર્લી ચૅપ્લિન, બર્નાર્ડ શૉ અને પિકાસો જેવા 'જિનિયસ' મહાનુભાવોના જીવનના તમામ પ્રસંગો ચકાસવાથી ખાતરી થઈ જશે.

મહાન ફિલસૂફ નિત્સે, ચિત્રકાર વાન ગોહ, વાર્તાકાર મોપાસાં, વ્યંગકાર જોનાથન સ્વિફ્ટ ને જર્મન સાહિત્યકાર સ્ટીફન ઝિવંગ - આ બધા એક સમયમાં જિનિયસ હતા, પણ પછી તે પાગલ જાહેર થયા ને કેટલાક તો એ અવસ્થામાં જ મૃત્યુ પામ્યા.... ડાયોજિનસ, ઍરિસ્ટૉટલ, પ્લેટો ને સોક્રેટીસ પણ પાગલ હતા, પરંતુ તે પોતાના ભ્રમોનું પૃથક્કરણ કરી શક્યા એટલે તે ફિલસૂફ કહેવાયા. (પોતે પાગલ છે એ જાણે તે ફિલસૂફ) રુડયાર્ડ કિપલિંગના મતે કોઈક ને કોઈક બિંદુએ દરેક માણસ પાગલ જ હોય છે.

માર્ક ટ્વેઈનનું વિધાન છે કે આપણે બધાએ યાદ રાખવું જોઈએ કે આપણે પાગલ બની જઈએ ત્યારે તમામ રહસ્યો અદૃશ્ય થઈ જાય છે અને જીવન સરળ થઈ જાય છે. એવી અનુભવવાણી પણ છે કે જીવનમાં આવતા અકસ્માતોમાંથી સફળતાપૂર્વક માર્ગ કાઢવા માટે આપણામાં કેટલીકવાર થોડુંક ગાંડપણ જરૂરી બને છે. કેટલીકવાર આપણને લોકો ગાંડા ના ગણે એ માટે ય આપણે અનિવાર્યપણે પાગલ થઈ જવું પડે છે. જે માણસ પ્રસંગોપાત ગાંડો થઈ શકતો નથી તે ડાહ્યો નથી એવું ટૉમસ ફ્યૂલટે બિનકેફ હાલતમાં લખ્યું છે, ને સદંતર ડાહ્યા હોવું એ બેવકૂફી છે એવું એક રશિયન કહેવતમાં કહેવાયું છે. માણસને ડાહ્યો બનાવવા કરતાં પાગલ બનાવવા તરફ અનેક વિદ્વાનોનો ઝોક છે.

બાલ્ટાસાર ગ્રેસીઅન સલાહ આપે છે કે એકલા ડાહ્યા રહેવા તાં જગત સાથે ગાંડા થઈ જવું વધારે સારું છે. આ વાક્ય લખતાં ખલીલ જિબ્રાનની એક ટચૂકડી કથા યાદ આવી ગઈ, જેમાં એક ગરના કૂવાનું પાણી પીનાર માણસ પાગલ થઈ જાય છે. નગરનાં ધાં જ લોકો આ કૂવાનું પાણી પી જાય છે, માત્ર એક રાજા જ માંથી બાકાત રહે છે. તમામ નગરજનો ભેગાં થઈને 'રાજા ગાંડો... જા ગાંડો'ના પોકારો પાડે છે ને રાજા દોડીને એ કૂવાનું પાણી પી છે, એટલે બધાં હર્ષની ચિચિયારીઓ પાડે છે: 'જોયું! રાજા કેવો હ્યો થઈ ગયો!...'

ગાંડપણ અને ડહાપણ વચ્ચે જે તફાવત છે તે જોવા અને નુભવવા જેટલો જ છે એવું ક્રિસ્ટોફર ફ્રાઈનું કથન છે. માણસનો દ્દો મોટો તેમ તેનામાં પાગલપણાની માત્રા વધારે એવું મનોવિજ્ઞાનીઓ હે છે. મોટા માણસોને વધુ પાગલ થવું પોષાતું હોય છે. સરમુખત્યારોમાં ાગલપણાના અંશ પ્રમાણમાં વધારે હોય છે એની તો ઈતિહાસે પણ ાખ પૂરી છે. આનો તાજો દાખલો આપવો હોય તો અખાતી યુદ્ધના ણેતા એવા સદ્દામ હુસૈનનો આપી શકાય... તે સ્કીઝોફ્રેનિક છે એવું ાદાન કરનાર ડૉક્ટરની સદ્દામે હત્યા કરી નાખી હતી, આ કારણે નોવિજ્ઞાનીઓ સદ્દામથી સલામત અંતરે રહેવાનું પસંદ કરે છે.

નીરો પણ મહમ્મદ તઘલખ, હિટલર અને સદ્દામ જેવો ાપખુદ, ક્રૂર અને તરંગી હતો. કહે છે કે જ્યારે રોમ ભડકે બળતું તું ત્યારે તે ફીડલ વગાડતો હતો. (કેટલાક એમ પણ કહે છે કે નીરો ીડલ વગાડતો હતો એટલે જ રોમ બળી ગયું).

કહેવાય છે કે પૂરેપૂરા ડાહ્યા માણસ કરતાં સંપૂર્ણ પાગલ જીવનમાં વધુ સુખી હોય છે. પાગલને દુઃખ શું એની જ જાણ નથી તેની, અને દુઃખની ખબર ના હોય એના જેવો સુખી માણસ વિશ્વમાં ીજો કોણ હોઈ શકે! પાગલ માણસને અન્ય માણસો ચક્રમ લાગતા હોય છે, અને પોતાને તે જગતનો ડાહ્યો માણસ ગણતો હોય છે. બે ાગલોની એક વાત છે. એક પાગલે માત્ર લંગોટી પહેરી હતી ને ીજો સાવ જન્મદિન-પોષાકમાં હતો. લંગોટીવાળો પાગલ પેલાં દિશાઓનાં વસ્ત્ર પહેરેલ પાગલ પર ખીજાઈ જતાં બોલ્યો: 'સાલા નિર્લજ, આ રીતે જાહેરમાં નાગો ફરતાં શરમાતો નથી! - લે, આ મારી લંગોટી અબઘડી પહેરી લે' અને પોતાની લંગોટી તેણે પેલા નગ્ન ાગલને આપી દીધી.

ખૂબીની વાત એ છે કે ડાહ્યો માણસ આપણી પડોશમાં વર્ષો સુધી રહેતો હોય તો તેની ખબર આપણને ભાગ્યે જ પડે છે, પણ જો કોઈ ગાંડો માણસ આપણા લત્તામાં રહેતો હોય અથવા તો આપણા વિસ્તારમાં રહેતો ડાહ્યો માણસ એકાએક પાગલ થઈ જાય તો એ વિસ્તારનું નાનું બાળક પણ તેને ઓળખતું હોય છે... ડહાપણ એ વંશપરંપરાગત છે અને તે તમને તમારાં બાળકો તરફથી સાંપડે છે એવું રમૂજમાં કહેવાયું છે.

અને એ પણ ખરું કે કોઈ માણસને ડાહ્યો ઠરાવવા કરતાં પાગલ ઠરાવવાનું કામ વધુ કઠીન છે. વી.પી.સિંહ ભારતના વડાપ્રધાનપદના છેલ્લા ચરણમાં હતા તે ગાળામાં ઓમપ્રકાશ સક્સેના નામના એક ધારાશાસ્ત્રીએ કોર્ટમાં એવો દાવો માંડેલો કે વડાપ્રધાન શ્રી સિંહ પાગલ થઈ ગયા છે. મહમ્મદ તઘલખને જે લાભ નહોતો મળ્યો, એ લાભ વી.પી.ને મળ્યો. મહમ્મદ તઘલખને પાગલ ઠરાવવા એ સમયમાં કોઈએ જાહેરમાં પ્રયાસ નહોતો કર્યો. વી.પી.ના મગજની નિષ્ઠાથી તપાસ કરાવવા સક્સેનાએ કોર્ટને વિનંતી કરી હતી. ન્યાયાધીશે વકીલને જણાવ્યું વી.પી.ને સત્તાવાર પાગલ ઠરાવવા માટેના પુરાવા રજૂ કરો. વડાપ્રધાન પર ગાંડપણનો હુમલો આવ્યાનો કોઈ દસ્તાવેજી પુરાવો તમારી પાસે હોય તો કોર્ટને બતાવો. દલીલમાં વકીલે જણાવ્યું કે માત્ર હું જ નહીં, વડાપ્રધાનનાં પત્ની સીતાદેવી પણ માને છે કે તેઓ પાગલ છે. ૧૯૫૨ની સાલમાં આ સ્ત્રીએ પોતે જ અલ્હાબાદની કોર્ટમાં કેસ કર્યો હતો કે તેમનો વર પાગલ થઈ ગયો છે. (આમ તો દરેક સ્ત્રીનો તેના પતિ માટેનો આ સ્થાયી ને પ્રામાણિક મત હોય છે). પણ પછી પુરાવાના અભાવે વડાપ્રધાન પાગલ થતાં થતાં બચી ગયા.

આ હિસાબે કોઈપણ માણસ પાગલ હોય એ પૂરતું નથી. તે સર્ટિફાઈડ પાગલ હોવો જોઈએ. આ સગવડ પાગલોને જ હોય છે- તેમને સર્ટિફિકેટ મળે છે, સ્નાતકોને ડિગ્રી મળે છે એ રીતે તેમને ય પાગલ હોવાનું સર્ટિફિકેટ મળે છે. પણ ડાહ્યાને ડાહ્યા હોવાનું સર્ટિફિકેટ નથી મળતું - મળે તો તે વેલિડ નથી ગણાતું... જો કે વી.પી.ના કિસ્સામાં ધારાશાસ્ત્રી સક્સેના એવું પ્રમાણપત્ર રજૂ કરી શક્યા હોત કે વી.પી.સિંહ કવિ છે, ને પછી ઉમેરો કરી શકત કે સાહેબ, શેક્સ્પીઅર જેવો શેક્સ્પીઅર પણ કહી ગયો છે કે પાગલ, પ્રેમી ને પોએટ - ત્રણે એક જ માળાના મણકા છે, એક જ બ્લડગ્રુપના ગણાય. માત્ર પાગલપણાની ડિગ્રીમાં જ સ્હેજ-સાજ ફરક છે. બોલો, આનાથી વધુ મોટા પુરાવાની શી જરૂર છે!...

ડાહ્યા માણસો માટે કોઈ કાનૂન નથી પણ પાગલો માટે 'ઈન્ડિયન લ્યૂનસિ એક્ટ' (ભારતીય પાગલપન ધારો) છે. કાયદાથી કોઈને ડાહ્યો ઠેરવી શકાતો નથી પણ ગાંડો ઠરાવી શકાય છે - જો કે આવું પ્રમાણપત્ર પાછા કાયદેસર માણસો જ આપતા હોય છે એ પાછી ગમ્મતની વાત છે. સેમ્યૂઅલ બેકેટે તેના અતિ લોકપ્રિય નાટક 'વેઈટિંગ ફૉર ગોદો'માં લખ્યું છે કે 'We are born mad, some remain so.' (આપણે પાગલ જન્મ્યા છીએ, કેટલાક તેવા જ રહે છે.) પણ આમાં મુશ્કેલી એટલી જ છે કે આપણે બધાં સર્ટિફિકેટ વગરના પાગલ છીએ. □

॥ કથાસરિત્સાગર ॥

કનુભાઈ જાની

પ્રથમ લમ્બક : છઠ્ઠો તરંગ
(શ્લોક : ૧ થી ૧૬૭)

પછી પેલો માલ્યવાન્ - મર્ત્યદેહે જેનું નામ હતું ગુણાઢ્ય, રાજા સાતવાહનની [1] સેવા જેણે કરી લીધી હતી અને એમની સમક્ષ (જ) જેણે સંસ્કૃતાદિ ત્રણ ભાષાઓ પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગી હતી, તે, ઉદાસમને વનમાં ફરતો ફરતો વિન્ધ્યવાસિનીનાં દર્શને આવ્યો. એમના આદેશથી (વનમાં જ્યાં કાણભૂતિ હતો ત્યાં) જઈને કાણભૂતિને એ મળ્યો; કે તરત જ એને પોતાની મૂળ જાતિની સ્મૃતિ થઈ આવતાં, એ સહસા (બધું જ આગળ-પાછળનું જાણનાર એવો) પ્રબુધ્દ થઈ ઊઠ્યો. (સંસ્કૃતાદિ) ત્રણેયથી સાવ જુદાં લક્ષણોવાળી પૈશાચી ભાષાનો આશ્રય લઈને, પોતાનું નામ 'કાણભૂતિ' જણાવીને કહેવા લાગ્યો : 'મને (તું) ઝટપટ (તેં) પુષ્પદન્ત પાસેથી જે સાંભળી છે તે દિવ્ય કથા કહે, જેથી, મિત્ર, તું અને હું બંને સાથે શાપને તરી પાર ઊતરીએ.' આવું સાંભળી, આનંદ પામી, નમન કરીને, કાણભૂતિ કહેવા લાગ્યો : 'કથા તો કહું છું, પણ પ્રભુ, મને એક મોટું કુતુહલ છે : પહેલાં તો જન્મથી માંડીને આપના સમગ્ર ચરિત્રની વાત કરો; આટલી મહેરબાની કરો!' આવી એની પ્રાર્થનાને કારણે ગુણાઢ્યે પછી વાત માંડી : - (શ્લોક ૭)

ગુણાઢ્ય કથા (શ્લોક ૮થી)

"પ્રતિષ્ઠાન (દેશ)માં[1] સુપ્રતિષ્ઠિત[1] નામે નગર. એમાં એકકાળે રહે એક ઉત્તમ બ્રાહ્મણ નામે સોમશર્મા. એને, મિત્ર, બે પુત્રો : વત્સ અને ગુલ્મક; (પછી) ત્રીજી એક કન્યા પણ જન્મી શ્રુતાર્થા નામે. કાળ જતાં એ બ્રાહ્મણ-બ્રાહ્મણી તો પંચત્વ પામ્યાં. (એટલે) એ બંને પુત્રો પોતાની બહેનનું પાલનપોષણ કરવા લાગ્યા. એમાં અકસ્માત એકવાર એને સગર્ભા જોઈ. ત્રીજું તો કોઈ હતું નહિ, એટલે અન્યોન્ય પર શંકા જાગી. શ્રુતાર્થા એમનાં મન જાણી ગઈ. ભાઈઓને કહે : 'પાપની શંકા ન કરો. સાંભળો. હું તમને બધું કહું છું. નાગરાજ વાસુકીના[2] ભાઈનો પુત્ર (ભત્રીજો) નામે કુમાર કીર્તિસેન છે; એણે, હું નહાવા જતી હતી ત્યારે મને જોઈ; કામની પ્રબળતા તળે નામ, વંશ કહીને, પછી ગાન્ધર્વવિવાહથી[3] મને (પોતાની) પત્ની બનાવી. એટલે આ મારા પેટનું બાળ બ્રાહ્મણકુળનું છે.' બહેનની આ વાત સાંભળીને 'એની સાબિતી શી?' એમ વત્સ-ગુલ્મે પૂછ્યું. એટલે શ્રુતાર્થાએ એકાન્તમાં પેલા નાગકુમારનું સ્મરણ કર્યું. સ્મરણ થતાંવેંત એ તો હાજર! અને વત્સ-ગુલ્મને કહે : 'આ તો એક સુંદર અપ્સરા છે શાપભ્રષ્ટા; એને મેં ભાર્યા કરી. તમે બેઉ પણ તમારી (આ) બહેનની માફક જ ભૂમિ પર શાપને કારણે જ આવી પડ્યા છો. તમારી બહેનની કૂખે જ પુત્ર જ અવતરશે. એથી એની ને તમારી પણ શાપમુક્તિ થશે.' ચ કહીને એ તો અન્તર્ધાન થઈ ગયો અને પછી કેટલાક દિવસો જ શ્રુતાર્થાને પુત્ર થયો; સખે, હવે જાણો કે એ જ હું. (મારો જન્મ થ કે) તત્કાળ આકાશવાણી થઈ કે, 'આ ગુણાઢ્ય નામે બ્રાહ્મણ જે જન છે તે (તો) શિવજીના ગણનો અવતાર છે.' આમ, (મારા જન્મસાથે મારાં મા અને મામા પાપ(શાપ) મુક્ત થઈને ત્યારે પંચત્વને પા અને હું અધીરીઓ[4] (નોધારો) થઈ ગયો. પછી શોકને ખંખેરીને, બા હતો છતાં, સ્વાવલંબનથી, વિદ્યા પ્રાપ્ત કરવા હું દક્ષિણ દેશમાં ગ ત્યાં કેટલાક સમયમાં બધી વિદ્યા મેળવી, જાણીતો બની, મારા ગુ મારા વતનમાં પણ દર્શાવું એવા ખ્યાલથી આવ્યો. લાંબે ગાળે સુપ્રતિષ્ઠિત નગરમાં શિષ્યોસહિત પ્રવેશ્યો; ત્યાં તો કાંઈક અપૂર્વ શો જોઈ! ક્યાંક સામવેદીઓ વિધિપૂર્વક સામવેદનું છંદોગાન કરી રહ્યા હ ક્યાંક વેદવિદ બ્રાહ્મણો વેદના અર્થ બેસાડવાની બાબતમાં વિવાદ રહ્યા હતા; 'જે જાણે કલા-જુગાર, તેને હાથવગો ભંડાર' એમ કહ કેટલાક દ્યૂતને ક્યાંક ખોટેખોટું બિરદાવતા હતા; તો વળી એકબ આગળ પોતપોતાની વેપારી કુનેહ હાંકનાર વણિકોની વચ્ચે ક્યાંક કો એક વણિક આમ બોલ્યો :

'પૈસાની બાબતમાં તો બચાવે તે કમાય! પણ આપણે પહેલેથી જ નહોતું ફદિયુંય (છતાં) લક્ષ્મી મેળવી! હું તો હજી પે હતો ત્યાં તો મારા પિતા પહેલા મૃત્યુ પામ્યા; ને અમારા કુળનાં સગલાંઓએ બધાંએ થઈને મારી માનું તો (જે કાંઈ હતું તે) બધું બથાવી લીધું. એમનાથી ફફડતી મારી મા, પોતાના પેટમાંના ગ રક્ષા કરતી, મારા પિતાના એક મિત્ર કુમારદત્તને ત્યાં રહી; ત્યાં સાધ્વીનો જીવનાધાર એવો હું જન્મ્યો. છૂટકપૂટક કામો કરીને મ મને મોટો કર્યો. મહેતાજીને પગે પડીને, એ અકિંચન ને દીન મ મને થોડુંક ગણિત ને થોડી લિપિ એટલું ભણાવ્યો. 'વાણિયાનો છો તું બેટા, એટલે હવે કરો વેપાર! આ દેશમાં વિશાખિલ નામે મહાધનવાન વાણીઓ છે. કુલિન છતાં દરિદ્ર હોય એવા (વણિકો એ (વેચવા માટે) વિના મૂલ્યે સામાન ધીરે છે; તું ત્યાં જા અને એ (સામાન) માંગ.' આમ માતાએ મને કહ્યું. એટલે હું તો એને ત્યાં ગ ત્યારે એ વખતે એ વિશાખિલ ક્રોધમાં કોઈક વણિક પુત્રને એ સંભળાવતો હતો : 'આ સામે જમીન પર જે મરેલો ઉંદરડો પ દેખાય છે ને? એના પણ કુશળ વેપારી તો પૈસા ઉપજાવે.'

નપાવટ, મેં તો તને સોનામહોરો[૫] આપી આટલી બધી; એમાં વધારો કરવાની વાત તો બાજુએ રહી, (મેં આપી એટલીય) તેં સાચવીયે નહિ!' એ સાંભળતાં જ મેં સહસા એ વિશાખિલને કહ્યું : 'વેચવાના સામાન-પેટે હું આપની પાસેથી આ મરેલો ઉંદર લઈ જઉં છું, હોં!' એટલું કહીને, હાથેથી ઉંદરડાને ઉઠાવીને દાબડીમાં મેં મૂક્યો; અને (વેપારીને) ચોપડે (એ માલની ઉપાડ મારે ખાતે) ચડાવી મેં તો ચલતી પકડી. ત્યારે પેલો વાણિયો પણ હસવા લાગ્યો. પછી મેં તો એ ઉંદરને એક વાણિયાની બિલાડી માટે, બે ખોબા ચણા લઈને વેચ્યો. પછી એ ચણાને ભૂંજીને, પાણીનો એક કુંજો લઈ, નગરબહાર ચાર રસ્તે એક છાયામાં જઈને (હું તો) બેઠો. ત્યાં થાક્યાપાક્યા (માથે) લાકડાંની ભારીવાલા કઠિયારાની ટોળી આવતી, એમનું હું થાક ઉતારવા થોડા ચણા ને (ઉપર) ઠંડું પાણી આપતો, એટલે એકેએક કઠિયારો મને બહુ પ્રેમથી બેબે લાકડાં આપતો. બજારમાં એને વેચીને હું બીજાં લાકડાં લાવતો. જે કાંઇ થોડુંક મળતું એમાંથી વળી એમને માટે ચણા લાવતો ને વળી બીજે દિ' કઠિયારા પાસેથી વધુ લાકડાં મળતાં. આવું રોજેરોજ થતાં, એમાંથી સારી મૂડી મેં મેળવી. પછી તો (સતત) ત્રણ દિવસ સુધી એ (બધા) કઠિયારાઓ પાસેથી એમનાં બધાં જ લાકડાં મેં જ ખરીદી લીધાં. ત્યાં વળી અકસ્માત અતિવૃષ્ટિ થઈ! લાકડાં કપાવાનું ઠપ્પ! મેં મારા લાકડાં સેંકડો પણો[૬] લઈને વેચી કાઢ્યાં! એ મૂડીથી એક દુકાન ખરીદી. મારી વેપારી કુનેહથી વેપાર માંડ્યો, અને ધીમે ધીમે હું મોટો ધનવાન થઈ ગયો. (પછી) સોનાનો (એક) ઉંદર કરાવી મેં પેલા વેપારી (વિશાખિલ)ને સમર્પિત કર્યો. ને એણે વળી ત્યારે મને એની પુત્રી આપી. આમ આ સમાજમાં હું મૂષક(શેઠ)ને નામે પ્રખ્યાત છું! (પણ), આમ સાવ નિર્ધન હતો એમાંથી મેં લક્ષ્મી મેળવી.' એ સાંભળીને ત્યાં બેઠેલા અન્ય બધા જ વણિકો આશ્ચર્યચકિત થઈ ગયા. વિનાભીંતે જ્યાં ચિત્ર થતું હોય ત્યાં કોનું ચિત્ત આશ્ચર્યચકિત ન થાય?' (૫૦)

'સામ'- વેદમાં અને વ્યવહારમાં

ત્યાં વળી એક જગ્યાએ એક બ્રાહ્મણને સામવેદના પાઠ બદલ આઠ સોનાના માસા[૭] દક્ષિણા મળેલી, તેને કોઈક વિટ (વેશ્યાદલાલ) કહેતો હતો : 'તું બ્રાહ્મણ છે એટલે ભોજન તો મળી રહે; એટલે હવે તારે આ સોનાથી લોકયાત્રા-અર્થે (સારી રીતે લોકો સાથેનો વ્યવહાર ચાલે એ માટે) ચતુરાઈ શીખવી જોઈએ. 'મને એ કોણ શીખવે?' એમ પૂછવાથી એ મૂર્ખને પેલો કહે : 'આ પેલી ચતુરિકા નામની વેશ્યા છે ને? એને ત્યાં પહોંચી જા.' 'ત્યાં જઇને મારે શું કરવું?' એમ પૂછવા પર, પેલો વિય કહે : ('અરે) એને (તારું) (આ) સોનું આપજે! સામથી[૮] થોડીક ખુશ કરવાની!'

સાંભળીને એ સામવેદી છંદપાઠી તો ત્યાં ચતુરિકાને ગૃહે ઝડપથી પહોંચી ગયો. પ્રવેશ્યો, ત્યાં પેલીએ સામે આવીને સત્કાર્યો. 'હવે મને આપશ્રી આજ લોકયાત્રાનું (લોકવ્યવહારનું) જ્ઞાન પ્રદાન કરો.' એમ બોલી એ બ્રાહ્મણે તો એને સોનું દઈ દીધું. ત્યાં બેઠેલું લોક મશ્કરીમાં ખડખડાટ હસી પડ્યું. કાંઈક વિચારીને, બે હાથ ઊંચા કરી, (માથે) ગાયના કાનની જેમ (એ બે હાથ) બાંધી, એવા તારસ્વરે એ જડાશયે તો (ત્યાં) સામગાન આરંભ્યું કે ત્યાં (આસપાસના) બધા વિટો તમાશો જોવા એકઠા થઈ ગયા. કહેવા લાગ્યા : 'આ વળી શિયાળવું અહીં ક્યાંથી પેસી ગયું? બીજું હોય કોણ? એને તો ઝટ ગળે અર્ધચંદ્ર જ ફટકારી દેવો રહ્યો, ચાલો ! (ગળચી પકડીને તગડી મૂકીએ.)' 'અર્ધચંદ્ર' એટલે એ આકારનું તીર, એમ માનીને, ડોકું હવે ઊડી જશે એવા ભયથી, એ બ્રાહ્મણે , 'લોકયાત્રા બધી રીતે શીખી લીધી' એમ ગર્જીને, ત્યાંથી ઝટ પોબારા ભણ્યા, ને ગયો પેલાની પાસે જેણે એને વેશ્યા પાસે મોકલેલો. બ્રાહ્મણનો વૃત્તાંત સાંભળીને પેલો (વિટ) એને કહે : 'મેં તો તને 'સામ'નો આશરો લેવાનું કહ્યું'તું, ત્યાં વળી વેદનો તો પ્રસંગ જ ક્યાં હતો? કે પછી વેદની ધારામાં ભરાઈ જનાર બધા જ વેદજડોમાં જડતા જ ઠાંસીઠાંસીને ભરાઈ જતી હોય છે? એમ ટોળ કરીને, એ પેલી વિલાસિની પાસે જઈને, એને કહે : 'આ બેપગા જાનવરનું જે સોનું તેં લીધું છે એને તણખલાની જેમ ફગવી દે!' પેલીએ પણ એ હસતાં હસતાં ફેંકી દીધું, એ બ્રાહ્મણે પાછું મેળવ્યું. ને જાણે બીજો અવતાર મળ્યો હોય એવા ભાવ સાથે પોતાને ઘેર પાછો આવ્યો.

ફરીથી ગુણાઢ્યકથા

આવાં કંઈક કૌતુકો જોતો જોતો હું (પ્રતિષ્ઠિતનગરીના) ઇન્દ્રના મહાલય જેવા એ રાજમહેલે પહોંચ્યો. મારા શિષ્યોએ અગાઉથી (મારા આગમનના) ખબર પહોંચાડ્યા; તે પછી હું અંદર પ્રવેશ્યો. ત્યાં દેવોથી વીંટળાયેલા ઇન્દ્રની જેમ શર્વવર્માદિ મંત્રીઓથી વીંટળાયેલા, રત્નસિંહાસને બિરાજેલા, રાજા સાતવાહનને મેં જોયા. આશીર્વાદ આપ્યાં; મને અપાયેલ આસન ગ્રહણ કર્યું અને રાજાએ પણ મને (યોગ્ય) સત્કાર આપ્યો. પછી શર્વવર્મન્ વગેરેએ (મારી) પ્રશંસા કરતાં કહ્યું : 'આ છે આખા જગતમાં જાણીતા, સર્વ વિદ્યાઓમાં વિશારદ એવા, સર્વ ગુણોથી સમ્પન્ન હોવાને કારણે જ જેમનું નામ યથા-અર્થ જ છે. એવા 'ગુણાઢ્ય'. મંત્રીઓની આવી સ્તુતિ સાંભળીને મારા પર પ્રસન્ન થયેલા રાજા સાતવાહને મને પણ એક મંત્રીપદે નિયુક્ત કર્યો. પછી તો હું પરણ્યો અને રાજકાર્ય સંભાળતાં તેમ જ શિષ્યોને ભણાવતાં, આનંદથી ત્યાં રહેવા લાગ્યો.

ભરુચી બ્રાહ્મણનો બગીચો

એકવાર કૌતુકવશ ગોદાવરી તટે સ્વૈરવિહારે નીકળેલો. ત્યાં 'દેવીકૃતિ' નામે એક બાગ મેં જોયો. પૃથ્વી પરનું જાણે નંદનવન! અતિ સુંદર! ત્યારે મેં ઉદ્યાનપાલ (માળી)ને પૂછ્યું કે, 'એ બાગ અહીં ક્યાંથી?' ત્યારે એણે મને જણાવ્યું કે, 'સ્વામી! વૃદ્ધો પાસેથી એમ સાંભળવા મળે છે કે પૂર્વે અહીં એક મૌની નિરાહારી (તપસ્વી) બ્રાહ્મણ આવેલા; એમણે આ દેવમંદિર અને આ દિવ્ય બાગ બનાવેલા. ત્યારથી અહીં સૌ બ્રાહ્મણો એકઠા થાય છે, ને સૌ (એ જાણવા) ઉત્સુક. અનવરત એમને વારંવાર પૂછવામાં આવતાં એ બ્રાહ્મણે એ બાગનો વૃત્તાંત કહ્યો:

'અહીં (ભરતભૂમિમાં) નર્મદાતટે 'ભરુકચ્છ' નામે એક પ્રદેશ[૯] છે. હું ત્યાં જન્મેલો, મૂળ ત્યાંનો બ્રાહ્મણ. મને એદી-દરિદ્રીને તો કોઈ ભીક્ષા પણ ના આપે. એટલે હતાશ થઈને, જીવન પ્રતિ નીરસ થઈ, ઘર છોડી, ભટકતાં ભટકતાં, વિન્ધ્યવાસિનીનાં દર્શન કરતાં, મેં વિચાર્યું, 'લોક તો પશુ ચઢાવીને આ વરદાયિની(દેવી)ને પ્રસન્ન કરે છે; હું - મૂર્ખ પશુ જ ને! મારી જાતને જ વધેરું!' આમ નિશ્ચય કરીને મેં મારું માથું વધેરવા જેવું શસ્ત્ર હાથમાં લીધું કે તે જ ક્ષણે એ મા પ્રસન્ન થઈને પોતે જાતે બોલી ઊઠ્યાં: 'પુત્ર, તું તો સિદ્ધ છો! (સર્વવિદ્યાઓ જેને અન્તર્ગત થઈ છે એવો છો!) તારી જાતને હણ મા! મારી પાસે રહે'. આમ મને દેવીનું વરદાન મળતાં, મને દિવ્યતા પ્રાપ્ત થઈ; ત્યારથી મારી ભૂખેય ટળીને તરસેય ટળી! પછી ત્યાંની એ દેવીએ એકવાર મને જાતે જ આદેશ આપ્યો: 'પુત્ર, પ્રતિષ્ઠાને જઈને (ત્યાં) એક ઉત્તમ ઉદ્યાન રચ.' એમ કહીને એમણે જ મને દિવ્ય બીજ આપ્યાં; એ વડે મેં અહીં આવીને, એના પ્રભાવથી જ, આ રમણીય ઉદ્યાન બનાવ્યો.[૧૦] (હવે) આપ સૌ એને સંભાળજો.' એમ કહીને એ અન્તર્ધાન થઈ ગયો! 'એમ, માલિક, પહેલાના સમયમાં આ ઉદ્યાન દેવીએ (જાતે) બનાવેલો.' ઉદ્યાનવાળા પાસેથી આમ આવી દેવીકૃપા ત્યાં થયાનું જાણ્યું.

આશ્ચર્યે ઊભરાતો હું મારે ઘેર ગયો પછી!'
કહ્યું આવું ગુણાઢ્યે જ્યાં, બોલ્યો કાણભૂતિ ત્યહિં:
'સાતવાહન' એવું કાં નામ એનું પડ્યું, પ્રભો?'
ત્યારે બોલ્યો ગુણાઢ્યે યેઃ 'કહું એ પણ, સાંભળો:[૧૧] (૮૮/૧)

(ક્રમશ:)

પાદટીપ

૧. શાલિવાહન તે જ સાતવાહન. એક મતે દક્ષિણના આન્ધ્રવંશના શ્રી પુલુમાયી (Pulumayi) એ જ આ શાલિવાહન. અન્ય મતે પુલુમાયીની રાજગાદીના પતન પછી ઈસ. ૧૩૦માં પુલિમાં ત્યાં રાજ કરતો હતો. પણ, શાલિવાહન કે સિરિપોલેમાઈયો'ની રાજધાની તે પ્રતિષ્ઠાન. (વાસુદેવશરણ અગ્રવાલને મતે ગોદાવરીને કિનારે અશ્મકની રાજધાની તે પ્રતિષ્ઠાનગર.) મોટા ભાગના વિદ્વાનો માને છે કે એ પ્રતિષ્ઠાન તે, હૈદરાબાદના ઔરંગાબાદ જિલ્લામાં, ગોદાવરી નદીને તટે આવેલું આજનું પૈઠણ. એ જ ટોલેમી (Ptolemy)નું 'બથાના'.

૨. આપણી સંસ્કૃતિના સંદર્ભમાં આ 'નાગનું' મહત્ત્વ જોતાં, આપણી વિધિઓમાં પૂજાઓમાં, કથાઓમાં, ગીતોમાં, ચિત્રો-શિલ્પો-આળેખોમાં, એનાં ઢગલાબંધ એટલા બધા ઉલ્લેખો આવે છે કે આ વિષે માત્ર નોંધથી ચાલે નહિ, અને લખાયું છે પુસ્તકોનાં પુસ્તકો ભરીને એટલું બધું કે અલગ વિસ્તૃત લેખેય લાગે નહિવત્ જેવો! છતાં, નહિવત્ તો નહિવત્; જોઈએ જ. (નાગ પરનો અલગ લેખ આવતા અંકે અપાશે. -તંત્રી)

૩. સામાન્ય રીતે હિન્દુ વિધિમાં લગ્નના સાક્ષીઓ ત્રણ: અગ્નિ, દેવ અને દ્વિજ તથા બાન્ધવો (સગાંવહાલાં). અહીં સાક્ષી માત્ર ગાંધર્વ જ ને આકાશચારી અદૃષ્ટ છે! આ એક પ્રકારનો સ્વયંવર ગણાય. 'શાકુન્તલ'માં દુષ્યન્ત-શકુન્તલા આમ જ પરણે છે. કાલિદાસ કહે છે: 'કથમપ્યબાંધવકૃતા સ્નેહપ્રવૃત્તિ'. આ તો વચમાં કોઈ જ સ્નેહીસંબંધી ન હોય એવી નિર્ભેળ સ્નેહપ્રવૃત્તિ! આ વિવાહપદ્ધતિના નામમાં 'ગાન્ધર્વ' શબ્દ છે. ગાંધર્વો વાયુના દેવતાઓ છે, સૌન્દર્ય-ચાહકો છે, દેવગાયકો-વાદકો છે. એટલે આ પ્રકારના લગ્નમાં પણ સૌન્દર્ય કારણભૂત બને, ને માત્ર વાયુ જ જાણે એમ એ ખેંચાણ વિવાહમાં પરિણમે!

બાકી, મનુમહારાજે તો ચાર વર્ણોમાં આઠ પ્રકારનાં લગ્નનોનો નિર્દેશ કર્યો છે: બ્રાહ્મ, દૈવ, આર્ય, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ. આમાંથી પહેલા ચાર બ્રાહ્મણો માટે, ને છેલ્લા ચાર અન્ય માટે. આમાંના છેલ્લા બે લગભગ નિષિદ્ધ જેવાં ગણાતા. છળકપટથી કન્યા મેળવાય તે પિશાચલગ્ન, અને બળજબરી/મારઝૂડ/જબરાઈથી બથાવી પડાય તે રાક્ષસવિવાહ. પેન્ઝર (187-88) કહે છે કે ગાંધર્વવિવાહનું કારણ એ હતું કે લડાયકકોમમાં પુરુષોને સમય ભાગ્યે જ મળતો ને આ પ્રકારનાં લગ્ન ક્ષત્રિયો માટે હતાં; એ વાત ગળે ઊતરતી નથી. અહીં જ આ કથાનાયક ક્યાં ક્ષત્રિય છે? બ્રાહ્મણ છે! બાકી, રાજાને ગમી તે રાણી; ને પછી વાત સૌએ જાણી! એ બનતું આવ્યું છે.

૪. મૂળમાં છે 'ગતશ્ચાહમ્ અધીરતામ્', 'હું અધીરતાને પામ્યો'. શબ્દશ: લેતાં અન્-આશ્વસ્ત થઈ ગયો.

૫. મૂળમાં શબ્દ છે 'દીનાર'. વ્યુત્પત્તિની દૃષ્ટિએ સંસ્કૃત 'દ્રમ' પરથી હશે. 'પંચતન્ત્ર'માં પણ આ શબ્દ છે. 'દ્રમ' પરથી ગ્રીક શબ્દ 'દેનેરિયસ' (denarius). આના વિશેષ સંદર્ભો સાથેની નોંધ પેન્ઝરે (163) આપી છે.

૬. મૂળમાં છે 'અંજલિયુગ્મ'. ટોનીએ કર્યું 'ટુ હેન્ડફુલ્સ'! એટલે તો બે મુઠ્ઠીભર! હિન્દીમાં કરાયું 'દો અંજુલી'. એટલે તો બે અંજલિ-ભર! હવે, 'અંજલિ'નો ખ્યાલ આપણી પૂજાવિધિથી આવે છે. ખોબામાં પાણી, પુષ્પ, ફળ, ફુલ આદિ રખાય, ને પછી ધરાવાય (પધરાવાય), તે વખતની બે એકઠી થયેલી પોલાણ એમ જોડાયેલી હથેળીઓની સ્થિતિ તે અંજલિ. અહીં એવી કોઈ વિધિનો સંદર્ભ નથી. ચણા લેવાય છે ને પછી એટલા પ્રમાણમાં મળે છે કે મજૂરોને ધરવાય છે! એટલે 'ખોબો', 'બે ખોબા' એમ કરવું પડે.

૭. 'પણ'ના વેપાર-વણજ સાથે સંકળાયેલા, પંદરેક જેટલા અર્થો થાય છે; એમાંનો એક અર્થ તે 'એક સિક્કો'. આપ્ટે પ્રમાણે એનું મૂલ્ય થતું એંશી કોડી. 'માષા' અને 'પણ' બંન્નેનું ચલણ પ્રચીન ભારતમાં હતું. ૧૬ માષાનો એક 'પણ' ગણાતો. 'પણ' મોટે ભાગે ચાંદીનો હતો. એટલે કદાચ 'સોનાનો માષા' એ કદાચ કથામાંની કલ્પના હોય એમ પેન્ઝર માને છે.

૮. 'સામ' પર અહીં શ્લેષ છે. 'સામ, દામ, દંડ'માંનો 'સામ' એટલે મીઠી વાતે ભોળવવું. વિટ અહીં પેલા બ્રાહ્મણને પહેલાં 'દામ' (જે સોનું છે તે) આપી દેવા કહે છે ને પછી 'સામ'નો (મીઠી વાતમાં લપેટવાનો) પ્રયોગ કરવા કહે છે. પણ આ તો સ્કોલર! (સ્કોલરોની દુનિયાભરમાં સૌએ ઉડાવી છે. પ્રોફેસર બિચારો પીડાગ્રસ્ત જ ચીતરાવાનો, વેદિયો! આ એક હસાવવા માટેનું જાણે મોટિફ બની ગયું છે.) પેલો વેદિયો અહીં 'સામ' એટલે 'સામવેદ' માની લે છે!

૯. 'પ્રદેશ'-વાચક શબ્દ છે 'વિષય:' પંક્તિ આમ છે 'અસ્તીહ ભરુકચ્છાખ્યો વિષયો નર્મદાતટે' (૭૬) આપણું ભરુચ, આમ, આ પ્રાચીન કથામાં ઉલ્લેખાયું છે. એ ભારતભરમાં જાણીતું હશે હતું. ટોની ભરુચ માટે લખે છે 'બકાકાચ્છ' (Bakakachchha)! એના ખ્યાલમાં મૂળ સંસ્કૃત શબ્દ છે ભૃગુકચ્છ; એમાંના 'ભૃગુ'નો ઉચ્ચાર કર્યો 'બકા'.

૧૦. આવા દિવ્યોદ્યાનોની કથાઓનું 'મોટિફ' જાણીતું છે. આવી એક કથા જાતકકથા છે જેમાં, જો એ ઉદ્યાન ન રચે તો એનો વધ કરવામાં આવશે એવી રાજાજ્ઞા હોવાથી સક્કો બોધિસત્ત્વ માટે એક ઉદ્યાન રચે છે. (પેન્ઝર; 166).

૧૧. આપણી એક પ્રકારની કથાશૈલીની વણતૂટી સુદીર્ઘ પરંપરામાંથી આપણી મધ્યકાલીન આખ્યાનશૈલી પણ ઊતરી આવેલી લાગશે એનો આછોપાતળો ખ્યાલ આવે એ ખાતર ક્યાંક ક્યાંક મૂલાનુસારી પદ્યાનુવાદનાં છમકલાં કરતાં રહેવાનું ઉચિત લાગ્યું છે. આ કથાઓ વાંચવા માટેની નહોતી જ; એટલે કથ્યાંશો ભરપૂર છે. □

ચામડીના રોગો કુષ્ઠરોગ-કોઢ અને તેના ઉપચાર

માધવ ચૌધરી

વિરુદ્ધ આહાર કરનારને; પ્રવાહી, સ્નિગ્ધ, ભારે અન્નપાન ખાનારને, કુદરતી હાજતોને બળાત્કારે દબાવી રોકી રાખનારને, જમ્યા પછી કસરત કરનાર ને, તડકામાં રખડનારને, ઠંડું પાણી ઉતાવળે ઉતાવળે પીનારને, ન પચે એવું ભારે અન્ન ખાનારને, જમ્યા પછી તરત જ પાછું ફરીથી જમનારને, અજીર્ણ હોવા છતાં જમનારને, ઊલટી, વમન આદિ પંચકર્મ કરવામાં ભૂલ કરનારને, નવું અન્ન, દહીં, માછલાં, ખારા-ખાટા જેવા પદાર્થોનું સેવન કરનારને, અડદ, મૂળા, મેંદાના પદાર્થો, તલ, દૂધ અને ગોળ ખૂબ ખાનારને, અજીર્ણમાં મૈથુન કરનારને, દિવસે ઊંઘનારને કુષ્ઠ-કોઢનો રોગ થાય છે.

વાત-પિત્તાદિ ત્રણ દોષો ચામડી, રક્ત, માંસ અને શરીરની અંદરનાં પાણીને બગાડી કુષ્ઠરોગને ઉત્પન્ન કરે છે. અર્થાત્ કોઢ થવામાં વાત, પિત્ત, કફ ત્રણ દોષ અને લોહી, ચામડી, માસને પાણી એ સાતેય દૂષ્યો કારણભૂત છે. કુષ્ઠ - કોઢ અઢાર પ્રકારના થાય છે : સાત મહાકુષ્ઠ અને અગિયાર ક્ષુદ્રકુષ્ઠ. કોઢ મહા ભયંકર રોગ છે.

સર્વ પ્રકારના કોઢ

(૧) બાવચીનાં બે-ત્રણ ગ્રામ બી થોડાં ગરમ પાણી સાથે ત્રણ અઠવાડિયાં લેવાથી અને પરસેવો વળે ત્યાં સુધી સૂર્યના તાપમાં બેસવાથી (આ પ્રયોગ ચાલુ હોય ત્યાં સુધી માત્ર દૂધ પર રહેવું. બીજો કોઈ ખોરાક ન લેવો.) તમામ પ્રકારના કોઢ મટે છે.

(૨) લીમડાનાં કુમળાં પાન અને હરડે અથવા આમળાંની ચટણી કરીને બે માસ ખાવાથી સર્વ પ્રકારના કોઢ મટે છે. લીમડાના પંચાગનું (પાન, મૂળ, છાલ, ફૂલ, ફળ) ચૂર્ણ ખાવાથી પણ કોઢ મટે છે.

(૩) ગરમાળાનાં પચાંગનો ઉકાળો સ્નાન કરવામાં, હાથપગ ધોવામાં અને પીવામાં (આંતરબાહ્ય બંને માર્ગે) વાપરવાથી જૂના અને નવા સર્વ પ્રકારના કોઢ મટે છે.

સર્વસામાન્ય કોઢ

(૧) તુલસીનાં મૂળનો ક્વાથ કરીને પીવાથી કોઢ મટે છે.

(૨) ગળોનો સ્વરસ પિવાય તેટલો પવાથી અને માત્ર મગના સૂપ, ભાત-ઘી પર રહેવાથી કોઢ મટે છે.

(૩) પીપળાની બે-ત્રણ ગ્રામ છાલનું ચૂર્ણ દિવસમાં ત્રણ વાર એક મહિનો લેવાથી કોઢ મટે છે.

(૪) કણજીનાં પાનના રસમાં દહીં, ચિત્રકમૂળ, મરી અને સિંધવ મેળવી સવાર-સાંજ ત્રણચાર માસ પીવાથી કોઢ મટે છે.

(૫) દારૂડીનો પાંચ-પાંચ ગ્રામ રસ, ગાયના દૂધની સાથે દિવસમાં એક કે બે વાર પીવાથી અને પથ્ય પાળવાથી તથા તેના તેલની માલિસ કોઢના દાગ પર કરવાથી કોઢ મટે છે.

(૬) ગાયના મૂત્રમાં પાંચ ગ્રામ હળદર મેળવીને રોજ પીવાથી કોઢ મટે છે.

(૭) બાવચીનાં બી ખાવાથી અને બાવચીનાં બીને વાટી, તેનો લેપ કોઢ ઉપર કરવાથી કોઢ મટે છે. (તેનો લેપ કરવાથી પહેલાં ચાઠાંની જગ્યાએ ફોડલીઓ ઊઠે છે અને પછી રંગ બદલાવા માંડે છે. ફોડલીઓ થાય ત્યારે બાવચીનો લેપ બંધ કરી તેને બદલે હરતાલ અઢી ગ્રામ, આમળાં વીસ ગ્રામ અને બાવચીનાં બી એંસી ગ્રામ લઈ, તેનું બારીક ચૂર્ણ કરી, તે ચૂર્ણને ગાયના મૂત્રમાં મેળવી તેનો લેપ કરવો.)

કુષ્ઠ-કોઢમાં લેપ

(૧) બાવચીનાં બીને દૂધમાં અથવા પાણીમાં વાટી, તેની સોગઠી બનાવી, પછી એ સોગઠીને દૂધમાં ઘસીને ઘણા દિવસ સુધી લેપ કરવાથી સફેદ કોઢ મટે છે.

(૨) બાવચીના બીમાંથી કાઢેલું તેલ સફેદ કોઢ ઉપર ચોપડવાથી સફેદ કોઢ મટે છે.

(૩) અઘેડાનો ક્ષાર માલકાંકણીના તેલમાં અગર સરસિયા તેલમાં મેળવીને ચોપડવાથી સફેદ કોઢ મટે છે. તેનાથી કરોળિયા પણ મટે છે.

(૪) રાઈના લોટને આઠગણા જૂના ગોળમાં અથવા ધોયેલા ગાયના ઘીમાં મેળવી, તેનો લેપ કરવાથી થોડા દિવસોમાં સફેદ કોઢ મટે છે.

(૫) મનઃશિલ, હરતાલ, કાળાં મરી, સરસિયું તેલ અને આકડાનું દૂધ સમભાગે લઈ પીસીને તેનો લેપ કરવાથી કોઢ મટે છે.

(૬) કોઢ ઉપર પ્રથમ સરસિયા તેલની માલિસ કરી, પછી તેના ઉપર ગરમાળો, પીલુડી અને કરેણનાં પાન સરખે ભાગે લઈ, દહીંના મઠ્ઠામાં વાટીને લેપ કરવાથી કોઢ મટે છે.

(૭) તાજા અડદ (લીલા અડદ) વાટી તેને સફેદ કોઢ ઉપર ચોપડવાથી અત્યંત ફાયદો થાય છે.

કુષ્ઠરોગ-કોઢમાં ખટાશ, ખારાશ અને તીખાશવાળાં અન્નપાન અપથ્ય છે. માટે કુષ્ઠરોગીઓએ દહીં, દૂધ, ગોળ, તલ અને અડદ કે તેની વાનગીઓ બંધ કરવી. □

અમેરિકન દૃશ્યાવલિ - ૮

દેન્દુર
ચીની પંડિતનું ઘર
પેપ્સીકો પાર્ક

ભોળાભાઈ પટેલ

ન્યૂ યોર્કના પેલા વિશાળ સેન્ટ્રલ પાર્કને અડકીને મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ ઑફ આર્ટ છે. એ વિસ્તારમાં એટલાં બધાં મ્યૂઝીઅમ છે કે રસ્તાનો એ વિસ્તાર મ્યૂઝીઅમ માઈલ નામે ઓળખાય છે. મ્યૂઝીઅમમાં પ્રવેશ-ફી સાડાચાર ડૉલર છે, પણ જેને જેટલી આપવી હોય તે આપે. અમે એક એક ડૉલર પ્રવેશ-ફી આપી અંદર ગયાં. અનેક દર્શનાર્થીઓ.

કોઈ પણ મ્યૂઝીઅમમાં જાઓ એટલે જાણે એક આ ભૂતળ પર ન હોય એવા લોકમાં પ્રવેશ, એવા સમયમાં પ્રવેશ. જાણે અનેક દેશની માનવ સંસ્કૃતિનાં હજારો વરસ એક સામટાં એક સ્થળે. યૂરોપમાં કલાનાં બહુ બધાં મ્યૂઝીઅમ જોયાં હતાં એટલે પ્રીતિએ જ્યારે કહ્યું કે, મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ અને બીજું મ્યૂઝીઅમ ઑફ મૉર્ડન આર્ટ તમારે જોવાં જ જોઈએ, ત્યારે એટલું બધું કુતૂહલ પ્રકટ કરેલું નહિ.

પરંતુ મ્યૂઝીઅમના પસંદગીના વિભાગો જોતાં થયું કે આ અનુભવ ચૂકી જવાત, જો પ્રીતિએ વિશેષ આગ્રહ ન કર્યો હોત. સૌથી સમૃદ્ધ તો ઈજિપ્તની પ્રાચીન સંસ્કૃતિનો વિભાગ. પરંતુ એ બધાંનું વર્ણન કરવા બેસીએ તો પાનાં ભરાય. પણ એક-બે વસ્તુઓ જે મનમાં ઊંડે ઊતરી ગઈ તેનો નિર્દેશ કરું.

એક તે તો દેન્દુર ટેમ્પલ. ક્યાં તે બે હજાર વરસો પહેલાંની મિસરની ધાત્રી નાઇલ અને ક્યાં એક બાજુ સાગર, એક બાજુ ઇસ્ટ નદી અને એક બાજુ હડસનથી આકાર પામેલ ગગનચુંબી ઇમારતો જ્યાં સ્કાઇ લાઈન રચી રહી છે, એવું ન્યૂ યૉર્ક નગર?

નાઈલને કાંઠેથી ઉખાડીને આખું ને આખું મંદિર એના જાણે પ્રાકૃતિક પરિવેશ સહિત અહીં સ્થાપિત કરવામાં આવ્યું છે. એને માટે પાર્ક બાજુની કાચની છતવાળી વિશાળ ગેલરિ અલગ રચવામાં આવી છે, પાર્ક તરફની દીવાલ પણ કાચની છે, જેથી ખુલ્લામાં હોય એવો સ્વાભાવિક પ્રકાશ રહે, એટલું જ નહિ પાર્કમાં લીલાં છમ વૃક્ષ દેન્દુરના આ મંદિરનો ભાગ બની જાય.


ઈજિપ્તની જીવાદોરી નાઈલ તો. કેવડી મોટી સંસ્કૃતિ, જેમ સિન્ધુ-ગંગાને કાંઠે તેમ નાઈલને કાંઠે લગભગ સમાન સમયગાળામાં વિકસી છે ! એ સંસ્કૃતિઓમાંથી શિલ્પ-સ્થાપત્ય રૂપે ઘણું ઓછું, અવશિષ્ટ રહ્યું છે, ભારતમાં તો નહિવત્. પણ ઈજિપ્તમાં જે ઘણું જળવાયેલું, તે દુનિયાનાં પ્રસિદ્ધ મ્યૂઝીઅમોમાં પહોંચી ગયું છે. દેન્દુર મંદિર નાઈલને કાંઠે બંધાયું હતું. ઈ.સ. ૧૫માં કાહિરોથી ૬૦૦ માઈલ દૂર. રોમન સમ્રાટ ઑગસ્ટસે બંધાવેલું. રોમ અને ઈજિપ્ત એ યુગમાં ઘણાં જોડાયેલાં. સીઝર ક્લિઓપેટ્રા અને ઍન્ટનિ ક્લિઓપેટ્રા, તેમાંય ઍન્ટનિ ક્લિઓપેટ્રાની પ્રણયકથાને તો શેક્સપિયરે અમર કરી દીધી છે. ઈજિપ્તની મોહિની રાણી ક્લિઓપેટ્રા એ બંને પ્રેમમાં ગળાબુડ હતાં, ત્યારે ઑગસ્ટસને આવવું પડેલું. મંદિર જોતાં એ બધો સમય, કાલ્પનિક સમય મનમાં અનુભવી શકાય.

ત્યારનું એ મંદિર નાઈલને કાંઠે રહેલું. પણ પછી ઈજિપ્તે નાઈલ પર ડેમ બાંધવા માંડ્યો. પ્રસિદ્ધ આસ્વાન ડૅમ. ડેમ બંધાય કે ઘણું બધું ડૂબમાં જાય. આ મંદિર પણ ડૂબમાં જતું હતું. તેવે વખતે યુનસ્કોએ એ મંદિરને જાળવવા માટે અપીલો બહાર પાડી અનેક દેશોની સરકારનો સાથ સહકાર માંગ્યો. બંધ તો બંધાવાનો જ હતો, તો પછી મંદિરની સુરક્ષા કેવી રીતે?

મંદિરને ભાવિ મનુષ્ય જાતિ માટે રાખવું પણ હતું. એક જ ઉપાય હતો, એને ઉપાડીને બીજે સ્થાપિત કરવું. ઘણું બધું દ્રવ્ય તો જોઈએ, પણ કુશળ ટેક્નૉલૉજિ પણ.

૧૯૬૩માં નાઈલને કાંઠેથી એ મંદિર આ મહાનગરમાં સ્થાપિત થયું. એ મંદિર સપ્રાણ હોત અને જો બોલી શકત તો? નાઈલના મુક્ત

મ્યૂઝીઅમના પ્રાંગણમાં ભોળાભાઈ પટેલ · પ્રીતિ સેનગુપ્તા



કિનારેથી અહીં આધુનિક નગરના આ મ્યૂઝીઅમમાં એને કેવું લાગે છે, તે કહેત. કહેત કે ગુંગળાઉં છું, ભલે જીવી ગયું છે. અહીં મ્યૂઝીઅમમાં મંદિર પાસેથી એક કૃત્રિમ ઝરણું પણ એમ તો કલકલ કરતું વહી રહ્યું છે.

આપણા રેતિયા પથ્થરો જેવા પથ્થરોનું મંદિર. પેલા પિરામિડો આગળ તો નહીંવત્. એક પ્રવેશનો દરવાજો છે, પછી વચ્ચે ખાલી સ્પેસ છે, પછી મંદિરનો મુખ્ય ભાગ. ગોપુર અને મુખ્યમંદિર જેવું. સ્તંભ-આધારિત છત. એ જેમ ત્યાં ઊભું હતું, તેવી જ રીતે અહીં ઊભું છે. એની દીવાલો પર અંકનો છે. અમે એ મંદિરમાં પ્રવેશ કર્યો, એની પ્રદક્ષિણા કરી, કોઈ ભક્તિભાવ નહોતો, પણ એક ગદ્‌ગદ્ કરતો ભાવ હતો કે માણસ કેવો છે? એ વિનાશ પણ વેરે છે અને સાંસ્કૃતિ રક્ષાનો આવો મહાન પુરુષાર્થ પણ કરી જાણે છે! આ મંદિર ડૂબી ગયું હોય તો યે શું? પણ ના. દેન્દુરનું આ મંદિર માનવજાતિના કલા-વારસા રૂપે જાળવીને જાણે આપણા સહિયારા ધનનું જતન કરવામાં આવ્યું છે. થોડીવાર એના ઓટલા પર બેઠાં. એના ઓટલા પર બેઠા વિના કોઈ પણ મંદિરમાં જવાનું પુણ્ય મળે?


ઈટલીના વિસુવિયસ પર્વતની જવાળાઓ અને લાવારસથી ધ્વસ્ત થએલા અને સદીઓ સુધી દટાએલા રહેલા પોમ્પીનગરને ખોદીને બહાર કાઢવામાં આવ્યું છે. તેની કેટલીક ચીજો તો જાણે એમને એમ સચવાએલી છે, કેટલાંક ઘર પણ, એનાં ચિત્રાંકનો એવા જ તાજા રંગો સાથે, આજે સદીઓ પછી.

ફરતાં ફરતાં એક ઘર જોયું - A Tragic Poet's House ઘરનો મુખ્ય ભાગ એવું લખેલું. ઘરનું પ્રવેશદ્વાર, અંદરનો ખંડ અને ખુલ્લું આંગણ અને પછી એ જોતાં થંભી જવાયું. કવિનું ઘર? વિસુવિયસ જ્યારે જવાળાઓ ઓકતો હશે, ત્યારે કવિ ક્યાં હશે? કોણ એ કવિ? 'ટ્રેજિક' શા માટે? એ પ્રશ્નોના ઉત્તર શોધવાના છે.

કવિનું ઘર? રાજશેખરે 'કાવ્યમીમાંસા'માં કવિનું ઘર કેવું હોવું જોઈએ, એનું વર્ણન કર્યું છે. કદાચ એ રાજકવિના ઘરનું વર્ણન હશે. કવિને તો ઘર હોય તો ય ઘણું - એમ કોઈ કહે. પણ જો ખરેખર 'ઘર' હોય તો કેવું હોય? રાજશેખરને વાંચ્યા પછી, એવું બીજું વર્ણન એક લી રિહુઆ નામે ચીની પંડિતે કરેલું છે, તે જોયું - આ જ મેટ્રોપોલિટન મ્યૂઝીઅમમાં. વર્ણન જ નહિ, એ ઘર પણ જોયું. વળી પાછું આ ન્યૂ યૉર્ક નગર મધ્યે હજારો વરસ અને માઈલો દૂર એવા પ્રાચીન કોઈ ચીની પંડિતનું ઘર. The Chinese Scholar's Studio. અહીં સ્ટૂડિઓ એટલે અભ્યાસગૃહ. આ પણ કોઈ રાજપંડિત હશે. નહીંતર અનાહરે જેનાં સંતાન મૃત્યુ પામેલાં એવા અભાવગ્રસ્ત મહાન કવિ તુ-ફુ ને આપણે જાણીએ છીએ.

મને થયું - આપણો પણ આવો એક સ્ટડિરૂમ હોય!

આ અભ્યાસખંડ એવે સ્થળે હોય જ્યાં એકાદ ઝરણું કલકલ કરતું ટેકરીઓના વળાંકે વહી જતું હોય. એ ખંડની ચારે બાજુએ નાજુક નેતર જેવા વાંસના છોડ હોય, તાજા પવનની લહરીઓનું સ્વાગત



પેપ્સીકો પાર્કમાં કમળતળાવડીને તીરે લેખક અને પ્રીતિ સેનગુપ્તા

કરતા હોય, જરા દૂર એક જરઠ ગાંઠોવાળું નીચી ઝૂકેલી ડાળીઓવાળું ઝાડ હોય, પથ્થરના જડતરવાળા ફુવારાની આસપાસ શેવાળ બાઝેલી હોય, અને કેટલાક સુગંધ વેરતા છોડ ઊગેલા હોય- સવારે ને સાંજે ભાત, માછલી, મધુર આસવ અને ચા મળી રહે, અને દરવાજે એક બલિષ્ઠ પ્રહરી હોય જે અમસ્તા મળવા આવનારાઓને દરવાજામાં પેસવા ન દે.

બરાબર આવો જ ખંડ. પેલી સવાર-સાંજવાળી વાત નહોતી અને પ્રહરી નહોતો એટલું. લાલ રંગનાં નળિયાનાં ઝૂકેલા છાપરાવાળા આ ખંડમાં પ્રવેશતાં એવું લાગ્યું કે, સાચે કોઈ ચીની પંડિતના ઘરમાં છીએ. બહુ ગમ્યું. એ જ પાછો પ્રશ્ન- કોણ રહ્યું હશે આ ઘરમાં? કોણ એ કવિ? ટેકરીઓ અવશ્ય નથી, પણ ઝાડ છે, જેવું પેલા વર્ણનમાં છે. ઝરણું પણ છે. પેલો શેવાળ વીંટળાયેલ ફુવારો પણ.

થયું ક્યાં આ નગરમાં ગગનચુંબી મહાલયો, સ્કાઈસ્ક્રેપર્સ અને ક્યાં આ પંડિત કવિનું ઘર? ભાવવિભોર બની ઊભા રહી જવાય.

એ આષાઢનો પહેલો દિવસ હતો, અને હવામાન ખાતાની આગાહી હતી કે વરસાદ થશે. અહીં ન્યૂ યૉર્કમાં કવિ કાલિદાસનું સ્મરણ ન થવાનું કારણ નહોતું. પ્રીતિએ રવીન્દ્રસંગીતની કસેટ મૂકી - 'મેઘેર પરે મેઘ જમે છે,' બીજું ગીત 'બાદલદિનેર પ્રથમ કદમફુલ...'

બાદલ દિવસ હતો. છતાં પ્રીતિ પેપ્સીકોના પાર્કમાં લઈ ગયાં. પેપ્સીકો એટલે એ જ પેલી પેપ્સી કોલાવાળી જગપ્રસિદ્ધ કંપની. પહેલાં તો મારો એ જ પ્રતિભાવ કે ત્યાં શીદ જવું? પણ ગયા પછી લાગ્યું કે ન આવીને ગુમાવ્યું હોત. આ રાક્ષસી કંપનીએ પોતાની ઑફિસોની આસપાસ વિશાળ જગ્યામાં નયનરમ્ય સ્પર્શરમ્ય પાર્કની રચના કરી છે, અને પ્રજાજનો માટે પણ ખુલ્લો રાખ્યો છે. બાજુના પરચેઝ ગામમાં 'સુની' સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂ યૉર્કનું કેમ્પસ છે.

(અનુ. પૃ. ૧૫૧ પર)

વીજાણુ માધ્યમ
રેડિયો

ડૉ. ચંદ્રકાન્ત મહેતા

સમૂહ પ્રત્યાયનના એક મહત્ત્વના સાધન તરીકે ટેલિવિઝનના પુરોગામી તરીકે રેડિયોની આગવી બોલબાલા હતી. સડકથી માંડી સંસદ સુધી અને પ્રાસાદથી માંડી પર્ણકુટી સુધી રેડિયોનું એકચક્રી રાજ્ય હતું. લોકપ્રિયતાની દોડમાં ટેલિવિઝન આગળ નીકળી ગયું છે, એ વાતનો સ્વીકાર કરીએ તો પણ આજે ગ્રામ-જીવનમાં રેડિયોના મહત્ત્વમાં નિરાશાજનક ઓટ આવી નથી.

શ્રાવ્ય ઉપકરણ તરીકે રેડિયો જ્ઞાન, માહિતી, મનોરંજન અને જનસંપર્કનું નોંધપાત્ર કાર્ય કરતો રહ્યો છે. તેમ છતાં રેડિયોના આવિષ્કારનું શ્રેય કોઈ એક જ વિજ્ઞાનીને આપી શકાય તેમ નથી. રેડિયોની શોધ માટે આપણે ઇટલીના ગુગલીલ્મો માર્કોની, જર્મનીના હેનરિખ હર્ટ્ઝ અને અમેરીકાના લી.ડે. ફૉરેસ્ટની પીઠ થાબડી શકીએ તેમ છતાં ઇ.સ. ૧૮૯૬માં માર્કોનીએ મૅગ્નેટિક વેવ્ઝના પ્રયોગો દ્વારા તારના માધ્યમ સિવાય અવકાશમાં સંદેશ-સંચારનો સફળ પ્રયોગ કર્યો, ત્યારથી લોકોએ ગુગલીલ્મો માર્કોનીને રેડિયોના આવિષ્કર્તા તરીકે ઓળખવાનું આરંભી દીધું. માર્કોનીએ બોલોગ્ના (ઇટલી)માં તાર વગર સંદેશો મોકલવાનો પ્રયોગ કરી જોયો અને ઇ.સ. ૧૮૯૯માં તેણે બ્રિટિશ ચૅનલને પેલે પાર મોકલવામાં પ્રથમ વાર સફળતા પ્રાપ્ત કરી. એ જ ક્રમમાં ૧૯૦૧માં માર્કોનીએ ઈંગ્લૅન્ડથી ન્યૂ ફાઉન્ડલૅન્ડ તારની મદદ વગર સંદેશા-પ્રસારણ અજમાવી જોયું. ઇલેક્ટ્રોન વાલ્વની શોધનું શ્રેય અમેરિકન વિજ્ઞાની લી.ડે. ફૉરેસ્ટને જાય છે. રેડિયોના વિકાસમાં 'ડાયડ રેક્ટિફાયર ટયૂબ'ની શોધનું ભારે મહત્ત્વ છે, જેની શોધ સર જહોન ફ્લેમિંગે ૧૯૦૪માં કરી હતી. પરંતુ વૅક્યૂમ ટયૂબ ટ્રાયડ એમ્પિલફાયર (ફિલામેન્ટ પ્લેટ અને ગ્રીડ સાથે)ના શોધક લી.ડે. ફૉરેસ્ટને 'રેડિયોના પિતા' તરીકે તે નવાજવામાં આવ્યા.

અવાજ રૂપે પ્રથમ વાર રેડિયો પ્રસારણનું સન્માન કોને ફાળે જાય તે વિવાદાસ્પદ રહ્યું છે. આ વિશે વિવિધ પ્રકારના દાવા થતા રહ્યા છે. એવું મનાય છે કે ઇ.સ. ૧૯૦૬માં Reginal. A. Fessenden બ્રાન્ટ રૉક (મૅસેચ્યૂસેટ્સ) દ્વારા ધ્વનિ-પ્રસારણ કરવામાં આવ્યું હતું. એક જહાજ-ચાલક પોતાના રિસિવિંગ ઉપકરણ દ્વારા આશ્ચર્યજનક 'માનવ ધ્વનિ' સાંભળી નાચી ઊઠ્યો હતો. કેટલાંક લોકો આ ધ્વનિપ્રસારણનો સમય ઇ.સ. ૧૮૯૨નો માને છે તે મુજબ તાર વગર સંદેશો મોકલવાના નિદર્શનમાં 'હલ્લો રેની' કહીને રેની ટી. વેલ્સ સાથે વાત કરવામાં આવી હતી. રેડિયોનો પ્રયોગાત્મક ઉપયોગ એક વહાણથી બીજે વહાણ અને વહાણથી કિનારા સુધી તાર વગર સંદેશો મોકલવા માટે કરવામાં આવ્યો હતો.


વિજ્ઞાની હર્ટ્ઝને સૌપ્રથમ એ વાતનો ખ્યાલ આવ્યો કે વિદ્યુતની ચિનગારીમાંથી કેટલાંક એવાં મોજાં નીકળે છે, જેના દ્વારા તે જ પ્રકારની ચિનગારીઓ ફરીથી ઉત્પન્ન કરી શકાય છે. માર્કોનીએ વિદ્યુત ચિનગારી અને તેમાંની નીકળનાર મોજાં દ્વારા કેવી રીતે તાર વગર સંદેશા મોકલી શકાય તેના પ્રયોગો ચાલુ રાખ્યા. અને ઇલેક્ટ્રોન વાલ્વને શોધે એમાં વિસ્મયકારક પરિણામો આપ્યાં.

પ્રસારણ કેન્દ્રોમાં ટ્રાન્સમિટરના વાલ્વ ધ્વનિને રેડિયો-તરંગમાં પરિણત કરે છે. આવો વીજળીક પ્રવાહ એક સેકંડમાં અસંખ્ય વાર વહેતો થાય છે. માઇક્રોફોન સામે જે અવાજ રજૂ થાય છે તે તરત જ વાલ્વની મદદથી રેડિયો-તરંગ રૂપે બદલાઇ જાય છે. ટ્રાન્સમિટર સ્ટૂડિયોથી થોડાંક દૂર અંતરે હોય છે. ત્યાં સુધી ધ્વનિ-તરંગો તાર દ્વારા મોકલવામાં આવે છે. એરિયલની અંદર કરંટનું ખૂબ જ ત્વરિત ગતિએ ઉપર-નીચે આવન-જાવન થાય છે. જ્યારે પ્રસારણ કેન્દ્રનો ઉદ્‌ઘોષક એવી ઉદ્‌ઘોષણા કરતો સંભળાય કે પોતે આઠસો કિલો સાઇકલ (સેંકડના) પરથી બોલી રહ્યો છે, તો તેનો સીધો અર્થ એ જ ઘટાવી શકાય કે એરિયલની અંદર કરંટ એક સેંકડમાં આઠ લાખ વખત આવાગમન કરી રહ્યો છે. આ કરંટને કારણે એરિયલ રેડિયોનાં મોજાંને ચારે દિશામાં મોકલી શકે છે. આ રેડિયો-તરંગ એક સેકંડમાં એક લાખ છયાશી હજાર માઇલની તેજ ગતિએ એટલે કે પ્રકાશની ગતિએ દોડે છે.

રિસિવિંગ સેટ (ગ્રાહકનો રેડિયો સેટ) ના એરિયલ સાથે રેડિયોનાં મોજાં સંપર્કમાં આવે છે ત્યારે તેમાં કરંટ ઉપર-નીચે થવા માંડે છે. પરંતુ રિસિવિંગ સેટ આપનાર કરંટ બીજા છેડાના પ્રસારણ-સેટ પરથી આવનાર કરંટ જેટલો શકિતશાળી નથી હોતો. એટલે આપણા રેડિયો સેટના ત્રણ મહત્ત્વના ભાગો આપણને અવાજ સંભળાવવાની કામગીરીમાં મદદરૂપ બને છે. એમાંનો સૌથી મહત્ત્વનો છે 'ટયૂનર'. આપણા રેડિયો-સેટના એરિયલ સાથે તો અનેક પ્રસારણ-કેન્દ્રોનાં રેડિયો-મોજાં ટકરાય છે. ટયૂનરની મદદથી આપણે પસંદગીના પ્રસારણ કેન્દ્રનો કાર્યક્રમ ઇચ્છાનુસાર સાંભળી શકએ છીએ. આપણે જ્યારે ટયૂનર દ્વારા સ્ટેશન પકડવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે, તે સ્ટેશનનો

કાર્યરત માર્કોની





રેડિયોનું પહેલું મૉડેલ

કરંટ ડિટેક્ટર'માં જાય છે. અને રેડિયો ડિટેક્ટર રેડિયો-તરંગોનું એવી રીતે રૂપાંતર કરે છે કે તેનો 'લાઉડ સ્પીકર' ઉપયોગ કરી શકે. પરિણામે પ્રસારણ-કેન્દ્રે પ્રસારિત કરેલા અવાજને આપણે આપણા રેડિયો સેટ દ્વારા સાંભળી શકીએ. છીએ. રેડિયો દ્વારા શૉર્ટવેવ અને મીડિઅમવેવ બંનેના કાર્યક્રમો સાંભળી શકાય છે. મીડિઅમવેવનું ટ્રાન્સમિટર લગભગ સોએક માઈલના વિસ્તારમાં કાર્યક્રમનું પ્રાસરણ કરી શકે છે, જ્યારે શૉર્ટવેવનું ટ્રાન્સમિટર હજારો માઇલના અંતર સુધી એ કાર્યક્રમો પ્રસારિત કરી શકે છે. એમ્પ્લિફાયર, ઓસિલેટ ડિટેક્ટર, ઑડિયો એમ્પ્લિફાયર લાઉડ સ્પીકર વગેરે રેડિયો કાર્યક્રમ સંભળાવવાનું મહત્ત્વનું કામ કરે છે. કેટલાક રેડિયોમાં વાલ્વને બદલે નાનાં ટ્રાંઝિસ્ટર ઉપયોગમાં લેવાતાં હોય છે. ટ્રાન્ઝિસ્ટર જર્મેનિયમ અને સિલિકનના ક્રિસ્ટલ્સમાંથી બનાવવામાં આવે છે. આ બંને તત્ત્વો અર્ધચાલક ગણાય છે. એમાં બીજા કેટલાક પદાર્થો ભેળવવામાં આવે છે ત્યારે એની વિદ્યુત્-ચાલકતા બદલાઈ જાય છે અને તેમનો વધુ સારા અર્ધચાલક તરીકે ઉપયોગ કરી શકાય છે. ટ્રાંઝિસ્ટર્સનો ઉપયોગ રેડિઓ ઉપરાંત અન્ય શ્રાવ્ય સાધનો, અવકાશી રૉકેટ, કમ્પ્યૂટર, ટેલિવિઝન, વી.સી.આર. વગેરેમાં પણ થાય છે. ટ્રાંઝિસ્ટરના ઉપયોગને કારણે જ રેડિયોનાં મોટાં મોડેલ્સને બદલે આપણને નાની સાઇઝના રેડિયો સુલભ બન્યા. ૧૯૮૩માં તોશિબા એ.એમ.- એફ.એમ. ૩૦૨ની સાઇઝ ૪.૯x૩x૨.૨ ઇંચની છે અને તેનું વજન માત્ર ૮૫ ગ્રામ છે.

ટ્રાન્ઝિસ્ટરની શોધ ઇ.સ. ૧૯૪૮માં થઈ હતી. આ શોધ માટે અમેરિકાના ત્રણ વિજ્ઞાનીઓ જ્હોન બારડીન, વિલિયમ શોકલે અને વૉલ્ટર બ્રાટેન ધન્યવાદપાત્ર છે. આવા અપૂર્વ આવિષ્કાર માટે આ ત્રણેય વિજ્ઞાનીઓને ૧૯૫૬નો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

શ્રાવ્ય-પ્રસારણના આરંભની વાત પણ વિવાદગ્રસ્ત છે. કારણ કે કેટલાંક કેન્દ્રો પ્રયોગાત્મક કાર્યો માટે વિકસ્યાં હતાં અને તેમણે પ્રયોગોની સાથે-સાથે ક્યારે જાહેર પ્રસારણની કામગીરી આરંભી તે નક્કી કરવાનું મુશ્કેલ છે. આવાં બે પ્રયોગાત્મક કેન્દ્ર ઇ.સ. ૧૯૧૫માં વિસ્કોસીન યુનિવર્સિટીમાં અને ૧૯૧૬માં પીટ્સબર્ગમાં શરૂ થયાં હતાં. સુઆયોજિત પ્રથમ પ્રસારણને બીજી નવેમ્બર, ૧૯૨૦ના દિને થએલા હાર્ડિંગ કોકસની પ્રમુખ તરીકે થએલ ચૂંટણીના પ્રસારણ સાથે જોડવામાં આવે છે. અમેરિકાના વાણિજ્યખાતાના દફતરની માહિતી મુજબ પ્રસારણનો વિધિસરનો પરવાનો ૧૫ સપ્ટેમ્બર, ૧૯૨૦માં આપવામાં આવ્યો હતો. ડબ્લ્યૂ. ડબ્લ્યૂ જે ડેટ્રોઇટ દ્વારા પણ તા. ૨/૮/૧૯૨૦ના રોજ નિયમિત પ્રસારણના પ્રારંભનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ ટેલિફોન લાઇનનો ઉપયોગ કરીને નેટવર્ક-પ્રસારણનો આરંભ ૧૯૨૨થી થયાનું મનાય છે. બેઝબોલ વર્લ્ડ સિરિઝનું પ્રસારણ પણ તે જ વર્ષે થયું હતું. ન્યૂ યૉર્કના ડબ્લ્યૂ. ઇન.એ. એફ., ન્યૂ યૉર્ક અને ડબ્લ્યૂ એન.એ.સી. બોસ્ટને પણ ફુટબોલ ગેઇમનું સંયુક્ત પ્રસારણ કર્યું. જૂન, ૧૯૨૩માં પ્રેસિડેન્ટ હાર્ડિંગના સેંટ લ્યૂઇસ, ન્યૂ યૉર્ક તથા વૉશિંગ્ટનથી એક સાથે કરવામાં આવેલા પ્રવચન-પ્રસારણને લાખ્ખો લોકોએ સાંભળ્યું હતું. આમ, ૧૯૨૦માં મેક્રોની કંપનીએ ઈંગ્લેન્ડથી પ્રથમ રેડિયો-પ્રસારણ કર્યું ત્યારથી માંડીને રેડિયો-પ્રસારણક્ષેત્રે અનેક પ્રયોગો થતા રહ્યા. વિશ્વયુદ્ધો દરમિયાન રેડિયોનો ઉપયોગ મુખ્યત્વે બૉમ ફેંકવાના સંકેતો આપવા માટે કરવામાં આવતો હતો. અખબારના પ્રતિનિધિઓ પણ વિશ્વયુદ્ધના સમાચાર અને અહેવાલો રેડિયો દ્વારા પોતાના મુખ્ય મથકે પહોંચાડતા હતા.

ભારતમાં આકાશવાણીની સેવા હાલમાં કેન્દ્ર સરકારના માહિતી-પ્રસારણ ખાતા હસ્તક છે. ડાયરેક્ટર જનરલ તેનું નિયમન કરે છે. ભારતમાં રેડિયો-પ્રસારણના પ્રથમ આરંભનું પગેરું ઇ.સ. ૧૯૨૭માં ખાનગી માલિકીના મુંબઈ તથા કલકત્તાથી કરવામાં આવેલા આકાશવાણી પ્રસારણમાં શોધી શકાય. ૧૯૩૦માં હિંદ સરકારે આ બંને કંપનીઓનો વહીવટ સ્વહસ્તક લીધો અને તેને 'ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ સર્વિસ' (ભારતીય પ્રસારણ સેવા') એવું નામ આપવામાં આવ્યું. ૧૯૩૬માં આ પ્રસારણ સેવાને 'ઑલ ઇન્ડિયા રેડિયો'નું નામ મિ. ફિલ્ડેને આપ્યું અને ૧૯૩૯માં પ્રથમ વાર ભારતીય ભાષાઓમાં કાર્યક્રમ-પ્રસારણનો આરંભ થયો. ૧૯૫૭માં રેડિયોને 'આકાશવાણી' એવું નવું ભારતીય નામ આપવામાં આવ્યું. એવું મનાય છે કે આ નામ હિન્દીના સુપ્રસિદ્ધ કવિ સુમિત્રાનંદન પંતે પ્રયોજ્યું હતું.

આજે રેડિયો નેટવર્ક દ્વારા ભારતની ૮૯% ભૌગોલિક વિસ્તારને આવરી લે છે. દેશનાં ૯૮ બ્રોડકાસ્ટિંગ સ્ટેશનો દ્વારા ૯૫% વસતી લાભાન્વિત થાય એવી વ્યવસ્થા ગોઠવાઈ છે. બે કરોડથી પણ વધુ રેડિયો-સેટ્સ દ્વારા લોકો રેડિયો-કાર્યક્રમો સાંભળે છે, જો કે ટેલિવિઝનને કારણે શહેરોમાં

વિવિધ ભારતીનાં ૩૯ પૈકી શૉર્ટવેવ ૩૭ મીડિઅમવેવ કેન્દ્રો છે. ટ્રાન્સમિટરોની સંખ્યા ૧૮૦ છે. જ્યારે ભારતમાં સમગ્રતયા ૧૩૧ *મીડિઅમવેવ, ૩૭ શૉર્ટવેવ અને ૬ સ્થાનિક ટ્રાન્સમિટરો છે.*

(અનુ. પૃ. ૧૪૯ ૫૨)

ભારતીય રૉકેટ-વિકાસનું એક વિસરાયેલું પાનું

ડૉ. સુશ્રુત પટેલ

સવાલ નંબર એક : ભૂમિ પરથી સૌપ્રથમ સ્વદેશી રૉકેટ ક્યારે છોડાયું? સવાલ નંબર બે : ભારતની ભૂમિ પરથી સ્વદેશી પણ આધુનિક કહી શકાય તેવું રૉકેટ સૌપ્રથમ ક્યારે છોડાયું?

એકસરખા જણાતા બંને સવાલોમાં 'આધુનિક' શબ્દ મહત્ત્વનો છે. આવા સવાલો 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ્સ'માં જોવા મળે છે. છેલ્લાં બે વર્ષથી માત્ર ભારતના જ વિક્રમો રજૂ કરતું એક નવું પુસ્તક જોવા મળે છે. ૧૯૯૦માં એની પ્રથમ અને ૧૯૯૧માં એની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ હતી. તેનું નામ છે : 'લિમ્કા બુક ઑફ રેકૉર્ડ્સ.' પણ સબૂર! આ બંને સવાલોના જવાબ તમને આ બંને સંદર્ભગ્રંથોમાંથી નહીં મળે. એ માટે તો તમારે આ લેખ વાંચવો પડશે. પહેલા સવાલ નંબર એકની વાત કરીએ, જરા થોડા વધુ ખુલાસાથી.

ગયા વર્ષે એટલે કે ૧૯૯૦ની ૧૯મી મેના રોજથી આપણા દૂરદર્શન પરથી "ધ સ્વૉર્ડ ઑફ ટીપુ સુલતાન" નામની એક બહુચર્ચિત શ્રેણી ચાલુ થઈ છે. આ શ્રેણીના આરંભે દરેક હપ્તો શરૂ થતાં પહેલાં આ મતલબનું લખાણ જોવા મળે છે: 'આ શ્રેણી ઇતિહાસ આલેખવાનો કોઈ જ દાવો કરતી નથી. ટીપુ સુલતાનના સમગ્ર જીવન કે એની સાથે સંકળાએલી કોઈ પણ ઘટનાનો સાચો ચિતાર પણ રજૂ કરતી નથી. ફક્ત એક નવલકથાને નાટ્યાત્મક સ્વરૂપમાં રજૂ કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે.' આ બયાનના સત્યની પરાકાષ્ઠા આ શ્રેણીના ૩રમા હપ્તામાં ચરમ સીમાએ જોવા મળી. આ હપ્તામાં સ્ત્રીઓના મુશાયરાનું એક દૃશ્ય હતું . અંદાજે ૨૦ મિનિટ સુધી વાહ-વાહ કરતાં શેરો-શાયરી રજૂ કરાયાં હતાં. કોઈ કહેશે શેરો-શાયરીનો સ્વભાવ જ એવો છે કે એમાં દિલ હોય, દલીલ ન હોય. એમાં તર્કનું ભાગ્યે જ નભે. પણ અહીં એની સામે કરેલો તર્ક બે રીતે વાજબી ઠરે છે. એક તો એ કે આ આખું દૃશ્ય તદ્દન કંટાળાજનક હતું. બીજું કારણ એ કે ટીપુના જીવન સાથે સંકળાયેલા એક મહત્ત્વના પાસાનો માત્ર અલપઝલપ દૃશ્યોમાં સમાવી લેવાનો પ્રયત્ન પણ આ જ હપ્તામાં કરવામાં આવેલો. અને એનું કારણ મોં-માથા વગરના આ મુશાયરાને ફાળવેલો કદાચ પ્રમાણભાન વિનાનો સમય હતો.


શ્રેણીના એ હપ્તામાં દર્શાવવામાં આવેલું કે ટીપુનો સેનાપતિ ગાઝીખાન ટીપુને કેટલાક સૈનિકો દ્વારા રૉકેટવિદ્યાની ઝલક બતાવે છે અને આ નવા જ પ્રકારના ફેંકવાના હથિયાર(અસ્ત્ર)ની કામગીરી જોઈને અત્યંત આનંદ વ્યક્ત કરે છે. આગળ કહ્યું તેમ, આ દૃશ્ય ટૂંકાણમાં અને સાવ ઉપરછલ્લી રીતે રજૂ કરાયું હતું. પણ ઇતિહાસ આવું નથી કહેતો. હકીકત એ હતી કે ટીપુ સુલતાન (૧૭૫૧-૧૭૯૯)ને રૉકેટની માહિતી એના સેનાપતિઓ દ્વારા હરગિજ મળી ન હતી. પિતા હૈદરઅલી અને ટીપુએ અગાઉ રૉકેટોના હુમલાથી અંગ્રેજોને ઘણીવાર હંફાવ્યા હતા. તવારીખ સૂચવે છે કે દક્ષિણ ભારતના મલબાર વિસ્તારમાં છેક સત્તરમી સદીથી આવાં અસ્ત્રો વપરાતાં હતાં, અને મૈસૂરની સેનામાં આવી કામગીરી બજાવતી અલાયદી ટુકડી પણ હતી. હૈદરના સૈન્યમાં આ સંખ્યા ૧,૨૦૦ જેટલી હતી તે ટીપુના સમયમાં વધીને ૬૦૦૦ જેટલી થઈ હતી. આ શસ્ત્રને ત્રણ કે તેથી વધુ સંખ્યામાં એકી સાથે છોડવા માટે ટીપુએ પૈડાંવાળી ખાસ ગાડીઓ પણ બનાવેલી. આવી વ્યવસ્થાને આજે આપણે લૉંચ-પૅડ તરીકે ઓળખીએ છીએ. વિચાર કરો કે પાંચથી છ હજાર સૈનિકો આવી એક એક ગાડી પરથી કોઈ પણ એક મિનિટે એકથી વધુ અસ્ત્રો પ્રક્ષેપિત કરતા હોય તો સામેના દુશ્મનના સૈનિકોની માનસિક હાલત કેવી થાય?

ખરી રીતે તો આ અસ્ત્રોને રૉકેટ કરતાં મિસાઈલ કહેવા વધુ યોગ્ય છે. આજે યુદ્ધમાં ખુવારી સર્જતાં મિસાઈલોનાં આને પૂર્વજ કહી શકાય. ટીપુને નવાં નવાં શસ્ત્રો-અસ્ત્રો વિકસાવવામાં ઘણો જ રસ હતો, અને કદાચ એટલે જ, એવા શસ્ત્રોમાં એ કાળે માહેર એવા ફ્રેંચો સાથે એણે દોસ્તી કેળવી હતી. અસ્ત્ર-શસ્ત્રનો આવો જિજ્ઞાસુ અભ્યાસી ટીપુ ભલે વિજ્ઞાની ન હતો, પણ જો તમારે રૉકેટના વિકાસનો ઇતિહાસ લખવો હોય તો એમાં અધિકારપૂર્વક ટીપુને સામેલ કરવો પડે એવું કાઠું એણે આ ક્ષેત્રે કાઢ્યું છે.

૧૯૫૮ના ડિસેમ્બરની ૨૬મીએ છોડાએલું રૉકેટ



ટીપુએ રૉકેટમાં એક મહત્ત્વનો સુધારો કર્યો. એના અગાઉ રૉકેટનું ખોખું કે નળાકાર (સિલિંડર) પૂંઠાનું હતું. ટીપુએ એને સ્થાને લોખંડની ભૂંગળી પ્રયોજી. આવા મજબૂત આવરણને કારણે રૉકેટમાં દબાણપૂર્વક વધુ બારૂદ ઠાંસી શકાતો



૧૯૫૮માં રૉકેટ છોડાએલું ત્યારે તેનો હવાલો જેમની પાસે હતો તે જે. કે. કુમાર. એમની સહાયમાં હતા રમેશ રાવ.

હતો અને રૉકેટ ઘણે દૂર સુધી જઈ શકતાં હતાં. રૉકેટ માટે લોખંડનું આવરણ (ખોખું) વાપરનાર ટીપુ વિશ્વમાં પ્રથમ હતો. લંડનના શાહી તોપખાના, 'રૉયલ આર્ટિલરિ મ્યૂઝીઅમ' માં આ રૉકેટના નમૂના હજુ આજે પણ જોઈ શકાય છે. આ રૉકેટોની ભૂંગળી દસ ઈંચ લાંબી અને અઢી ઈંચ વ્યાસની છે. એમની પહોંચમર્યાદા ('Range') આશરે હજારેક વાર જેટલી રહેતી. ઉડ્ડયન દરમિયાન રૉકેટ સમતોલ રહે તે માટે તેમને એક લાંબા વાંસ કે પછી લાંબા અણિયાળા ભાલા સાથે બાંધીને દાગવામાં આવતાં હતાં. શત્રુ-લશ્કર ઉપર આગ વરસાવતા તીક્ષ્ણ ભાલાઓ વરસાદના જોરદાર ઝપટાની જેમ વરસી પડતા હતા!

આવા જ રૉકેટરૂપી મિસાઈલો વડે ટીપુએ ઇ. સ. ૧૭૯૨માં અને ૧૭૯૯માં અંગ્રેજ ફોજને ભારે શિકસ્ત આપી હતી, અને ૧૭૯૯માં તો બીજી વારના હુમલામાં પણ ભારે હાર આપી હોત, પરંતુ ડયૂક ઑફ વેલિંગ્ટન એટલે કે આર્થર વેલેસ્લી સામે શ્રીરંગપટ્ટનમ્ ખાતે ચાલેલો એ જંગમાં ટીપુના જ કેટલાય સેનાપતિઓ દ્વારા વિશ્વાસઘાત થયો ન હોત તો એમાં પણ ટીપુની જીત નિશ્ચિત હતી. આમ, દગાબાજીથી ટીપુ ઇ.સ. ૧૭૯૯માં મરાયો ત્યારે એની ઉંમર માત્ર ૪૮ વર્ષની હતી. અંગ્રેજોને ટીપુના રૉકેટોમાં રસ હતો. આવા સંખ્યાબંધ નમૂનાઓ ઈંગ્લૅન્ડ મોકલવામા આવ્યા. જ્યાં ટીપુના અવસાનનાં પાંચેક વર્ષ બાદ, ૧૮૦૪માં બ્રિટનના વુલવિચ ખાતેના શસ્ત્રાગાર (આર્સનલ)ની પ્રયોગશાળામાં કર્નલ (પાછળથી સર તરીકે નવાજવામાં આવેલા તે) વિલિયમ કૉંગ્રેવ (૧૭૭૨-૧૮૨૮) નામના અંગ્રેજે સઘન અભ્યાસ કરીને ટીપુથી વધુ ચઢિયાતાં રૉકેટોનું નિર્માણ હાથ ધર્યું. ઈતિહાસમાં આ રૉકેટો 'કૉંગ્રેવ રૉકેટ્સ' તરીકે ઓળખાયાં છે, જે ખરેખર તો ટીપુના રૉકેટોની વધુ સારી નકલ સમાન હતાં. પાછળથી ઇ.સ. ૧૮૦૬માં ઈંગ્લૅન્ડે ફ્રાન્સ સાથેના યુદ્ધમાં આ રૉકેટનો સફળતાથી ઉપયોગ કર્યો હતો.

અહીં એ નોંધવું જોઈએ કે રૉકેટમાં મહત્ત્વના અમુક સુધારા ભલે ટીપુએ કર્યા હતા, પણ રૉકેટ વાપરવાની પહેલ કરનાર એ પહેલો ન હતો. સરખામણીની ભાષામાં વાત કરીએ તો જગતભરમાં જેટલાં પ્રકારનાં ફૂલો થાય છે એના દસ ટકા જેટલાં જેમ દક્ષિણ આફ્રિકામાં થતાં જોવા મળે છે, તેવી જ રીતે, મોટા ભાગની શોધો પ્રાચીન ચીનમાં થઈ હોવાનું કહીએ તે કશું ખોટું નથી. આ તબક્કે સહેજ આડવાત પણ કરી લઈએ. આપણે આધુનિક મુદ્રણ માટે જર્મન શોધક ગુટેનબર્ગ (૧૩૯૮-૧૪૬૮)ને માન આપીએ છીએ. પણ એણે શોધેલા 'મૂવબલ ટાઈપ' ('movable type')ની શોધ ચીનમાં તો ઘણાં વર્ષો પહેલાં જ જાણીતી હતી. તેવી જ રીતે, આપણા શરીરમાં પરિભ્રમણ- જેને આપણે રુધિરાભિસરણ કહીએ છીએ- અને જેની શોધ અંગ્રેજ તબીબ વિલિયમ હાર્વે (૧૫૭૮-૧૬૫૭)એ કરી હોવાનું આપણે જાણીએ છીએ. પણ પ્રાચીન ચીની લોકોને આ જાણકારી તો એમ કહીએ કે ગળથૂથીમાંથી જ મળતી હતી તો ય કશું ખોટું નથી. આઈઝેક ન્યૂટન (૧૬૪૨-૧૭૨૭)ના ગતિના પહેલા નિયમની જાણકારી ચીનાઓ માટે નવી ન હતી. આ નિયમ તો એમને પહેલેથી જ્ઞાત હતો!

આવી તો કંઈક શોધો પ્રાચીન ચીનમાં થઈ હતી જેમાં 'બારૂદ' (ગન પાઉડર)નો સમાવેશ થાય છે. અગાઉ ગન પાઉડરને 'બ્લૅક-પાઉડર' કહેવાતો. પોટેશ્યમ નાઈટ્રેટ અથવા સુરોખાર ('saltpetre'),ગંધક અને લાકડાનો કોલસો- કાષ્ઠાંગાર (ચારકોલ)આ ત્રણેનું યોગ્ય માત્રામાં મિશ્રણ એટલે 'ગનપાઉડર' -ઑક્સિજનની હાજરીમાં ગંધક અને ચારકોલનું મિશ્રણ ઝડપથી સળગી ઊઠવાનો ગુણ ધરાવે છે. આ માટેનો જરૂરી ઑક્સિજન પોટેશ્યમ નાઈટ્રેટ (સુરોખાર) પૂરો પાડે છે. આને કારણે આ પાઉડર વાતાવરણમાં ઑક્સિજનનો અભાવ હોય તો પણ સરળતાથી સળગી શકે છે. જ્યારે આ ગન-પાઉડરને સળગાવવામાં આવે છે ત્યારે સળગાવવા માટે અનુકૂળ એવી બધી પ્રક્રિયાઓને કારણે એ અત્યંત ઝડપથી સળગી ઊઠે છે અને પુષ્કળ ધુમાડો યા વરાળ પેદા કરે છે.

માનવજાતિએ શોધેલો આ સૌપ્રથમ 'સ્ફોટકપદાર્થ' હતો. આ પાઉડર જો એક તરફથી બંધ એવી પોલી ભૂંગળીમાં ઠાંસી-ઠાંસીને ભરવામાં આવે, અને બીજે છેડે દિવેટ લગાડીને ચાંપવામાં આવે તો અંદરનું આ મિશ્રણ ધડાકા સાથે સળગી ઊઠે છે અને પુષ્કળ ધુમાડો યા વરાળ પેદા કરે છે, જે ભૂંગળીના ખુલ્લા- નાના છિદ્ર દ્વારા બહાર ધસે છે, અને ભૂંગળીને આગળની તરફ પ્રચંડ ધક્કા સાથે ગતિ આપે છે. હીંચકાને પાછળથી આપેલો ધક્કો એને આગળ ધકેલશે, પણ બીજી જ પળે તે પાછો વળશે. રૉકેટ પણ આજ સિદ્ધાંત પર કામ કરે છે. હીંચકાની શરૂઆત ક્રિયા છે અને હીંચકો પાછો આવે તે

પ્રતિક્રિયા છે. ન્યૂટનની ગતિના ત્રણ નિયમો પૈકીનો આ છેલ્લો અને ત્રીજો નિયમ છે.

ન્યૂટનના ગતિના પ્રથમ નિયમથી તો જૂના કાળથી ચીનાઓ પરિચિત હતા તે આપણે આગળ જોયું, તેવી જ રીતે, એના ત્રીજા નિયમથી પ્રાચીન ચીની વિજ્ઞાનીઓ ભલે પરિચિત ન હોય, પણ એનો વ્યવહારુ ઉપયોગ તો એમણે આ 'ગન પાઉડર'ની મદદથી રોકેટ જેવાં શસ્ત્રમાં પ્રયોજ્યો હતો જ. એક નોંધ કહે છે તે મુજબ ચીનાઓએ સંભવત: રોકેટને યુદ્ધમાં શસ્ત્ર તરીકે છેક ઇ.સ. ૯૯૪ની સાલમાં પહેલ પ્રથમ વાપર્યાં હોવાં જોઈએ. અલબત્ત, આવી સર્વસ્વીકૃત નોંધ ઇ.સ. ૧૨૩૨ની હોવાનું જણાયું છે. આ સાલમાં ચીનાઓએ મોંગોલ પ્રજાના આક્રમણ સામે પહેલીવાર 'ગનપાઉડર' ભરેલાં રોકેટ વાપર્યાં હોવાની નોંધ મળે છે. મોંગોલ તથા આરબો દ્વારા તે અરસામાં યૂરોપને પહેલીવાર રોકેટ અંગે જાણકારી મળી. લગભગ એ જ અરસામાં, ચીની સોદાગરો દ્વારા દક્ષિણ ભારતના બંદરકાંઠે આવેલાં રાજ્યોમાં રોકેટ અંગેની માહિતી ફેલાઈ, અને મલબાર વિસ્તારમાં આતશબાજીમાં અને ક્વચિત્ યુદ્ધમાં રોકેટો વપરાવાં લાગ્યાં. આ રોકેટો બહુ પ્રાથમિક કક્ષાનાં હતાં અને પૂંઠાની ભૂંગળીનાં બનેલાં આ રોકેટો યુદ્ધમાં દુશ્મન-પક્ષે ખુવારી કરતાં વધુ તો ભય પેદા કરતાં હતાં. આપણે આગળ જોયું તેમ, ટીપુએ એમાં સુધારા કરીને એમનો પુન: જન્મ કર્યો.

અંગ્રેજો એને માનથી 'ટીપુ સાહિબ' ઉર્ફે 'ટીપુ સાહેબ' કહેતા અને આજે પણ કેટલાક ઈંગ્લિશ સંદર્ભગ્રંથોમાં એ આ રીતે જ ઉલ્લેખાય છે, એવા ટીપુ સુલતાન અંગેની આટલી બધી મહત્ત્વની, રસપ્રદ અને પ્રત્યેક ભારતીય માટે ગૌરવપ્રદ બાબતનો ટીવીની આ શ્રેણીના નિર્માતાઓએ લગભગ છેદ ઉડાડી દીધો એમાં લોકોને રોકેટ અંગેના રોમાંચક ઈતિહાસનો એક કટકો તો જાણવા ન જ મળ્યો, પણ એના કર્તાઓએ સમગ્ર શ્રેણીને એક સરસ નાટ્યાત્મક સ્પર્શ આપવાની તક પણ ગુમાવી.

આ લેખના આરંભે મૂકેલા પ્રશ્ન નંબર એકનો ઉત્તર અહીં પૂરો થાય છે. ટીપુ અને એના રોકેટ અંગે અન્યત્ર સંદર્ભોમાંથી બીજી પણ સારી એવી માહિતી સાંપડશે. પણ પ્રશ્ન નંબર બેનો ઉત્તર સાંપડવો એટલો સહેલો નથી. અથવા એમ કહી શકાય કે ભારતીય રોકેટના વિકાસમાં ઈતિહાસના એક મહત્ત્વના તબક્કાને વિસારી દેવાયો છે.

કોઈ પણ સામાન્ય સંદર્ભગ્રંથો આ અંગે આટલી માહિતી આપશે: ભારતીય અંતરિક્ષ કાર્યક્રમનો રીતસરનો આરંભ ૧૯૬૩માં ત્રિવેન્દ્રમની પાસે માછીમારોના એક ગામ 'થુમ્બા' ખાતે થયો. અહીંથી ૨૧મી નવેમ્બર ૧૯૬૩ના રોજ અમેરિકન બનાવટનું બે તબક્કા ધરાવતું 'નાઈક-એપાચે' (Nike-Apache,) નામનું એક સાઉન્ડિંગ-રોકેટ આકાશમાં તીરની જેમ ધૂસી ગયું. એ જ વર્ષે અહીં 'સાઉન્ડિંગ-રોકેટ' લૉંચિંગ ફેસિલિટિ એટલે કે સાઉન્ડિંગ રોકેટ પ્રમોચન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. શું છે આ સાઉન્ડિંગ-રોકેટ? ઉચ્ચ સ્તરના વાતાવરણમાં



નોઝ-કોન ગોઠવતા યુવાન વિજ્ઞાનીઓ. રોકેટ ૧૩ ફૂટ લાંબું અને ૨૫૦ પૌંડનું હતું તથા મૈસૂર પાસેના લોન્ચ-પેડ પરથી તેને છોડવામાં આવ્યું હતું.

હવામાન અંગે અથવા અન્ય વૈજ્ઞાનિક અવલોકનો લેવા માટે છોડાતું રોકેટ આ નામે ઓળખાય છે. આ રોકેટની અંદર, મથાળે નોઝ-કોન ('nose-cone')માં મૂકેલા હવામાન અથવા વૈજ્ઞાનિક અવલોકનો કરવા માટેની યંત્રસામગ્રી (પેલોડ)ની મદદથી, રોકેટ ઉપર જાય અને નીચે આવે તે દરમિયાન માહિતી એકઠી કરીને એને ભૂમિ-મથક તરફ પ્રસારિત કરવામાં આવતી હોય છે. આ રીતે , ઉચ્ચ સ્તરના વાતાવરણના વિવિધ ગુણધર્મોના અભ્યાસમાં સાઉન્ડિંગ રોકેટ ઘણું ઉપયોગી થઈ પડે છે. આપણા 'ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન' (ઇસરો) દ્વારા મેનકા, રોહિણી, ભારતીય સેન્ટોર વગેરે નામે ઓળખાતાં સાઉન્ડિંગ-રોકેટ વિકસાવાયાં છે.

પણ આપણા મૂળ સવાલનો આ સાચો ઉત્તર નથી. ૨૧મી નવેમ્બર ૧૯૬૩ના રોજ થુમ્બાથી ઉડાવવામાં આવેલું રોકેટ અમેરિકન બનાવટનું હતું. અને આપણે જે ઘટનાનો ઉલ્લેખ કરવાના છીએ એ તો એના પણ પહેલાં, આશરે પાંચેક વર્ષ પહેલાં, બની હતી. અને ભારતીય યુવાનો એની સાથે સંકળાયેલા હતા.

આપણા વિજ્ઞાનીઓ 'સેટેલાઈટ લોન્ચ વ્હિકલ-૩' એટલે કે 'એસ. એલ. વી-૩' પ્રકારનાં રોકેટ વિકસાવ્યાં છે. આંધ્રપ્રદેશમાં આવેલા શ્રીહરિકોટા ખાતેથી આવું પ્રથમ રોકેટ ૧૮મી જુલાઈ ૧૯૮૦ના રોજ ઉડાડવામાં આવ્યું. ૧૭ ટન વજનના અને લગભગ ૨૨.૫ મીટર ઊંચા આ પ્રમોચન યાને (એટલે કે રોકેટે) આપણા 'રોહિણી' ઉપગ્રહને પૃથ્વીની આસપાસ ઘૂમતો કરી દીધો. રોકેટ અને એમાં મૂકેલો ઉપગ્રહ બંને સ્વદેશી. પ્રશ્ન નંબર બેનો ઉત્તર આમાં આવી જાય છે.

(અનુ. પૃ. ૧૮૦ પર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જહૉન ડ્રાયડન (૧૬૩૧-૧૭૦૦)

રેસ્ટોરેશન યુગની કવિતાની વાત કરતાં જહૉન ડ્રાયડનને (John Dryden) જ પ્રથમ સંભારવો પડે. એના યુગનો એ મહાન કવિ છે. બહુમુખી પ્રતિભા ધરાવનારા આ કવિએ અંગ્રેજી સાહિત્યના અનેક પ્રકારો અજમાવ્યા-ખેડ્યા; અંગ્રેજી કવિતાને નમૂના પૂરા પાડ્યા અને સિધ્ધાંતો પણ સ્થાપ્યા. પોતાનાં સૈધ્ધાંતિક વિવેચનોથી તેમ જ કાવ્ય-સર્જનથી અંગ્રેજી સાહિત્ય પર તેણે પ્રબળ પ્રભાવ પાડ્યો છે. કાવ્ય માટે વિશિષ્ટ રીતિ અજમાવી અને તેની હિમાયત કરી.

ડૉ. જહૉન્સને (Dr. Johnson) તેને નવી પદ્યરચનાના સ્થાપક તરીકે બિરદાવ્યો છે. એણે નોંધ્યું છે તેમ ડ્રાયડનના યુગ પહેલાં કોઈ વિશિષ્ટ કાવ્યબાની નહોતી; સ્થૂળ, ઘરગથુ વપરાશવાળી વાણીને વટી જવાની, અણઘડતાથી મુક્ત કલોચિત પદાવલિ નહોતી. ડ્રાયડને એકસાથે છટાદાર તેમ જ લવચીક (Flexible) અને વાતચીતયોગ્ય તેમજ સબળ-પ્રતીતિકારક (Cogent) એવી કાવ્યશૈલીનો નમૂનો પૂરો પાડ્યો. આ નવીન ચમત્કારયુક્ત શૈલી અનેક સર્જકો માટે તો કામયાબ બની જ રહી, પણ અંગ્રેજી કવિતાના ઈતિહાસમાં પણ તે માર્ગસૂચક સ્તંભરૂપ ગણાઈ છે. અલબત્ત, આ બાબતમાં તે વૉલર (Waller) અને ડેનરામ (Denram)નો ખાસ ઋણી છે. ડ્રાયડને આ અનોખી કાવ્યરીતિ અપનાવવા-પ્રયોજવા પૂર્વે ઘણી મથામણો ભોગવી હતી. ઈંગ્લેન્ડમાં જ્યારે રાજા-પ્રજા વચ્ચે તેમજ ધાર્મિક સંઘર્ષ ચાલી રહ્યા



હતા તે સમયે ડ્રાયડન લોકપક્ષે-પાર્લમેન્ટ પક્ષે-હતો. ક્રોમવેલના મૃત્યુને તેણે કાવ્યનો વિષય બનાવ્યો હતો. પણ ચાર્લ્સ બીજાના રાજ્યારોહણને પણ તેણે કાવ્યમાં બિરદાવ્યું હતું. તદુપરાંત તેણે પોતાની ધર્મશ્રધ્ધાની બાબતમાં પણ ચાંચલ્ય દાખવીને સંપ્રદાય બદલ્યા હતા. અને એ કારણે તે ટીકાપાત્ર પણ બન્યો હતો. એની પ્રતિભા ખડતલ છતાં ગતીશીલ અને સંજોગો સાથે તાલ મિલાવનારી હતી. એટલે એના જીવનનો મર્મ પકડવો મુશ્કેલ રહ્યો છે.

ડ્રાયડનની કવિ તરીકેની કારકિર્દીનો આરંભ એની ત્રીસી પહેલાં થયો નહોતો. ઈંગ્લેન્ડમાં આત્મગૌરવ જાળવીને, કોઈ મોટા માણસોનો કૃપાલાભ મળે તે માટે તક શોધતો હતો. થોડીક પ્રાસંગિક રચનાઓ તેણે કરી હતી; પણ આમદાની માટે એટલું પર્યાપ્ત નહોતું. પ્યૂરિટન શાસનના અંત પછી થીએટરો ફરીવાર નાટ્યપ્રવૃત્તિથી ધમધમતાં થયાં અને કેટલાંય બૌધ્ધિકોએ એમાં ઝુકાવ્યું. ડ્રાયડન પણ એ ક્ષેત્રથી આકર્ષાયો અને જીવનનાં પંદરેક વર્ષ તેણે નાટ્યલેખન માટે આપ્યાં - એમાં કીર્તિ પણ કમાયો.

પણ એનું નસીબ, એણે ઈ. ૧૬૬૩માં બર્કશાયરના ઉમરાવની પુત્રી સાથે લગ્ન કર્યું તે પછી ઊઘડવા માંડ્યું. ઈ. ૧૬૬૮માં તેને રાજકવિનું પદ પ્રાપ્ત થયું ; અને પાછળથી રાજદરબાના ઈતિહાસ-લેખક તરીકેનો મોભો પણ તેને મળ્યો. એક તો ધનિક પરિવાર સાથે તેનો સંબંધ બંધાયો અને રાજસત્તાનો પણ તે કૃપાપાત્ર થયો એટલે તેની સામાજિક પ્રતિષ્ઠા ઝળકી ઊઠી અને કેટલાય સાહિત્યકારોને તે ખટકવા ય લાગી. એક ખ્યાતનામ સર્જક બકિંગહામે (Bucking ham) તો પોતાની એક કૃતિ રિહર્સલ (Rehearsal) દ્વારા ડ્રાયડનના નાટ્યસર્જનોની ભારે ઠેકડી ઉડાડી.

થોડા સમય પછી રાજકારણમાં સક્રિય થવું પડે તેવી રાજસત્તા તરફથી ડ્રાયડન પર 'વિનંતી' આવી. ઈ. ૧૬૮૮માં 'રક્તવિહીન ક્રાન્તિ' (Bloodless Revolution) થઈ તે પહેલાં 'પૉપિશ પ્લૉટ' (Popish Plot)ને કારણે પ્રજાજીવન આંદોલિત થઈ ગયું હતું. તદુપરાંત પાર્લમેન્ટમાં વ્હિગ (Whig) અને ટોરી (Tory) એમ બે પક્ષ પણ પડી ગયા હતા. ચાર્લ્સ બીજાએ, પોતાના કેથોલિક ભાઈ ડ્યૂક ઑવ યોર્ક જેમ્સ કેથોલિક હોવાથી તે ગાદીનો વારસ ના બને તે માટેનું વ્હિગ પક્ષનું કાવતરું સમજી લઈને રાજકવિ ડ્રાયડનનો ઉપયોગ કરવા ધાર્યું. ડ્રાયડનને આ મહત્ત્વની ઘટના નિરૂપતી એબ્સોલમ એન્ડ એકિટોફેલ (Absolam and Achitophel) કૃતિ માટે ખુદ રાજાએ વિષય સૂચવ્યો હતો કે કેમ તે કહેવું મુશ્કેલ છે; પરંતુ ડ્રાયડને

ચાર્લ્સ રાજાને મારી નાખીને તેના કેથોલિક સંપ્રદાયના ભાઈ ડ્યૂક ઑવ યોર્ક- જેમ્સને ઇંગ્લેન્ડની ગાદીએ બેસાડવાનું કાવતરું Popish Plot તરીકે ઓળખાય છે.

રાજાના પક્ષે એ કૃતિમાં પોતાની કવિકલમનું સમગ્ર સામર્થ્ય ઠાલવ્યું. અંગ્રેજી સાહિત્યમાં એક સમર્થ કટાક્ષકૃતિ તરીકે તે પંકાઈ ગઈ.

એ પણ તરત જ તેણે એન્ગ્લિકન ચર્ચમાં પોતાની ધર્મશ્રદ્ધા જાહેર કરી અને તેના બચાવમાં કાવ્યમાં તર્કશ્રેણી પ્રસ્તુત કરી. એ વાતને માંડ થોડાં વર્ષ વીત્યાં હશે ત્યાં તેણે અગાઉની પોતાની ધર્મ-શ્રદ્ધા રદ કરી અને રોમન કેથોલિક સંપ્રદાયમાં પોતાની ધર્મશ્રદ્ધા જાહેર કરીને તેની પ્રબળ હિમાયત કરી. ડ્રાયડનના આ ધર્મપલટા બે જુદા સંપ્રદાયના રાજવીઓ ઇંગ્લેન્ડની ગાદી પર આવ્યા તે કારણે હશે? કે પછી સ્વતંત્ર ચિંતને આ પલટા તરફ દોર્યો હશે? વચગાળામાં કેથોલિક ધર્મનો જેમ્સ બીજો ગાદી પર આવ્યો તે કારણે ડ્રાયડને ધર્મની બાબતમાં પલટો કર્યો હોય એવું સંભવિત છે. ડ્રાયડનને કેટલાકે 'સગવડિયા સિદ્ધાંતવાળો' કહીને પણ નવાજ્યો છે. એના જીવનમાં એણે લીધેલા પલટા પછી પણ તેની વૃદ્ધાવસ્થા હતાશામાં વીતી. તેમ છતાં યુવાન કવિઓની તે પ્રેરણામૂર્તિ હતો. કૉફી-હાઉસમાં તેનું સન્માન કરવા એ સહુ ઉત્સુક રહેતા. રેસ્ટોરેશન યુગમાં તો એ મહાન કવિ તરીકે પ્રતિષ્ઠા પામ્યો જ; પણ પછીની પેઢીઓએ પણ તેને ઓછો સન્માન્યો નથી.

ડ્રાયડનની કવિતાસમૃદ્ધિ

ડ્રાયડનની આરંભની કૃતિઓ વાંચવી ગમે તો પણ એમાં હજુ એની આગવી મુદ્રા ઊપસતી લાગતી નથી. એમાં તો પુરોગામી કવિઓની પરંપરાગત રીતિને જ અનુસરતો જણાય છે. 'હિરોઇક કપ્લેટ'ના ઉપયોગમાં પણ તેની ગતિ સ્વાભાવિક કે આસાન લાગતી નથી. એના વિદ્યાર્થીમિત્ર હેસ્ટિંગ્ઝના અકાળ અવસાન નિમિત્તે એક શોકપ્રશસ્તિ તે લખી નાખે છે, પણ એમાં અગાઉના કવિની અનુકરણવૃત્તિ વરતાય છે અને પદાવલિ પણ અણઘડ લાગે છે.

ઑલિવર ક્રોમ્વેલના મૃત્યુ- પ્રસંગે 'હિરોઇક સ્ટાન્ઝા'માં રચાયેલી શોકપ્રશસ્તિમાં તેની હવે પછી વિકસનારી કવિપ્રતિભાનાં બીજ દેખાય છે. કેટલીક પંક્તિઓમાં સાચી લાગણીનો રણકો પણ સંભળાય છે, અને અભિવ્યક્તિની છટા પણ ધ્યાન ખેંચે છે. તેમ છતાં હજી એની ઉચ્ચ રુચિનો સ્વાદ મળતો નથી, અને તેનો આયાસ પ્રકટ થઈ જાય છે. વિલિયમ દેવનાં (Sir William Devanant)ના 'ગન્ડીબર' (Gondibert) કાવ્યનું સ્વરૂપ અહીં ડ્રાયડને ખપમાં લીધું છે.

ડ્રાયડને ભલે પ્રજારક્ષક ક્રોમ્વેલને કાવ્યમાં બિરદાવ્યો; પણ પ્રકૃતિથી જ તેનું વલણ સુસ્થાપિત રાજસત્તા પ્રતિ ઢળતું છે. રાજસત્તા દૃઢ હોય તો પ્રજામાં અવ્યવસ્થા અંગે ભય ન રહે, બેજવાબદારી ના રહે, એવા ખ્યાલે જ સંભવત: તે ચાર્લ્સ બીજાના રાજ્યારોહણને એના 'એસ્ટ્રેઆ રિડક્સ' (Astraea Redux) કાવ્ય દ્વારા વધાવી લે છે. અહીં પણ કેટલીક વિષમતાઓ હોવા છતાં ડ્રાયડનની કલમ વિશ્વાસપૂર્વક ગતિશીલ બનતી જણાય છે. પણ આરંભકાળની તેની કાવ્યરચનાઓમાં સમર્થ ગણી શકાય તેવી તો 'મિરાબિલિઝ'(Annus Mirabillis - The year of wonders) જ છે. ઇ.સ.૧૬૬૬માં પ્રકટ થયેલી આ રચનામાં ડ્રાયડને એ વર્ષની અદ્‌ભુત ઘટનાઓ - ડચ સાથેનું નૌકાયુદ્ધ, લંડનની આગ - ને વણી લીધી છે. ડ્રાયડનની આ મહત્ત્વાકાંક્ષી ઐતિહાસિક કાવ્યકૃતિ છે. પરંપરાગત ઢાંચામાંથી છૂટીને એક નવી કાવ્યરીતિનો અનુભવ ડ્રાયડન અહીં કરાવે છે અને નવી અંગ્રેજી કવિતાની છડી પોકારે છે. આ કૃતિમાં ક્યાંક ક્યાંક તો મહાકાવ્ય પ્રતિ તેની કલ્પનાનું ઉડ્ડયન છે. નૌકાકાફલામાં તેમ જ દરિયાઈ યુદ્ધનાં ચિત્રો આલેખવામાં એની કલમ પૂરા સામર્થ્યથી ખીલી ઊઠી છે. એવી જ રીતે ભયંકર આગ પછી રાખમાંથઈ ફરી બેઠા થતા લંડન શહેરના ચિત્રમાં પણ ડ્રાયડનની કવિપ્રતિભા યોગ્ય રીતે પરખાય છે.

ડ્રાયડનને એની કાવ્યરચનાના આરંભકાળમાં પ્રાસંગિક પ્રશસ્તિ-કાવ્યોમાં સારી હથોટી આવી ગયેલી જણાય છે. એવાં કાવ્યોમાં કાવ્યનાયકને અભિનંદવામાં ડ્રાયડન ઊંચું ગાંભીર્ય અને સ્વાભાવિકતા દાખવે છે. આ કાવ્યસ્વરૂપને તે સતત સમારતો-સુધારતો જ રહ્યો છે અને સારી એવી સફળતા પામ્યો છે. એના એક મિત્ર રૉબર્ટ હાવર્ડ(Robert Howard) વિશેનું કાવ્ય ઉપરાંત ડૉ. શાર્લેટન (Dr. Charleton) વિશેનું કાવ્ય એની આ કાવ્યકેડી પર સફળ ગતિ સૂચવે છે. પણ 'ટુ ધ લેડી કેસલમેઈન'(To The Lady Castlemaine) કાવ્ય અહીં ખાસ સ્મરણમાં લાવવા જેવું છે. એમાં સાચા અભિનંદનનો રણકો નીચેની બે પંક્તિમાં હૂબહૂ પ્રકટ થયો છે.

But those great actions chaers do by chance
Are, like your beauty, your inheritance

અમુક વિશિષ્ટ વ્યકિતઓને ખાસ સમારંભોમાં પ્રશસ્તિ કાવ્યો દ્વારા બિરદાવવામાં ડ્રાયડનની ગતિ પાણીમાં ગતિ કરતા માછલા જેવી છે.

ડૉ. જહોન્સને આ પ્રકારની કાવ્યરચનાઓ વિશે ટીકા કરતાં નોંધ્યું હતું કે આવા પ્રાસંગિક કાવ્યપ્રયોગોમાં કોઈ પણ કવિની કલ્પના ઊંચું ઉડ્ડયન કરી શકે નહિ, ઉત્તમતા સિદ્ધ કરી શકે નહિ- ભલે કવિ-પતિભા ગમે તેવી ફળદ્રુપ હોય તો પણ. કારણ, આવા પ્રસંગોમાં કવિ વિષયની સંકુચિતતામાં સપડાએલો હોય છે.

જહોનસનનાં આ વિધાનો જાણે કે ખોટું ઠરાવવા માટે જ ડ્રાયડનનાં પ્રાસંગિક પ્રશસ્તિકાવ્યો છે. ડ્રાયડન આવાં કાવ્યોમાં પ્રશસ્ત વ્યક્તિ સાથેનું નૈકટ્ય, પણ જાળવે છે અને ગૌરવ હણાવા દેતો નથી. એનાં આ પ્રાકરનાં કાવ્યોમાં ઉત્તમ ગણી શકાય તેવું 'ડબલ ડીલર'(Double Dealer) કૉમેડિના સર્જક કોન્ગ્રીવ (Congreve) ને ઉદ્દેશાએલું છે.

ડ્રાયડનનાં પ્રશસ્તિકાવ્યોને મુકાબલે કરુણ પ્રશસ્તિઓ ઓછા વૈવિધ્યવાળી છે. તેમાં 'ટુ ધ મેમરિ ઑવ મિ. ઓલ્ધામ'(To the memory of Mr. Oldham)ને વિવેચકોએ નોંધપાત્ર ગણાવી છે. જહોનન ઓલ્ધામ ઓગણત્રીસ વર્ષની કાચી વયે અવસાન પામ્યો તેને ડ્રાયડને નીચેની પંક્તિઓમાં ભાવભરી શ્રદ્ધાંજલિ આપી છે :

Farewell, too little and too lately known,
Whom I began to think and call my own:
For sure our souls were near allied, and thine
Cast in the same poetic mould with mine.

(ક્રમશ:)

ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગેયુગે

રતિલાલ બોરીસાગર

નગરજનોને ઉપદેશ

કર્ણાવતીમાં ઊતરી થોડી વાર અમે કિંકર્તવ્યમૂઢ બનીને ઊભા રહ્યા. સૌ નગરજનોને ત્વરાથી ગતિ કરતા જોઈ ભદ્રંભદ્રે કહ્યું, 'અંબારામ! આ બધાં નગરજનો આટલી ત્વરાથી નર્મદાયોજનાનો વિરોધ કરવા જઈ રહ્યાં છે?'

'ના મહારાજ! આ સૌ પોતાપોતાના કામે જઈ રહ્યાં હોય એમ જણાય છે.'

'અંબારામ,' મારા પ્રત્યુત્તરથી સહેજ અપ્રસન્ન થઈ ભદ્રંભદ્રે કહ્યું, 'આર્યજનોને આવું સ્વાર્થભાવયુક્ત વલણ ઘટિત નથી. અંબારામ! આ કર્ણાવતી નગરી મોહમયીની મુદ્રા ધારણ કરી રહેલી જણાય છે. મોહમયીનો મોહ કર્ણાવતીને ન લાગે તે માટે આપણે તુમુલ યુદ્ધ કરવું પડે તો પણ કરીશું.'

'મહારાજ,' હજુ હું કંઈ કહું તે પહેલાં એક રિક્ષાવાળો અમારી પાસે આવ્યો અને એણે અમને પૂછ્યું, 'આવવું છે?' 'નર્મદામોક્ષ-કર્તવ્યપરિપાલનઅભિયાનાર્થે સ્વર્ગમાંથી પૃથ્વી પર અમારું આગમન થયું છે. પરંતુ પર્યાવરણને દૂષિત કરનારા વાહનનો તું ચાલક છે, એટલે તું પણ મારા ઉપદેશને પાત્ર છે... ભદ્રંભદ્ર બોલતા રહ્યા અને પેલો કશુંક બબડીને જતો રહ્યો. એ શું બોલ્યો તે અમે કશું સમજ્યા નહીં. પણ 'જાડિયો ને ગાંડિયો' એવું કંઈક સંભળાયું. આ ઉદ્‌બોધન ભદ્રંભદ્ર વિશે હોવાનો સંભવ હતો, પરંતુ ભદ્રંભદ્રે કશો પ્રતિભાવ ન દાખવ્યો એટલે હું પણ કશું બોલ્યો નહિ. 'અંબારામ!' વિચારસમાધિમાંથી જાગ્રત થતા હોય એમ ભદ્રંભદ્ર બોલ્યા : 'આ ત્રિચક્રયુક્ત વાહન શું હતું?' 'મહારાજ! એ રિક્ષા નામનું વાહન છે. આપણા સમયમાં આપણે જેમ ઘોડીગાડીમાં આવાગમન કરતા હતા તેમ હવે નગરજનો આ રિક્ષા નામના વાહન દ્વારા આવાગમન કરે છે.'

'અંબારામ! રિક્ષા આર્યભાષાનો શબ્દ છે?'

'ના, મહારાજ! રિક્ષા આંગ્લભાષાનો શબ્દ છે.'

'તો એના ઉચ્ચારણથી થયેલા દોષના નિવારણ માટે શી શાસ્ત્રાજ્ઞા છે તે જોવું પડશે.'

'મહારાજ! શાસ્ત્રો રચાયાં પછી ઘણા સમયે આ વાહનની રચના થઈ હોવાથી શાસ્ત્રોમાં આ શબ્દના ઉચ્ચારણથી થતા દોષના નિવારણની કોઈ આજ્ઞા હોવાનો સંભવ નથી.'

'શાસ્ત્રો વિશેની તારી આ દૃષ્ટિ પાપયુક્ત છે. આપણાં શાસ્ત્રો રચનારાઓને તો પૃથ્વીના અંત સુધીમાં રચાનારાં તમામ વાહનોનું જ્ઞાન હતું. માત્ર ઘોર અજ્ઞાનને કારણે જ તું આ પાપયુક્ત વાણી ઉચ્ચારે છે.'

'ક્ષમા પ્રાર્થું છું, મહારાજ! પણ આપણને તો કશા પ્રાયશ્ચિત્તની આવશ્યકતા જ નથી.'

'તે કેમ, વારુ?'

'આપણે સ્વર્ગલોકવાસીઓ છીએ. પૃથ્વીવાસીઓને લાગતા દોષો આપણને લાગી શકતા નથી.'

'આ તારો તર્ક ખરે જ ઉત્તમ છે.'

અમારી વચ્ચે આવો વાર્તાલાપ ચાલતો હતો ત્યાં સામેથી મોટરબસ આવતી દેખાઈ. એની પાછળ બીજી બસ પણ દેખાઈ. આ બસોને જોઈને ભદ્રંભદ્ર અત્યંત ક્ષુબ્ધ થયા અને કહેવા લાગ્યા, 'અંબારામ! જો સામેથી પેલાં ગજકાય તૈલવાહનો આવી રહ્યાં છે. આ વાહનોને કારણે સમગ્ર વાતાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે. આટલી સમીપમાં આટલા સમીપના સમયમાં એકસાથે બે તૈલવાહનો વિચરી રહ્યાં હોય તો સમગ્ર નગરમાં આવાં અનેક વાહનો વિચરતાં હોવાનો સંભવ છે.'

'આ તૈલવાહનો 'બસ'ના નામે ઓળખાય છે. કર્ણાવતીની નગરપાલિકા એનું સંચાલન કરે છે.'

'બસ' શબ્દ આંગ્લભાષાનો હોય તો એનું ઉચ્ચારણ નિષિદ્ધ ગણજે, ભલે એના ઉચ્ચારણથી આપણને દોષ પ્રાપ્ત થતો ન હોય તો પણ એનું ઉચ્ચારણ આર્યોને વર્જ્ય છે.'

'મહારાજ, બસ શબ્દ આંગ્લભાષાનો છે તથાપિ એના ઉચ્ચારણના અનેક પ્રસંગો આવશે.'

'સંસ્કૃત ભાષામાં 'અલમ્'નો અર્થ બસ થાય છે. આપણે આ તૈલવાહનનું અલમ્ નામાભિધાન કરીશું. પણ અંબારામ! અત્યારે નામાભિધાનનો પ્રશ્ન મહત્ત્વનો નથી, નર્મદાઅભિયાનનો પ્રશ્ન મહત્ત્વનો છે. નર્મદાવાળાઓએ સમગ્ર નગરને ભ્રષ્ટ કરી દીધું છે. આટલાં બધાં તૈલવાહનોથી નગરની હવા કેવી દૂષિત કરી મૂકી છે ! આની સામે તુમુલ યુદ્ધ કરવું પડે તો પણ હું વિચલિત થઈશ નહીં. અંબારામ! સામે પચ્ચીસત્રીસ નગરજનો મારા ઉપદેશ માટે આતુર હોય એમ જણાય છે.'

'મહારાજ! એ સૌ તૈલવાહનની પ્રતીક્ષામાં જ ઊભાં છે.'

'તો મને તું એ સૌની સમીપે લઈ જા. એમને ઉપદેશ આપી પાવન કરવા ઇચ્છું છું.'

'મહારાજ! આપણે પ્રથમ ઉતારાનો પ્રબંધ કરીએ અને પર્યાવરણપ્રેમીઓને આપણા આગમનની જાણ કરીએ.'

'આપણું પ્રથમ કર્તવ્ય નગરજનોને પર્યાવરણ દૂષિત કરતા રોકવાનું થાય છે - યુદ્ધે ચડેલા આર્યજન માટે ઉતારાનો પ્રબંધ ગૌણ છે. વળી, આપણા આગમનના સમાચાર આપમેળે પ્રસરે એ જ ઘટિત છે. સૂર્ય એના ઉદયની જાણ કરતો નથી, અગ્નિ એના પ્રતાપની સ્વયં ઘોષણા કરતો નથી, વાયુ એના વાવાની મૌખિક અભિવ્યક્તિ કરતો નથી તેમ નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનની અભિવ્યક્તિ પણ સ્વયં જ થાય તે ઇષ્ટ છે. તું વિલંબ ન કર. તૈલવાહનાગમનપ્રતીક્ષાપ્રયોજનાર્થ જનો સમક્ષ તું મને સત્વરે લઈ જા.'

સામેના બસથોભા પર કેટલાંક નગરજનો ઊભાં હતાં. ભટ્ટંભટ્ટને લઈને હું એમની સમીપ જવા લાગ્યો. પ્રેમાભાઈ હૉલની દીવાલ પર લટકી રહેલાં પાટિયાં જોઈ ભટ્ટંભટ્ટ વિક્ષુબ્ધ થયા : 'અંબારામ! સ્ત્રીઓનાં અશિષ્ટ ચિત્રોનું પ્રદર્શન કરતું આ બીભત્સ સ્થળ કયું છે?' 'મહારાજ! આ બીભત્સ સ્થળ નથી. આ તો પ્રેમાભાઈ હૉલ છે. પ્રાચીન મકાનનો કાયાકલ્પ કરવામાં આવ્યો છે. અહીં ભજવાતાં નાટકોનાં આ ચિત્રો છે.' 'નગરજનો જ્યાં સાંસ્કૃતિક વિચારવિનિમય કરતાં હતાં ત્યાં નાટકશાળાનું આયોજન ધર્મથી વિપરીત ભાસે છે.' 'સાંસ્કૃતિક વિચારવિનિમયની પ્રવૃત્તિ તો અદ્યાપિ ચાલે છે, પણ એ પ્રકારના કાર્યક્રમોમાં થતા અર્થવ્યયને પહોંચી વળવા નાટકપ્રદર્શન માટે અનુમતિ અપાય છે.' 'તારું સ્પષ્ટીકરણ કંઈક ગહન જણાય છે. મારે અવકાશે એના પર વિચાર કરવો પડશે. હાલ તો આપણે તૈલવાહનની પ્રતીક્ષા કરી રહેલાં નગરજનોને ઉપદેશ આપવાના કાર્યમાં શીઘ્ર પ્રવૃત્ત થઈએ.'

અમે બસથોભા પર પહોંચ્યા. ભટ્ટંભટ્ટનો ચિત્રવિચિત્ર દેખાવ જોઈ નગરજનો આશ્ચર્યચકિત થઈ ગયાં. એક નગરજને ભટ્ટંભટ્ટને પૂછ્યું, 'બહુરૂપી છો?' આ પ્રશ્ન સાંભળી ભટ્ટંભટ્ટ અપ્રસન્ન થયા અને બોલ્યા, 'હે મૂઢમતિ! તૈલવાહનમાં પ્રવાસ કરવાનું પાપ આચરવા તત્પર થયેલો તું નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક ભટ્ટંભટ્ટથી અનભિજ્ઞ હો તેમાં નવાઈ નથી.'

'આ બોલે છે એમાં ગાળો નથી ને?' પેલાએ બીજા પ્રવાસીને પૂછ્યું. એટલામાં બસ આવી. નગરજનો એના પ્રતિ ધસ્યાં. 'ભટ્ટંભટ્ટે કહ્યું, 'અંબારામ! નગરજનોને પર્યાવરણપ્રદૂષણના ઘોર પાપના પંથેથી પાછા વાળવાનું કાર્ય ખરે જ દુષ્કર જણાય છે. અંબારામ, તારા પૂર્વાયોજનને માન્ય રાખી ઉતારાનો પ્રબંધ કરવા અનુમતિ આપું છું.'

'મહારાજ, બહુ વર્ષો પછી આપણે આ નગરમાં આવ્યા છીએ એટલે દિશાસૂચન થતું નથી.'

'ચિંતા ન કર, વત્સ! આપણે યથેચ્છ ભ્રમણ કરીશું. માર્ગમાં આવતા નગરજનોને ઉપદેશ કરીશું. એમ કરતાં ગંતવ્ય સ્થાને પહોંચવાનું સરલ બનશે.'

માર્ગમાં વળી એક ચલચિત્રશાળા આવી. આ ચલચિત્રશાળાની દીવાલ પર તો સ્ત્રીનું અત્યંત અશ્લિલ ચિત્ર હતું. એના પર દૃષ્ટિ પડતાં જ ભટ્ટંભટ્ટ અગ્નિ પર પગ મુકાઈ ગયો હોય એમ બેબાકળા થઈ ગયા : 'અંબારામ! અંબારામ! સંસ્કૃતવિનાશ દર્શાવતું આ સ્થળ શું છે?' 'મહારાજ! આ ચલચિત્રશાળા છે. અહીં ચિત્રપટ પર હાલતાંચાલતાં ચિત્રો નિહાળી નગરજનો મનોરંજન મેળવે છે.'

'આપણા ગયા પછી નગરજનોનો ઘણો વિનિપાત થયો જણાય છે, અંબારામ! આ પ્રજાના સમુત્થાન માટે ૬ માસનો અવધિ અલ્પ બનશે એવું ભાસે છે.'

'મહારાજ, વિષયાંતર ન કરતાં હાલ તો નર્મદામોક્ષકર્તવ્યપરિપાલન અભિયાનપ્રવર્તન પર જ લક્ષ કેન્દ્રિત કરવું હિતાવહ છે.'

'તારી સૂચના સત્ય છે. અદ્યાપિ આ વિષય પરત્વે દુર્લક્ષ ન કરી શકાય.'

ચાલતાં ચાલતાં અમે એક વિશાળ પુલ પર આવ્યા. એક છેડે નાગરી લિપિમાં 'નેહરુ પુલ' એવું લખ્યું હતું. નાગરી લિપિમાં લખાણ જોઈ ભટ્ટંભટ્ટ પ્રસન્ન થયા. અને બોલ્યા, 'આર્યસંસ્કૃતિના ઉત્થાન સમું આ સ્થળ કયું છે?'

'મહારાજ! આ તો સાબરમતી નદી પર બાંધેલો સેતુ છે. રાષ્ટ્રના એક મહાન નેતાના નામથી આ સેતુ સુપ્રસિદ્ધ છે. સાબરમતી પર આવા અન્ય ત્રણ સેતુઓ છે.'

'મહાન નેતાઓના નામાભિધાનની પ્રવૃત્તિ ઇષ્ટ છે, કિન્તુ, નદી પર સેતુ બાંધવાની પ્રવૃત્તિ અનિષ્ટ છે. વત્સ! સાબરમતી ક્યાં છે? એનાં દર્શન કરવા મારાં નયનો વ્યાકુળ થઈ રહ્યાં છે.' 'મહારાજ! નીચે નજર કરો.'

ભટ્ટંભટ્ટે નીચે નજર કરી અને વદન પર ખિન્નતા ધારણ કરી બોલ્યા, 'વત્સ! સેતુ બાંધવાના જનોના ઘોર અપરાધથી શુષ્ક બનેલી સાબરમતી જોઈ મારું હૃદય ખિન્ન થયું છે. આ સેતુનો મારા તપોબળથી નષ્ટ કરી દેવા હું તત્પર થયો છું.'

'મહારાજ! આપણે નર્મદાયોજનાના બંધને નષ્ટ કરવા અત્રે આવ્યા છીએ. શાસ્ત્રમાં વિષયાન્તર નિષિદ્ધ ગણ્યું છે.' શાસ્ત્રનો આધાર સાંભળી ભટ્ટંભટ્ટ ગંભીર વિચારમાં પડી ગયા. પછી ધીમેથી કહ્યું, 'શાસ્ત્રની આજ્ઞા છે એટલે એનું પરિપાલન કર્તવ્ય બને છે. વત્સ! આ સેતુઓ નષ્ટ કરવા આપણે ફરી પૃથ્વીલોકમાં આવીશું. કિન્તુ, નેહરુ સેતુ એવા નામાભિધાન કાજે કશુંક કરવું જ પડશે.' આ વાર્તાવિનોદ ચાલતો હતો ત્યાં વળી એક સ્થાને કેટલાંક નગરજનોને તૈલવાહનની પ્રતીક્ષા અર્થે ઊભેલાં જોયાં. આ જોઈ ભટ્ટંભટ્ટમાં ઉત્સાહ પ્રકટ્યો. ત્વરાથી તેઓ એ તરફ વળ્યા. ગળામાં રુદ્રાક્ષની માળા; હથેલીઓ અને બાવડાં પર શંખ, ચક્ર, ગદા, પદ્મનાં નિશાન; ગાલ પર કંકુની આડી-ઊભી લીટીઓ, કપાળમાં ખાનાં પાડી કરેલું 'શિવ શિવ' 'રામ

રામ' આદિ લેખન; કપાળે સુખડની અર્ચા; કપાળને એક છેડે ગણપતિનું ને બીજે છેડે સૂર્યનું ચિત્ર; એક હાથમાં ગૌમુખી ને એક હાથમાં પરશુ; પાઘડીમાં તુલસીની ડાળખીઓ - આવા અભૂતપૂર્વ વેશધારી ભદ્રંભદ્રને જોઈ નગરજનો આનંદમાં આવી ગયાં. આ જોઈ ભદ્રંભદ્ર કહે, 'અંબારામ! એક શ્રેષ્ઠ આર્યને જોઈ પ્રસન્ન થયેલાં નગરજનોને ઉપદેશ દેવા મારું મન અધીર થઈ ઊઠ્યું છે.' આટલું બોલતામાં તો એ નગરજનોની સમીપ પહોંચી ગયા. એમને જોઈ એક જણ કહે, 'ટેલિફિલ્મના શૂટિંગ માટે જાઓ છો? તમારું નામ શું?' પહેલો પ્રશ્ન તો ભદ્રંભદ્ર ન સમજ્યા. પણ નામ અંગેનો પ્રશ્ન સાંભળી પહેલાં ખિન્ન થયાં, ને પછી ક્રુદ્ધ થયા. ને બોલ્યા, 'હે પામર જીવ! આર્યધર્મના સદોદિત યશઃપૂર્ણ વિજય માટે આ શતકના આરંભે જેણે જન્મ ધારણ કર્યો હતો અને સુધારવાળાઓ સામે અનેક યુદ્ધો કરીને, એમને પરાસ્ત કરીને, ઇન્દ્ર મહારાજના વિશેષ રથમાં બેસી જેણે સ્વર્ગારોહણ કર્યું હતું, અને નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તનઅર્થે ઇન્દ્રના વિશેષ રથમાં ઊભા રહી પૃથ્વીલોકમાં જેનું આગમન થયું છે એવા યુગપ્રવર્તક ભદ્રંભદ્રના નામથી તું કેવળ અનભિજ્ઞ છે એ તારું પરમ દુર્ભાગ્ય છે.' ભદ્રંભદ્ર શ્વાસ લેવા થંભ્યા એટલે એક જણ બોલ્યો, 'ડાયલોગ પાકા કરતો લાગે છે.' એ શું બોલ્યો તે ભદ્રંભદ્ર સમજ્યા નહિ. પણ એણે કરેલા એકવચનના પ્રયોગથી ક્રુદ્ધ થઈ તેઓ બોલ્યા, 'હે દુષ્ટ, નરાધમ, પાપી, નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તક એવા યુગપુરુષને એકવચનમાં સંબોધી તું રૌરવ નરકનો અધિકારી થયો છે. આમ છતાં, તું મારા ઉપદેશનું શ્રવણ કરીશ તો હું તને ક્ષમા આપીશ.' ભદ્રંભદ્ર બોલ્યા એ પેલો કંઈ સમજ્યો નહિ, પણ 'દુષ્ટ', 'પાપી' જેવા શબ્દોથી તે કંઈક પરિચિત હોય એમ લાગ્યું. અલબત્ત, એ શબ્દો સમજવામાં પણ એને થોડો વિલંબ અવશ્ય થયો, પણ ભદ્રંભદ્ર ઉપદેશનો ભાગ શરૂ કરે તે પહેલાં એ ઉશ્કેરાયો ને ભદ્રંભદ્ર તરફ ધસ્યો. એટલામાં તૈલવાહનનું આગમન થયું એટલે સૌ નગરજનો સાથે એ પણ એના તરફ વળ્યો. તૈલવાહનમાં પ્રવેશ મેળવવા મથી રહેલાં નગરજનોને ભદ્રંભદ્ર દૂરથી કહેવા લાગ્યા, 'હે નગરજનો! શ્રવણ કરો. પશ્ચિમની પ્રજાના અંધ અનુકરણથી આપણે આપણા મૂલ્યવાન પર્યાવરણને દૂષિત કરી રહ્યા છીએ. નગરમાં ફરતા નગરપાલિકાનાં એવં વૈયક્તિક આધિપત્યનાં અનેક તૈલવાહનોથી નગરનું પર્યાવરણ દૂષિત થઈ રહ્યું છે. પૃથ્વીમાતાના પર્યાવરણને દૂષિત કરવાના અપરાધથી તમે સૌ રૌરવ નરકનાં અધિકારી થઈ રહ્યાં છો, પણ તમને એનું જ્ઞાન નથી...' ભદ્રંભદ્ર બોલતા રહ્યા ને લોકો તૈલવાહનમાં પ્રવેશ કરવા ધસારો કરતાં રહ્યાં. એટલામાં તૈલવાહનનો સંચાલક બારણા પાસે આવી, લોકોને 'બીજી બસ પાછળ આવે છે, સળિયો છોડી દો.' એવું કહેવા લાગ્યો. એકાએક ભદ્રંભદ્ર ઊછળ્યા. મને કહે, 'અંબારામ! આ ખાખી વસ્ત્રોવાળો મનુષ્ય તૈલવાહનનો અધિપતિ જણાય છે. તું પરશુ સંભાળ.' હું કશું સમજી શકું એ પહેલાં ભદ્રંભદ્ર મારા હાથમાં પરશુ સોંપી, તૈલવાહન પ્રતિ ધસ્યા. અને ચક્રવ્યૂહને ભેદતા અભિમન્યુની યુયુત્સાવૃત્તિ ધારણ કરી પ્રવાસીઓના સમૂહમાં ઘૂસ્યા. ચોખ્ખા ઘીના લાડુ ખાઈ મજબૂત બનેલા પોતાના બે બાહુઓ વડે એમણે તૈલવાહન સંચાલકને ઝાલીને, નીચે પછાડ્યો. તૈલવાહન સંચાલક પર હુમલો થયેલો જોઈ પ્રવાસીઓમાં હો-હા થઈ ગઈ. કેટલાક નાસભાગ કરવા લાગ્યા, કેટલાક તૈલવાહનમાં ચડી ગયા. હો-હાને કારણે તૈલવાહનચાલકે તૈલવાહન ગતિમાન કર્યું. તૈલવાહનના મુસાફરોએ ચિચિયારીઓ કરી. 'કંડક્ટર નીચે રહી ગયો, કંડક્ટર નીચે રહી ગયો,' એવી બૂમો પાડવા લાગ્યા. ભદ્રંભદ્રે પેલા તૈલવાહન સંચાલકને ઊભો કર્યો ને તેને કહેવા લાગ્યા, 'હે માર્ગભ્રષ્ટ, મતિભ્રષ્ટ બંધુ, ઉદરનિર્વાહઅર્થે તૈલવાહનમાં સેવા આપવાનું તારું કાર્ય અપરાધ કરતું નથી એટલે તું નરકનો અધિકારી બનતો નથી. તથાપિ નૈમિત્તિક પાપને પણ શાસ્ત્રમાં મોટું પાપ ગણ્યું છે. પૃથ્વીના પ્રદૂષણમાં વૃદ્ધિ કરવાનું પાપ ઘોરતર છે. એ પાપમાંથી ઉગારવા જ મેં તને અવનિપટે પટક્યો છે. તારા વિશે મારા મનમાં કશો દ્વેષ નથી તે નિશ્ચય જાણજે.' ભદ્રંભદ્ર આટલું બોલી રહ્યા ત્યાં સુધીમાં તો તૈલવાહનચાલક ને બીજા પ્રવાસીઓ આવી પહોંચ્યા. તૈલવાહનચાલકે આવીને ભદ્રંભદ્રની રુદ્રાક્ષની માળા ઝાલી. આ જોઈ મારાથી આંખો મીંચાઈ ગઈ. એ પછી તરત જ પ્રહારનો ધ્વનિ થયો. તૈલવાહનચાલકે ભદ્રંભદ્રના કપોલપ્રદેશ પર પ્રહાર કર્યો હોય એવી ભ્રાન્તિ મને થઈ. પણ મારાં ચક્ષુઓ ખૂલી શક્યાં નહિ. હો-હા વધી પડી. કોઈએ આવીને મારું બાવડું ઝાલ્યું ત્યારે જ મેં આંખો ખોલી. મેં જોયું કે એક પોલીસે મારો હાથ પકડ્યો હતો અને ત્રણચાર પોલીસોએ ભદ્રંભદ્રને ઝાલ્યા હતા. એક પોલીસ હાથમાં રિવૉલ્વર લઈને ઊભો હતો. ભદ્રંભદ્ર રિવૉલ્વર ભણી દૃષ્ટિ પડતાં જ મુખ ફેરવી લેતા હતા. થોડી જ વારમાં એક વિશિષ્ટ તૈલવાહન આવીને ઊભું રહ્યું. એ પોલીસવાહન હતું. અમને એમાં બેસી જવા જણાવવામાં આવ્યું. ભદ્રંભદ્ર વળી ઉશ્કેરાયા ને બોલ્યા, રે દુષ્ટ! લોકોને તૈલવાહનમાં બેસતાં અટકાવવા તો મેં આ મહાસંગ્રામ કર્યો ને હવે મને જ આ તૈલવાહનમાં બેસાડી ભ્રષ્ટ કરવા ઇચ્છે છે?' એ આટલું બોલ્યા ત્યાં એમની પીઠ પર બે દંડૂકા પડ્યા. ભદ્રંભદ્રે મને કહ્યું, 'મનુષ્યસ્પર્શ વર્જ્ય છે, કાષ્ઠસ્પર્શમાં બાધા નથી. તારો શો અભિમત છે?' હું મારો મત દર્શાવું તે પહેલાં તો પાંચસાત પોલીસોએ ભદ્રંભદ્રને ધક્કા મારીને તૈલવાહનમાં ચડાવી દીધા. મને વિશિષ્ટ આગ્રહની અપેક્ષા નહોતી. એટલે હું સ્વયં ચડી ગયો. ભદ્રંભદ્ર કોપ કરવા માગતા હતા, પણ પેલાએ દંડૂકો બનાવ્યો એટલે કાષ્ઠયોગ નિવારવા મૌન ગ્રહણ કરવાનું ઉચિત માન્યું. એમના ઉદ્વેગને શમાવવા મેં કહ્યું, 'મહારાજ! આપના જેવા યુગપુરુષને પગે ચલાવીને ક્યાંય લઈ જવાના પાપમાંથી ઊગરવા જ આ લોકોએ આમ કર્યું છે.' ભદ્રંભદ્ર પ્રથમ શંકાદૃષ્ટિથી મારી સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, 'એમ હોય તો આ સૌ ક્ષમાપાત્ર છે.' થોડીવારમાં વિશિષ્ટ તૈલવાહન ઊભું રહ્યું. અમને નીચે ઉતારવામાં આવ્યા. અમને પોલીસચોકીએ લાવવામાં આવ્યા હતા.

(ક્રમશઃ)

ક્રિકેટ-૯ આક્રમક ફટકાઓ : હુક, પુલ અને સ્વીપ ! કુમારપાળ દેસાઇ


બેટ્સમેનની આંખથી ઉપર ભવાં સુધી દડો આવતો હોય અને એ ઝડપી ગોલંદાજના દડાને હુકથી ફટકારીને બાઉન્ડ્રિ પર મોકલી આપે. આવાં દશ્યો ક્રિકેટની રમતના રોમાંચક દશ્યો ગણાય છે. ઑસ્ટ્રેલિઆના કેટલાય બેટ્સમેનો એક સમયે આ કળામાં પાવરધા હતા. આજે તો દડાને હુકથી ફટકારવા બાબતમાં વેસ્ટ ઇન્ડિઝના ખેલાડીઓની કોઇનીય સાથે તુલના થઈ શકે તેમ નથી. ગોર્ડન ગ્રીનીજ, ડેસમન્ડ હેઇન્સ કે વિવિયન રિચાર્ડ્સના હુકથી લગાવેલા ફટકા એવા હોય છે કે વિરોધી ઝડપી ગોલંદાજનો આત્મવિશ્વાસ ડગી જાય.

ઝડપથી, ઊંચે આવતા, ટૂંકી પિચવાળા દડાને હુકથી ફટકારી શકાય. દડો ઊછળીને સ્ટમ્પની ઘણે ઊંચેથી પસાર થવાનો હોય ત્યારે બેટ્સમેન દડા પાછળ જઇને હુકથી એને ફટકારે છે. જો ઝડપી દડાને રમવામાં ખેલાડી જરૂરી સ્ફૂર્તિ દાખવે નહીં તો એ હુકથી ફટકો લગાવવામાં નિષ્ફળ જશે. વધારામાં દડાની પાછળ હોવાથી મોં પર કે ખભા પર ઈજા થશે! આથી જ દડાને હુકથી ફટકારવો કે ન ફટકારવો તે નક્કી કરવા માટે દડાની 'લાઈન' જોવી જરૂરી બને છે, જ્યારે હુકના ફટકામાં એ અનિવાર્ય બને છે, કારણ કે જો દડાની લાઈન ચૂકી જવાય અને દડો ખેલાડીને વાગે તો એનો આત્મવિશ્વાસ તૂટી જાય છે. ભારતીય ઑલ રાઉન્ડર મોહિન્દર અમરનાથ હુકનો ફટકો લગાવવા જતાં ઘાયલ થઈ જતો અને એને પરિણામે એના આત્મવિશ્વાસને ઈજા પહોંચાતી! એક સમયે તો એ એટલો બધો હતાશ થઈ ગયો કે ટેસ્ટમાં એનો દેખાવ ઘણો કંગાળ રહ્યો અને પરિણામે એને ટેસ્ટ ટીમમાંથી રૂકસદ આપવામાં આવી હતી.

આ પ્રકારના ફટકામાં સૌથી મોટો ભય એ હોય કે જો બેટ પર દડો બરાબર ન આવ્યો હોય તો બેટની ધાર પરથી દડો ઊછળે છે અને ફિલ્ડરને આસાન કેચ મળે છે. ટેસ્ટ મેચમાં તો ઘણીવાર ગોલંદાજ ખેલાડી હુક શૉટ લગાવવા માટે લલચાવે છે. એમાં પણ ભારતના ખેલાડીઓ સામે તો વિદેશના ઝડપી ગોલંદાજો હુક લગાવી શકાય એવા શૉર્ટ પિચ અને બાઉન્સર દડા નાંખે છે. હુક લગાવવાની ટેકનિકની અપૂર્ણતાને કારણે ભારતીય બેટ્સમેન નિષ્ફળ જઇને વારંવાર કેચ આપી દે છે. હુકના ફટકાને લીધે મેદાન પર એટલી બધી વાર ખેલાડીઓને ઘાયલ થતા જોયા છે કે નવોદિત ખેલાડીને એવી સલાહ આપવાનું મન થાય કે હુકનો ફટકો લગાવવા માટે બહુ ઉતાવળા થવું નહિ. વળી, હુક લગાવતી વખતે પૂરેપૂરી સાવધાની રાખવી. આનો અર્થ એ નથી કે ચોગ્ગા અને છગ્ગા રળી આપતા હુકના ફટકાને લગાવવો નહિ. બલકે પહેલાં પ્રમાણમાં ધીમા ગોલંદાજની ગોલંદાજીમાં આ ફટકો લગાવવાની કોશિશ કરવી જોઇએ અને પછી વધુ ને વધુ ઝડપી ગોલંદાજોની સામે એની અજમાયશ કરવી જોઇએ. પિચ નિર્જીવ હોય અને દડો પિચ પડ્યા પછી બહુ ઊંચાઇએ આવતો ન હોય તો હુક લગાવનાર માત્ર હવામાં જ બેટ ઘુમાવીને અટકી જશે. આમાં દડાને મોટે ભાગે ફાઇન લેગ અને સ્કેવર લેગની વચ્ચે લગાવવામાં આવે છે. હુકમાં દડાનું થોડું દિશા-પરિવર્તન કરીને એને ફાઇન લેગ કે સ્કેવર લેગ વચ્ચે મોકલી આપવામાં આવે છે. આડા બેટથી લગાવાતા આ ફટકાને 'ઓપન ચેસ્ટ' ફટકો કહેવામાં આવે છે. કારણ કે બેટ્સમેનની છાતી બોલર સામે હોવી જોઇએ. આમાં શરીરનું વજન જમણા પગ પર લઈને ડાબા પગને પણ ક્રીસમાં લાવવામાં આવે છે. વળી, બેટ જેમ ડાબા ખભાથી જમણા ખભા તરફ ફરતું જાય તેમ શરીર પણ ઘૂમતું જવું જોઇએ. આ ફટકો પૂરો થાય ત્યારે ડાબો ખભો પોઇન્ટ તરફ અને જમણો ખભો સ્કેવર લેગ તરફ હોવો જોઇએ. બેટ્સમેન સ્ફૂર્તિવાળો હોય, ચપળ ફુટવર્ક ધરાવતો હોય તો હુક શૉટથી એ ઘણા ઝડપી અને સારા એવા રન એકઠા કરી શકે.

હુકના જેવો જ આક્રમક અને આકર્ષક ફટકો પુલનો છે. સામાન્ય રીતે ટૂંકી પિચવાળા, પેડની ઊંચાઇએ આવતા દડામાં બેટ્સમેન પુલનો ફટકો લગાવે છે. આ માટે એ એનો જમણો પગ પાછળ અને વિકેટની સામી બાજુએ લઈ જઈને દડાને એના નામ પ્રમાણે ઑફ સાઇડમાંથી મિડ વિકેટ તરફ ખેંચે- પુલ કરે- છે. પરિણામે સ્કવેર લેગ કે મિડ વિકેટના સ્થાન ભણી જોશભેર દડો પહોંચી જાય છે. માત્ર એટલું ખ્યાલમાં રાખવું જોઇએ કે ગુડલેન્થ દડાને ક્યારેય પુલના ફટકાથી ન્યાય આપવા પ્રયત્ન ન કરવો. પુલ કે હુકનો ફટકો મારતો દડો હવામાં બહુ ઊંચો નહિ લગાવતાં નીચો ફટકારવો જોઇએ જેથી કોઈ ફિલ્ડરને કેચ કરવાની તક ન રહે. આ ફટકો શૉર્ટપિચ બૉલને તો મારી શકાય છે. પરંતુ દડો ઑફ સ્ટમ્પ પર કે લેગ સ્ટમ્પ પર હોય તો પણ લગાવી શકાય છે. ફુલ ટોસ દડાને પુલ કરી શકાય. જ્યારે ફટકાની દિશા મિડ ઓનથી શરૂ કરીને છેક સ્કવેર લેગ સુધી હોય છે. આ પ્રકારના ફટકાની અજમાયશ કરતાં પહેલાં બેટ્સમેને વિકેટની ઝડપ બોલરના ઘૂમતા દડા અને સુકાનીએ ગોઠવેલી ફિલ્ડિંગની બરાબર જાણકારી મેળવી લેવી જોઇએ. વળી, બરાબર ફટકો લગાવતી વખતે બેટ્સમેનની નજર દડા પરથી હટવી જોઇએ નહીં. જો નજર દૂર થઈ

પ્રારંભે) હુક (અંતે





પ્રારંભે) પુલ (અંતે

જાય અને દડો બેટની ઉપરની ધારને અડે તો ઊછળીને સીધેસીધો મોં પર વાગે. પુલનનો ફટકો લગાવવાની એક રીત એવી છે કે દડો જમીન પર રગડાતો બાઉન્ડ્રિ તરફ જાય અને બીજી રીત એવી છે કે દડાને ખૂબ ઊંચે મારવામાં આવે અને સિક્સર જાય.

આડા બેટથી લગાવાતો પુલનો ફટકો ક્રિકેટનો લલચામણો ફટકો કહેવાય છે, પરંતુ દડાની લેન્થ અંગેનો નિર્ણય બરાબર ન હોય તો એ જોખમકારક પણ કહેવાય. દડાને પુલથી ફટકારવા માટે પાછળ જાય અને એ થોડો વધુ ઊંચે આવતા બોલ્ડ થઈ જવાય તો તે દુઃખદ કહેવાય અને એ જ રીતે દડો પિચ પડ્યા પછી ઝપથી ઊંચો આવતાં લગાવવાની ઉતાવળ કરવી પડે તો મિડ ઑન કે મિડ વિકેટ પર આસાન કૅચ પણ થઈ જાય. હુકમાં દડાની 'લાઈન' પારખવી જરૂરી છે તો પુલમાં દડાની લેન્થ પારખવી જરૂરી છે. ફટકો લગાવવા માટે લેન્થ બરાબર પારખી લીધી છે કે નહિ તે જાણવા થોડા પાછા જવું જોઈએ જેથી પુલનો ફટકો લગાવવાનો પૂરો સમય મોકળાશ મળે.

બેટ્સમૅન જ્યારે સ્વીપનો ફટકો લગાવે છે ત્યારે ઘણીવાર રમતશોખીનો એને 'ઝાડુ માર્યું' એવા શબ્દથી વ્યક્ત કરે છે. પણ હકીકતમાં તો સ્વીપનો શૉટ લગાવતાં પહેલાં ખેલાડીને ઘણી તૈયારી કરવી પડે છે. આમાં સામાન્ય રીતે પાછળના પગનો ઘૂંટણ ફટકો મારતી વખતે જમીન પર ટેકવી દીધો હોય છે. દડાને આડા બેટથી ફટકારવામાં આવે છે. અને જેવો દડો બૅટને મળે કે કાંડાથી બૅટને એ રીતે વાળવામાં આવશે કે દડો ઉપરની બાજુએ જવાને બદલે જમીન ભણી જાય. સહેજ ઓવરપિચ અને લેગ સ્ટમ્પની બહાર કોઈ સ્પિનર દડો નાખતો હોય, ત્યારે સ્વીપ જ લગાવવો પડશે. પરંતુ લેગ બ્રેક કે આઉટ સ્વિંગ દડામાં સ્વીપ લગાવતાં પહેલાં સો વખત વિચાર કરજો. એવી જ રીતે જગતના ચુનંદા બૅટ્સમેને ઑફ બાજુના દડાને લેગ તરફ સ્વીપ કરી શકે છે, પરંતુ ઊગતા બૅટ્સમેને તો આ રીતે પૂરતી પ્રૅક્ટિસ પછી જ ફટકો લગાવવાનો અખતરો કરવો. આમાં દડો લૉંગ લેગ તરફ લગાવવો જોઈએ.

ધીમા ગોલંદાજ સામે આ દડો ઘણો લાભદાયી બને છે. દડો લેગ સાઈડ તરફ જતો હોય કે ખૂબ ટર્ન લેતો હોય ત્યારે એલ.બી.ડબ્લ્યુ. થવાનો ભય હોતો નથી. ભારતમાં યોજાયેલા વર્લ્ડ કપ દરમિયાન ભારતીય સ્પિનરો સામે સ્વીપના ફટકાથી ગ્રેહામ ગૂચે પુષ્કળ રન મેળવ્યા હતા અને બાજી જીતમાં પલટી નાખી હતી. જુદા જુદા પ્રકારના સ્વીપ શૉટ લગાવવામાં આવે છે.

આ ફટકો અત્યંત રોમાંચક છે અને ઈંગ્લૅન્ડના છટાદાર ખેલાડી ડૅનિસ કોમ્પ્ટનનો આ માનીતો ફટકો હતો. આ થઈ બૅટિંગના જુદા જુદા ફટકાઓની માહિતી. ટૅકનિકની સાચી જાણકારી સતત પ્રૅક્ટિસ અને રમત માટેની ધગશથી કોઈ પણ વ્યક્તિ આ વૈવિધ્યભર્યા ફટકાઓ દ્વારા સારો ખેલાડી બની શકે છે. □

અનુસંધાન] રૉકેટ [પૃ. ૧૭૩ પરથી

પણ પ્રચલિત સંદર્ભો કદાચ અપૂરતા પડે છે. ઈતિહાસ જરા જુદો પડે છે. અંદાજે બાવીસ વર્ષોનો તફાવત આવે છે.

૨૬મી ડિસેમ્બર, ૧૯૫૮નો એ દિવસ હતો. દક્ષિણ ભારતના મૈસૂર શહેરથી પૂર્વે પાંચેક માઈલ દૂર આશરે છ હજાર જેટલાં લોકોનું ટોળું સવારે ભેગું થયું હતું. સૌની મીટ મૈસૂર યુનિવર્સિટીના બે યુવાનો પર મંડાઈ હતી. એમાંનો મુખ્ય તે જે. કે. કુમાર. અને બીજો સહાયક તે રમેશ રાવ. આ કાંઈ પહેલો જ અખતરો ન હતો. એમણે અગાઉ પણ રૉકેટ ઉડ્ડયનના પ્રયોગો સફળતાપૂર્વક કર્યા હતા. વળી, આવી જ જનમેદની સમક્ષ ૧૭ પાઉન્ડ વજનનું એક રૉકેટ સફળતાપૂર્વક ઊડાડ્યું હતું. એટલે આ પ્રયોગની સફળતા પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ ન હતું. પણ આ વખતે રૉકેટ વધુ મોટું - આશરે ૨૫૦ પાઉન્ડ વજનનું હતું અને બધી રીતે અટપટું હતું. અવળું કાઉન્ટ-ડાઉન પૂરું થતાં જ તીવ્ર તેજચમકારા અને પ્રચંડ ધડાકા સાથે આ રૉકેટ ઉપર ઊંચકાયું ત્યારે લોકોએ ભારે હર્ષનાદોથી આ સફળતાને વધાવી. પણ આ બંને યુવાનો અને એમના અન્ય સાથીઓના મતે પ્રયોગમાં ધારી સફળતા મેળવાઈ ન હતી, પણ નિઃસંદેહ ભારતની ભૂમિ પરથી, અને તે પણ આપણા વિજ્ઞાનીઓએ બનાવેલું તે પ્રથમ આધુનિક રૉકેટ હતું, અને એનો બધો જશ મૈસૂર યુનિવર્સિટીના જે. કે. કુમાર, રમેશ રાવ અને એમના સાથીઓને જાય છે.

આ આશાસ્પદ, સામાન્ય કુટુંબોમાંથી આવેલા યુવાનોનું પાછળથી શું થયું તે અંગે કશી માહિતી મળતી નથી, પણ એમને થએલો અન્યાય આટલાં વર્ષે પણ દૂર થવો જોઈએ તેવું રહી-રહીને લાગ્યા કરે છે. એમણે બનાવીને ઉડાડેલા રૉકેટ કાંઈ રમકડાનાં ન હતાં. એ કદાચ, આપણે આગળ જેની વાત કરી તેવા પ્રકારનાં, એટલે કે વૈજ્ઞાનિક અવલોકનો લેવા માટેના સાઉન્ડિંગ-રૉકેટ હતાં, એવું એના તે વખતના અહેવાલ પરથી જણાય છે.

આ યુવાનોનો ભારતીય રૉકેટ વિકાસમાં ફાળો એવા પ્રકારનો છે કે આ વિદ્યાના ખમતીધરોનું જો એક ફોટો-આલ્બમ કરીએ તો એમાં એમના જુદા-જુદા, અલગ-અલગ, એકલાના ફોટા ન મૂકીએ તો કદાચ ચાલે, પણ ભારતીય રૉકેટ-નિષ્ણાતોનો જો એકાદ ગ્રુપ ફોટો પાડીએ તો મૈસુરના આ યુવાનોના રૉકેટફાળાને આપણે ક્યાંક અવશ્ય ગોઠવવો પડે. કોણ જાણે કેમ, લેખનો ઉપાડ પેલા મુશાયરાથી કર્યો એટલે હોય કે પછી કોઈ બીજા કારણસર, પણ છેલ્લે સ્વ. રાવજી પટેલની આ કાવ્યપંક્તિઓ અનાયાસ ટાંકવાનો મોહ જતો નથી કરી શકતો :

"તમે રે ઊંચેરા ઘરના ટોડલા
અમે લજવાતી પાછલી રવેશ રે,
તમારી મશે ના અમે સોહિયાં રે"

કલાવાર્તા

૧૯૪૯માં જન્મેલાં નવજોત પોતાની વિશિષ્ટ ચિત્રકલાથી ખૂબ ચાહના અને પ્રતિષ્ઠા પામેલાં કલાકાર છે. એમનાં ચિત્રોનાં આગવાં અને સહિયારાં પ્રદર્શનો વખતોવખત દેશવિદેશમાં ભરાતાં રહે છે. ન્યૂ દિલ્હી, કલકત્તા, મુંબઈ, અમદાવાદ, ગોવા, પશ્ચિમ જર્મની વગેરે સ્થળોએ યોજાએલાં એમનાં ચિત્રપ્રદર્શનો કલાચાહકો અને કલાવિવેચકોમાં પ્રશંસા પામ્યાં છે. ક્યારેક એમનાં ચિત્રો ચૈતસિક છાપનાં ઉદાહરણો પૂરાં પાડે છે તો ક્યારેક એમાં ચોક્કસ વિષયવસ્તુ પ્રત્યેનાં નિજી વલણો પ્રકટ કરે છે. એમનાં આ પ્રકારનાં ચિત્રો એક કલાકારની સામાજિક નિસબત અને પ્રતિબદ્ધતા સાથેસાથે ઊંડી સંવેદનશીલતા પણ પ્રકટ કરે છે. એમને કોઈ વિષયવસ્તુની ખોજ માટે પ્રયત્નશીલ થવું પડતું નથી, પણ રોજ-બ-રોજ જે કંઈ આસપાસના જગતમાં ઘટી રહ્યું હોય છે તે પ્રત્યે આ કલાકારની જાગ્રત ચેતના પોતાના પ્રતિભાવો પોતાનાં ચિત્રોમાં આપ્યાં વગર રહેતી નથી. એમનાં ચિત્રોમાં ચૈતસિક છાપોનાં યાદૃચ્છિક પરિમાણો અને પરિણામો મિશ્રિત થયાં હોવાથી એમની ચિત્રશૈલીને કોઈ તર્કના માળખામાં બંધબેસતી કરી શકાય તેમ નથી.

ચિત્રો કરવાં, અને એ દ્વારા નિજાનંદ લેવો એ એમની એક કલાકાર તરીકેની મનીષા છે. આમ છતાંય એઓ માને છે કે આજના આ સંકુલ સંસારમાં કલાકાર અતડો કે અલગ રહી શકતો નથી. એની કોઈ ને કોઈ બિંદુએ પ્રતિબદ્ધતા હોવી જ જોઈએ એવી સમજથી એઓ ચિત્રો આળખે છે. કોઈ પણ કલાકાર સતત વિકાસની પ્રક્રિયામાં ન રહેતો હોય તો એની કલા બંધિયાર બની જાય છે. એમાં તાજપ લાવવા માટે પણ એણે આત્મપરીક્ષણ તેમજ આત્મનિરીક્ષણ કરતાં રહી પોતાની કલાને આગળ ધપાવવી જોઈએ. આવાં ચિત્રોનું જો લોકસમુદાયમાં પ્રત્યાયન ન થાય તો કલાકારની કલાનો મહિમા શો? આથી તેઓ પોતાનાં



ચિત્રપ્રદર્શનો દ્વારા લોકસમુદાય' સુધી પહોંચવાનો સતત પુરુષાર્થ કરતાં રહે છે. તેમણે કૅનવાસ પર ઍક્રિલિક રંગોથી સરસ વિશાળ ચિત્રપટો તૈયાર કર્યા છે. વળી, કાચ ઉપર પણ તેજ રંગોના થપેડાથી એઓ આગવી શૈલીનાં ચિત્રો કરે છે. કૅનવાસ પરનાં એમનાં ચિત્રો બહુધા સુઘડ રેખાઓ અને આછા રંગના લેપનથી તૈયાર થયેલાં હોય છે. એમના આ પ્રકારના ચિત્રપટો રંગની વિશિષ્ટ શીળી માવજતથી આંખને ટાઢક આપે તેવા બન્યા હોય છે. ૧૯૯૧માં ટ્રિએનાલ ખાતે ભરાનાર સાતમા આંતરરાષ્ટ્રિય ચિત્રપ્રદર્શનમાં ભાગ લેવાનું તેમને નિમંત્રણ મળ્યું છે. □





પ્રસંગ-પરિમલ

રૂપાળું હૃદય

સને ૧૯૧૭ની ક્રાન્તિ પહેલાં રશિયામાં રાજા 'ઝાર' કહેવાતો.

ઝાર એટલે ચક્રવર્તી રાજા કે સમ્રાટ. લોકભાષામાં એનો અર્થ થાય મુખ્ય માણસ, આગેવાન, અનિયંત્રિત શાસક કે સરમુખત્યાર.

રશિયાનો પહેલો ઝાર એલેક્ઝાન્ડર (જ. ૧૭૭૭ મ. ૧૮૨૫) ઇ.સ. ૧૮૦૧ થી ૧૮૧૫ સુધી ઝારપદ ઉપર રહ્યો હતો. તે દરમ્યાન ૧૮૧૫ના જૂનની પંદરમી તારીખે નાપોલિયન બોનાપાર્તનો પરાજય થયો.

આ ઘટનાના થોડાક દિવસ પછી જ્યારે ઝાર એલેક્ઝાન્ડર પેરિસમાં હતો ત્યારે એક ધર્માદા મહિલા- ઇસ્પિતાલના વાર્ષિક ઉત્સવ પ્રસંગે તે અધ્યક્ષ તરીકે ત્યાં હાજર રહ્યો હતો.

એ આખાય સમારંભનું આયોજન અને સંચાલન પેરિસ નગરની સેવાભાવી મહિલાઓએ કર્યું હતું.

પરીઓ જેવી લાગતી સફેદ વસ્ત્રોમાં સજ્જ થયેલી ગૌરાંગી કુમારિકાઓ ઇસ્પિતાલ માટે દાન ઉઘરાવવા થાળીઓ ફેરવતી હતી.

એક અત્યંત સ્વરૂપવતી કુમારિકાને ઝાર સમક્ષ જઈને દાન માટે થાળી ધરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. એ કન્યા ઝાર પાસે ગઈ, અને થાળી ધરી સામે ઊભી રહી.

ઝારે પોતાની મૂઠી ભરીને રૂબલ -/ સોનાના સિક્કા- એ કન્યાએ ધરી રાખેલી થાળીમાં મૂક્યા, અને એ નીચો નમ્યો અને એ કન્યાને કાનમાં કહ્યું, 'તને! તારાં ચિત્તચોર નયણા માટે!'

કન્યાએ ઝારનું અભિવાદન કર્યું અને આગળ ડગલું ભર્યા સિવાય ફરીથી ઝાર સામે બે હાથ લંબાવી, બીજી વાર થાળી ધરી ઊભી રહી.

" કેટલું? હજુ પણ વધારે તારે જોઈએ છે?" ઝાર બોલી ઊઠ્યો.

" હા દાદા! આપે મને આપ્યું તે હું મારી બીમાર ગરીબ બહેનોને આપી દેવાની છું! પણ મારે તો મારી એ સાવ નિર્ધન બહેનો માટે આપ જે કંઈ આપો તે જોઈએ છે!"

ઝાર છોભીલો, ખસિયાણો, ઝંખવાણો પડી ગયો અને એ કન્યા સામે ટગર ટગર જોઈ રહ્યો.

-ઉપેન્દ્ર ર. ભટ્ટ

કંકાવટી

આઇસ્ક્રીમ બનાવવાની રીત

(૧) એક લીટર દૂધ
(૨) પાંચ ટેબલ સ્પૂન ખાંડ
(૩) એક ટેબલ સ્પૂન વેનીલા કસ્ટર્ડ પાઉડર
(૪) એક ટેબલ સ્પૂન ચાઈના ગ્રાસ
(૫) એક ટી સ્પૂન વેનીલા એસેન્સ
(૬) એક વાટકી ક્રીમ

સૌપ્રથમ દૂધને અડધો અડધ થાય ત્યાં સુધી ઉકાળવું. તેમાં પાંચ ટેબલ સ્પૂન ખાંડ નાખવી અને ખાંડ ઓગળે ત્યાં સુધી ઉકાળવું. એક ટેબલ સ્પૂન કસ્ટર્ડ પાઉડર થોડા દૂધમાં ઓગાળી ગરમ દૂધમાં નાખવો અને સાથે દૂધ હલાવતા જવું. વેનીલાનો કસ્ટર્ડ પાઉડર દરેક આઇસ્ક્રીમમાં નાખવાનો હોય છે. ત્યારબાદ બે-ત્રણ ઊભરા દૂધના લાવવા. ચાઈના ગ્રાસની થોડા ઠંડા દૂધમાં પેસ્ટ બનાવી લેવી. ચૂલો બંધ કરી ગરમ દૂધ નીચે ઉતારી પછી ચાઈના ગ્રાસની પેસ્ટ નાખી હલાવવું. ઠંડું થયા બાદ એક વાટકી ક્રીમ નાખવું. જે તે ફ્લેવરનું અડધી અથવા ઓછી ટી સ્પૂન એસેન્સ નાખવું. શરૂઆતથી બહુ એસેન્સ નાખવું નહીં. થોડું લાગે તો એકાદ ટીપું વધારે નાખી શકાય. ત્યારબાદ મીક્સરમાં છ વખત ચર્ન કરવું. મશીનની સ્વીચ પહેલીથી ચાલુ રાખી ઇલેક્ટ્રિક સ્વીચ જરીક જરીક વારે ચાલુબંધ કરવી. આ પ્રમાણે છ વખત કરવું પછી એલ્યુમિનિઅમના ડબ્બામાં ફ્રીઝ આઠ ઉપર મૂકી ડીપ ફ્રીઝમાં મૂકવું. ત્રણ કલાક બાદ ડબ્બો બહાર કાઢી કઠણ આઇસ્ક્રીમના ચપ્પાથી શાકની જેમ નાના કટકા કરી ફરીથી મીક્સરમાં કરવું. પણ આ વખતે મશીનની સ્વીચ દબાવી અને મેકસીમમ પર મૂકવું. પહેલાંની જેમ જ થોડી થોડી વારે ચર્ન કરવું. ફરીથી ડબ્બામાં ભરી હવે (આઠ નહીં પણ) ચાર પર ફ્રીઝ મૂકવું. કાજુ-દ્રાક્ષ નાખવા હોય તો બે કલાક પાણીમાં પલાળ્યાં બાદ નાખવાં. કેરીનો આઇસ્ક્રીમ કરવો હોય તો બીજી વખત આઇસ્ક્રીમ મૂકીએ ત્યારે કેરીના ટુકડા કરીને નાખવા. કેડબરી છીણીને ખાતી વખતે બાઉલમાં ઉપર નાખી શકાય.

સ્નાન

માલીસ કરીને, મનગમતો સાબુ ચોળી ઠંડા, હુંફાળા કે ગરમ પાણીથી સ્નાન કરી શકાય, અને સામાન્યત: લોકો આમ જ કરે છે, પણ ક્યારેક સ્નાન એક લ્હાવો યે બી શકે તો ક્યાંક તો ક્યારેક વિશિષ્ટ રીતે શરીરને માટે ગુણકારી પણ. ૧૮ થી ૨૭ અંશ સેલ્સિયસ ઉષ્ણતામાનવાળા પાણીથી વધુમાં વધુ વીસેક મિનિટ સુધીનું સ્નાન પૂરતું ગણાય. આ ઉપરાંત સ્નાનનાં પાણીમાં કેટલાંક દ્રવ્યોનું ઉમેરણ સ્વાસ્થ્ય અને સૌંદર્ય માટે પણ ગુણકારી છે. આવા થોડા પ્રયોગો જોઈએ:

- નાહવા માટે પાણીમાં થોડું 'ઇપ્સમ સૉલ્ટ' નાખીને નાહવાથી થાક દૂર થઈ સ્ફૂર્તિ આવે છે.
- એક કપ પાણીમાં થોડોશો સરસવનો બારીક પાઉડર ભેળવી, એ પાણીને ગાળીને નાહવાના હુંફાળાં પાણીમાં નાખીને સ્નાન કરવાથી શિયાળામાં શરીરમાં ગરમાવો રહેશે.
- થોડોશો સ્ટાર્ચ ભેળવેલું નાહવાનું પાણી ત્વચાને કોમળ રાખે છે. આ જ રીતે ત્વચાને કોમળ સુંદર અને ચમકદાર રાખવા નાહવાના પાણીમાં થોડું કાચું દૂધ ભેળવી શકાય.
- તડકામાં કાળી પડી જતી ત્વચાને રાહત આપવા નાહવાનાં પાણીમાં થોડો સરકો (વિનેગર) ઉમેરવો.
- નારંગી કે લીંબુની છાલને તડકામાં સૂકવીને તેનો પાઉડર કરી ઘરમાં રાખવો. નાહવાના પાણીમાં એનાથી સુગંધ ઉમેરાશે અને નાહ્યા પછી શરીરમાં તાજગી આવશે. આ જ રીતે ફુદીનાનાં, લીમડાનાં કે તુલસીનાં પાનનો ઉપયોગ પણ ગુણકારી છે.

આવા પાઉડરને થોડાશા પાણીમાં થોડીવાર ઉકાળી, ઠંડું પડ્યે તે પાણી ગાળીને નાહવાનાં પાણીમાં ભેળવવું અથવા મલમલ જેવા ઝીણા કાપડની પોટલીમાં નાખી તેને નાહવાનાં પાણીમાં નાખી પાણી ગરમ કરવું, યા ઠંડા પાણીમાં થોડા વખત અગાઉથી બોળી રાખવી. આમાં પ્રથમ ઉપાય વધુ અનુકૂળ છે. સુગંધ અને ફીણ માટે આજકાલ બજારમાં પણ વિવિધ બનાવટો મળે છે, પણ આ ઘરગથ્થુ પ્રયોગ સરળ અને સલામત છે.

સ્વપ્નનગર

અડકો દડકો

સુશીલા ઝવેરી

એક વખતના ફોજના નિવૃત્ત અફસર નારાયણ મિશ્રાની દીકરી પરણીને સાસરે ગયેલી. તેને એક દીકરો ને એક દીકરી. મિશ્રાના જમાઈને નોકરીમાં વારંવાર બદલી થતી એથી બન્ને બાળકોને નૈનિતાલમાં ભણવા મૂક્યાં હતાં.

દિકરીનું નામ માનસી ને દીકરાનું નીરવ. એમના નાનાનો નૈનિતાલમાં સરસ બંગલો હતો. વિશાળ બંગલાની બહાર કંપાઉન્ડમાં એક પ્રાણીબાગ બનાવ્યો હતો. કંપાઉન્ડની દીવાલના થાંભલાની ઊંચી ટોચ પર રંગબેરંગી પક્ષીઓનાં શિલ્પ!

દરેક પક્ષીનો અભ્યાસ કરી; એને માટેનું વાતાવરણ જાળવવાની દરેક વ્યવસ્થા મિશ્રાજીએ કરી હતી. કારણ નૈનિતાલમાં વરસાદ ને બરફ પણ પડે. પક્ષીને પીંજરામાં નહીં પણ વૃક્ષો પર ઊડવા-બેસવાની વ્યવસ્થા પણ હતી. પાળેલાં પક્ષીઓ ઊડીને ક્યાંય જતા નહીં. વૃક્ષો પરજ માળો બાંધી કુદરતી વાતાવરણમાં ઈંડાં મૂકતાં ને ચણ માટે શીશમહલમાં આવતાં. આખો દિવસ રમતાં ને ઊડાઊડ કરતાં. રાત્રે માળામાં જઈ સૂઈ જતાં. મિશ્રાજીને પંખીઓને પાંજરામાં પૂરવા ગમતાં નહીં, પણ હવામાન ઠંડું હોય ત્યારે પક્ષીઓને રાખવાની વ્યવસ્થા કરી હતી.

નીરવ-માનસી બન્ને ભાઈબહેનને ખૂબ બને. ઝઘડે જ નહીં, ને ઝઘડે તો આપસમાં સમાધાન કરી લે. બન્નેનાં નાની જીવતાં નહોતાં, પણ નાનાજી ને જૂનો નોકર જગુ બન્નેની ખૂબ સંભાળ રાખતા. પક્ષીઓ પણ જાતજાતનાં હતાં. નામ પણ જાતજાતનાં - કલકલિયો, હોલું, કુંજ, બતક, ચમચો જેની ચાંચ સાચ્ચે સાચ લાકડાનો મોટો ચમચો હોય એવી જ લાગે, હંસ, ટિટોડી, કોયલ, ભીમરાજ 'શીકરો'.

પંખીઓમાં માળા બાંધવાની કુશળતા અદ્દભુત! એમાંય દરજીડો કે સૂગરીનું માળો બાંધવાનું જ્ઞાન જોઈ આશ્ચર્ય થાય. પશુપક્ષીને પણ બચ્ચાંની ભારે માયા હોય છે. હા, બચ્ચાં મોટાં થતાં તેઓ છૂટાં પડી જાય એ ખરું. માનસી અને નીરવ તો પક્ષીઓમાં જ ખોવાયેલાં રહેતાં.

ઉપરનાં અનેક સાથે દૂધરાજ, તુઈ, પોપટ, ભટોરો, શહામૃગ, સારિકા, સમડી, તેતર, પંખો, મોર, ઢેલ, સક્કરખોરો, લક્કડખોદ, ચંડુલ, ફૂલ-ચકલી, જળકાગડો, હૂપહૂપ, બુલબુલ, સુગરી, કોયલ, વૈયું, હોડો, ઘૂવડ, બ્રાહ્મણી, બતક! કેટલાંક ટહુકે-બોલે ને કેટલાંક ગાયક પક્ષીઓ-એમનું ગીત જાણે કાનમાં અમૃત રેડાય. નીરવ-માનસીને આ જીવતાં રમકડાં રમવા મળે.

જંગબારી પોપટ તો એટલો લાડકો કે એને માનસી- નીરવની બરાબરી કરવા જોઈએ. એક વાર માનસી-નીરવ નાનાજીને કંઈ પૂછવા આવ્યાં, ત્યાં તો દાદાજી દાદાજી કરી પોપટ માથે બેઠો. દાદાજી ખિજાયા. નીરવ-માનસીને કે પોપટને એ કાંઈ સમજ પડે એ પહેલાં એ રિસાઈ ગયો. એને મનાવવો પડ્યો. એ બોલ્યો 'મહેમાન સાથે વાત ન કરું?' ને બધાં હસી પડ્યાં.

માનસી ને નીરવનો એક મિત્ર સૌમિલ હતો. એ કહે, મેં પશુ- પક્ષીઓની એક હરીફાઈ યોજી છે. તારાં પશુપક્ષીઓ ભાગ લેશે? નીરવ કહે, દાદાજી રજા નહીં આપે, પણ અમે જોવા જરૂર આવશું. રમતગમતની જાહેરાત એક ઘોડા પર લાઉડસ્પીકર દ્વારા કરી. રજાઓ ગાળવા ઘણાં આવ્યાં હતાં ને આવી હરીફાઈ જોવા ક્યાં મળે.? એટલે બધાં જ ટિકિટ લઈ જોવા આવે.

ગટગોલા મેદાનમાં રમતગમતની હરીફાઈ ગોઠવવામાં આવી. લોક તો હકડેઠઠ ભરાઈ ગયું. મેદાનમાં ઊભા

ઉખાણાં

(૧)

હાથ ચરણ મુખ નાસિકા,
બીજાં પણ છે અંગ;
ભૂખ્યો - તરસ્યો ચાલશે,
તડકો તે તમ સંગ.

(૨)

ઝાલે તો ઝલાય નહિ,
બાંધે તો બંધાય નહિ;
પહોળી જગ્યામાં પેસી રહે,
જીવનું જીવન એ ખરે.

(૩)

ચીતરેલો મોરીઓ,
દેશ-વિદેશે જાય;
પાણી પીવા ઊતરે તો
તરત મરી જાય.

રહેવાની જગ્યા નહીં. છોકરાંઓના કલબલાટથી મેદાન ગાજી ઊઠ્યું છે. પશુપક્ષી ને જીવજંતુએ ભાગ લીધો છે. સરસ કલ્પના છે સૌમિલની. મેદાનને એક છેડે બજાર ભરાયું છે. બધાં દુકાનો સજાવીને બેઠાં છે. મોર મગફળી વેચે છે. વાંદરો વડાં, હંસ આઈસ્ક્રીમ. બકરી-બિલ્લી જોકરનો ડ્રેસ પહેરી બરફના ગોળા વેચે છે. છોકરાંઓને ખરીદવામાં ખૂબ મજા આવે છે. લસરપટ્ટી પર સરકવાનું ઈનામ કીડીને મળ્યું. ટબૂડી માછલી ને તરવાનું, લાંબો કૂદકો મારવાનું વાંદરાને પહેલું ને દેડકાને બીજું. લાંબી દોડમાં હરણ જીત્યું. ઊડવા માટે એક વિભાગમાં પતંગિયાને મળ્યું, ને બીજામાં ગીધને મળ્યું. સુંદર ગણવેશ ને મોટાંમોટાં વાક્યો બોલવા માટે પોપટને ઈનામ મળ્યું. સુંદર વસ્ત્રપરિધાન માટે મોર-ઢેલ મેદાન મારી ગયાં. અવાજ માટે કૂકડાભાઈ કૌતુક કરી ગયા. કાંગારુ કોથળીમાં બચ્ચાં સાયકલ ભરી ચલાવી ગયું. ચાતુરી માટે કાગડાભાઈ ને શિયાળભાઈ ખાટી ગયા. ચપળતા માટે સસલાભાઈ ચૂંટાઈ આવ્યા. બપૈયાએ માણસ જેવો અવાજ કરવાનો નુસખો અજમાવ્યો. આગમાં કૂદી પડવાના સાહસ માટે કૂદાને મરણોત્તર ઈનામ મળ્યું. સરસ સંગીત માટે કોયલ અને દૈયડમાં એક ઈનામ સરખે ભાગે વહેંચાઈ ગયું. કોરસમાં ગાવા માટે કાકાકૌવાને નવાજ્યા. રીધમ તમરાં-કંસારીએ આપી. તબલચીનું ઈનામ વાંદરાભાઈને, ને વજન ઊંચકવાનું શ્રેષ્ઠ ઈનામ હાથીભાઈને આપી કદર કરવામાં આવી. ઉપરાંત રચનાત્મક કાર્ય માટે બકરી ને ગોળ, શેરડી કોપરાં ઝૂંપડી બાંધવા માટે મળ્યાં.

ખાઉધરાપણાનું વાઘમામાને બિલ્લીને ને બગલાને ભગત તરીકે નવાજવામાં આવ્યાં, એમાં લોકોએ ટીકા કરી. વરુને અંચાઈ કરવા માટે સ્પર્ધા છોડી જવું પડ્યું. ઈનોમોની વહેંચણી વનરાજના શુભહસ્તે કરવામાં આવી. વનરાજે સૌ સાથે હાથ મિલાવ્યા ને છૂટા પડ્યા. ખરી મઝા હવે થઈ. નાનાજીને એક જણ કૂતરું ભેટ આપી ગયું. તો વળી બીજું બિલ્લી આપી ગયું. તો ત્રીજું વાંદરો ને વાંદરી ભેટ આપી ગયું. માનસી ને નીરવની ખુશીનો તો પાર નથી. કૂતરાનું નામ પાડ્યું કલ્કી, બિલ્લીનું નામ પાડ્યું પુસી, વાંદરીનું નામ રન્ના ને વાંદરાનું રેમન્ડ. બધાંને નામ દઈ બોલાવે કે તરત આવે. કલ્કી રોજ દરવાજે જઈ છાપું લઈ આવે, પુસી રસોડાના બારણામાં લપાઈને બેસી રહે, ને નીરવ- માનસી લેસન કરે ત્યારે એની આજુબાજુ ઘસાઈને ઘૂમ્યાં કરે. સ્કૂલે મૂકવા જવા મોટર નીકળે એ પહેલાં કલ્કી આગળ જઈ ઊભો રહે ને સાંજે સ્કૂલ છૂટે એટલે બન્નેને લઈને આવે. કલ્કી આવે નહીં ત્યાં સુધી પુસી દરવાજે રાહ જોઈ બેસી રહે.

પશુપક્ષી માટે પીવાનાં પાણીના હોજ હતા. ને કંપાઉન્ડની દીવાલના થાંભલા ચણેલા એમાં દૂરદૂર આજુબાજુ આયના ગોઠવેલા કે જેમાં દરેક પક્ષીને પોતાનાં જેવાં બીજાં પ્રતિબિંબ દેખાય. નીરવ અને માનસી સાથે પક્ષીઓ એટલાં હળી ગયેલાં તે હાથમાંથી ચણ લેતાં ડરે નહીં. નાનાજી એટલે કે દાદાજીએ પક્ષીના અવાજની ટેઈપ ઉતારેલી; એટલે રાતના સૂતી વખતે દરેક પક્ષીનો અવાજ ઓળખવાની તાલીમ નાના આપતા.

મોરની કળા જોતાં તો નીરવ-માનસીના આનંદથી રૂંવાડાં ઊભા થઈ જતાં. ને તેઓ પણ સાથે નાચવાં લાગતાં. એ પંખ ફેલાવી નાચે, પગના ઠેકા લઈને ગળામાંથી ગહેકારે. એ બેનું મિલન અદ્‌ભુત. પછી એના મમ્મીપપ્પા આવે કે પોતે મળવા જાય. ત્યારે ટેઈપ સાથે લઈ જાય, એટલું જ નહીં વિડીઓ ટેઈપ પણ લઈ જાય. ને ઝીણામાં ઝીણી વિગતોની વાતો કરે. આમે ય રોજ રાત્રે સૂતાં પહેલાં મમ્મીપપ્પાની ગેરહાજરીમાં બધાંના ફોટા જુએ. મળ્યાં ત્યારના ને છૂટા પડ્યાં ત્યારના ફોટા જુએ, ને જૂની યાદ તાજી કરે. અને એમ કરી માબાપની નજીક વસે; કે મળે ત્યારે દૂર હતાં જ નહીં એવું અનુભવે.

આમ કલ્કીને નાનાજીના વધુ લાડકા બનવું હોય, ને પુસી ખોળામાં સૂઈ જાય તો કલ્કી રિસાય; ને કલ્કી સૂઈ જાય તો પુસી રિસાય.

કલ્કીને બિસ્કિટ બહુ ભાવે ને પુસી એના બિસ્કિટ ખાઈ જાય. કલ્કીને ખબર કે પુસીને બિસ્કિટ બહુ ભાવે છે, એ થોડાં ખાઈને ડિશમાં રહેવા દે, ને પછી પુસીને ધક્કા મારીને ડિશ પાસે લઈ જાય.

સાંજે બધાંએ રોજ ભેગાં થઈ શિખવેલા ખેલ કરી બતાવવાના. વાંદરા-વાંદરીના ખેલ કરે. વાંદરી રિસાય, વાંદરો મનાવે. પછી નવો કરાવેલો ડ્રેસ પહેરાવે ને એક લાંબું દોરડું લઈ એક ગોળ ફરે ને પોતાને વીંટાય ને બીજાનું ખૂલી જાય એમ ચક્કર ચક્કર ફરવાનું બન્નેને, ને નીરવ-માનસીને જોવાની મજા આવે. અરે, કલ્કી બે ને ત્રણ પગે ચાલે, પુસી

પોતાનો ડ્રેસ પહેરી ગોદડીંબડાં ખાય ને રન્ના ડિસ્કો કરે; એટલું જ નહીં નીરવ-માનસીની ગિટાર લઈને રેમન્ડ નખરાં કરે.

રન્નાને એક વાર બચ્ચું આવવાનું હતું. એને માટે નાનકડું ઘર બનાવેલું. દિવસે કંપાઉન્ડમાં ઝાડ પર રખડે; પણ રાત્રે ઘરમાં સૂઈ જાય. બચ્ચું આવવાનું છે એની નાનાજીને ખબર હતી. નાનાજીએ થોડાં કપડાં ઘરમાં મૂકી રાખ્યાં. દરવાજો ખુલ્લો રાખ્યો, કંઈ અવાજ આવે તો ખબર પડે. બધાં સૂઈ ગયાં. રાત્રે ત્રણ વાગ્યે રન્ના હાથમાં બચ્ચું લઈને નીરવ-માનસી સૂતાં હતાં ત્યાં જઈ હથેળી માથે અડાડી બન્નેને જગાડી બચ્ચું બતાવ્યું. માનસીએ ને નીરવે તો કોલાહલ કરી મૂક્યો. પક્ષીનાં બચ્ચાં ઈંડાંમાંથી નીકળે ત્યારે આનંદ તો થતો જ, પણ આ તો ઉત્સવનો આનંદ બની ગયો. આખું ઘર જાગી ઊઠ્યું.

વાંદરીનું બચ્ચું માને ધાવે એની માનસી-નીરવને બહુ નવાઈ લાગતી. પછી જ્યારે મમ્મીને મળ્યાં ત્યારે પૂછ્યું: મમ્મી, અમે પણ તને ધાવતાં હતાં ?


મમ્મીએ કહ્યું: 'પ્રાણીઓનાં બચ્ચાં સૌપહેલાં માનું દૂધ પીનેજ મોટા થાય. પક્ષી ઈંડાંમાંથી ભલે થાય પણ માબાપના પ્રેમ કે કૃપા વિના બચ્ચાં મોટાં ન થઈ શકે. એટલે જ સારા-ખરાબ સંસ્કાર માટે માનું ધાવણ વખણાય ને વગોવાય. માના દૂધના સંસ્કાર વિશે તમે મોટા થશો ત્યારે સમજશો.'

માનસી-નીરવ વિચારે ચઢી ગયાં!

ઉખાણાંના ઉત્તરો

૧. પડછાયો ૨. પવન ૩. પત્ર

રોહન શૈલેશભાઈ ઠાકોર



ચિત્રકલાના ક્ષેત્રે ગુજરાતના વિદ્યાર્થીઓ પરદેશમાં પણ નામ રોશન કરવા લાગ્યા છે. ચિત્રકલાના આ ગૌરવવંતા વારસાને દીપાવવાનું કાર્ય ગુજરાતના કિશોરો દ્વારા વણથંભ્યું ચાલે છે. તેમાં ચિ. રોહન ઠાકોર આ વર્ષે જપાનની કાનાગાવા ચિત્રસ્પર્ધામાં સુવર્ણ-ચંદ્રક મેળવી ઝળહળતી સિદ્ધિ હાંસલ કરે છે.

વિશ્વભરનાં બાળકો માટે જપાનની કાનાગાવા સંસ્થાએ એક ચિત્રકલા-પ્રદર્શન યોજ્યું. વિશ્વભરમાંથી ૪૫૭૬૧ એન્ટ્રિ આવી હતી. તેમાં ચિ. રોહનને 'હોળી' ચિત્ર માટે સુવર્ણ-ચંદ્રક પ્રાપ્ત થયો છે.

રોહન અમદાવાદની દીવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા, કાંકરિયા, શ્રેણી ૪માં અભ્યાસ કરે છે. રોહનમાં શિશુ વયથી જ ચિત્રકલાનો શોખ પાંગર્યો હતો. ઘરમાં મોટાભાઈને અભ્યાસ માટે શિક્ષકો માર્ગદર્શન આપે છે તો પોતાના માટે પણ ચિત્રશિક્ષક રોકવા તેવી જીદ રોહને કરી. બાળહઠ ક્યારેક સુંદર પરિણામ લાવે છે. તેની અનુભૂતિ માતા ગીતાબેન પામ્યાં. ઉત્સાહી માતાએ રોહનના કાકાના મિત્ર શ્રી હર્ષદભાઈ શાહ ને ચિત્રકલા શીખવવા રોક્યા.

હવે તેને ચિત્રકલામાં માર્ગદર્શન મળી રહેતું. પ્રાણીઓ-પક્ષીઓ- તહેવારો રોહનની કલ્પના-શક્તિમાં મૂર્ત થઈ પીંછીમાં ઊતરી આવ્યાં.

ચિત્રશિક્ષક શ્રી હર્ષદભાઈનો રોહન માટે આ અભિપ્રાય છે 'રોહનમાં કલ્પના શક્તિ: પેન્સિલ વર્કનાં ટોન-ઝડપ, રંગ અંગેની રુચિ-સમજ- આ બધું જ સ્વાભાવિક હોવાની સાથે સાથે તેને તાલીમ મળી છે. તેથી સફળતાએ તેના પગ ચૂમ્યાં.' - **નલિની ભટ્ટ**

ઉનાળો

ઉનાળાની ગરમી કેવી ?
ખાટી મીઠી કેરી જેવી.
રજા પડી ગઈ મઝા પડી ગઈ
સ્લેટ નોટબુક કોરી થઈ ગઈ.
ખિસ્સામાં લઈ રેલના પાટા
અમે રમીશું આટાપાટા.
હજુ નથી આવ્યું ચોમાસુ
હજુ તો છે જાંબુ પણ ખાટાં.

રાજેશ વ્યાસ

અનુસંધાન] માધુકરી [પૃ. ૧૯૧ પરથી

૪૮. એસ. બાલ્ડવિન
(મિશ્ર) : ૭-૬-૧૯૩૫
૪૯. એન. ચેમ્બરલેઈન
(મિશ્ર) : ૨૮-૫-૧૯૩૭
૫૦. વિન્સ્ટન્ટ એસ. ચર્ચિલ
(મિશ્ર) : ૧૧-૫-૧૯૪૦
૫૧. વિન્સ્ટન્ટ એસ. ચર્ચિલ
(કન્ઝર્વેટિવ) : ૨૩-૫-૧૯૪૫
૫૨. સી.આર. એટલી
(લેબર) : ૨૬-૭-૧૯૪૫
૫૩. સર વિન્સ્ટન્ટ એસ. ચર્ચિલ
(કન્ઝર્વેટિવ) : ૨૬-૧૦-૧૯૫૧
૫૪. સર એન્થોન એડન
(કન્ઝર્વેટિવ) : ૬-૪-૧૯૫૫
૫૫. એચ. મેક્મિલન
(કન્ઝર્વેટિવ) : ૧૩-૧-૧૯૫૭
૫૬. સર એ. ડગ્લાસહોમ
(કન્ઝર્વેટિવ) : ૧૯-૧૦-૧૯૬૩
૫૭. જે.હેરોલ્ડ વિલ્સન
(લેબર) : ૧૬-૧૦-૧૯૬૪
૫૮. એડવર્ડ આર. જી. હીથ
(કન્ઝર્વેટિવ) : ૧૯-૬-૧૯૭૦
૫૯. જે.હેરોલ્ડ વિલ્સન
(લેબર) : ૪-૩-૧૯૭૪
૬૦. લિયોનાર્ડ જેમ્સ્ કેલેઘન
લેબર : ૫-૪-૧૯૭૬
૬૧. શ્રીમતી માર્ગારિટ થેચર
(કન્ઝર્વેટિવ) : ૨૮-૧૧-૧૯૭૯
૬૨. જહોન મેજર
(કન્ઝર્વેટિવ) : ૨૮-૧૧-૧૯૯૦

ભરતકુમાર પ્રા. ઠાકર

અતીતમાં અવગાહન

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

જૂના રોમન કેલેન્ડરના બીજા, અને આધુનિક પશ્ચિમી વર્ષગણનાના આ ચોથા માસનું નામ લેટિન 'એપેરીએર' (=ઊઘડવું) શબ્દ ઉપરથી પડ્યું હોવાનું મનાય છે, કેમકે આ માસથી બેસતી વસંતઋતુમાં પુષ્પો અને પલ્લવો ઊઘડવા-ખીલવા માંડે છે. વસંતોત્સવના આનંદમાં આપણે ત્યાં ઊજવાતી હોળીના દિવસની જેમ પશ્ચિમમાં પણ આ માસનો પહેલો દિવસ 'એપ્રિલ-ફૂલ્સ-ડે' તરીકે ઊજવીને તે દહાડે મિત્રોને મૂર્ખ બનાવતી નિર્દોશ ઠઠ્ઠામશ્કરીઓ યોજવામાં આવે છે.

તા. ૬ અમેરિકન સ્વાતંત્ર્યના પિતા જ્યોર્જ વૉશિંગ્ટનની અમેરિકાના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટણી થઈ, ઇ. ૧૭૮૯.

તા. ૭ હિંદભરમાં ગુજરાતના નામને ઊજળું કરનાર પ્રતિભાવાન ગુજરાતી, સાક્ષર અને શિક્ષણકાર, વિવેચક અને ચિંતક, વિદ્વાન તત્ત્વદર્શી આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું અવસાન, ઇ. ૧૯૪૨

તા. ૧૧ 'ક્લૉઇસ્ટર ઍન્ડ ધ હાર્થ'ની લોકપ્રિય તથા અનેક તરુણોને પ્રેરક કથાના આ લેખક, જાણીતા અંગ્રેજ નવલનવેશ ચાર્લ્સ રીડનું અવસાન, ઇ. ૧૮૮૪.

તા. ૧૬ ચંપારણ્યની સત્યાગ્રહની લડતનો મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે પ્રારંભ થયો, ઇ. ૧૯૧૭.

તા. ૨૦ અમેરિકાના ન્યૂ યૉર્ક પરગણાનું રાજ્યબંધારણ ઘડાઈને સ્વતંત્ર પરગણા તરીકે તેની સ્થાપના થઈ, ઇ. ૧૭૭૭.

તા. ૨૪ પોતાની બોધપ્રદ નવલોથી દુનિયાભરના વાચકવર્ગને એક કાળે વશ કરનાર અંગ્રેજ નવલકથાકાર મેરી કોરેલીનું અવસાન, ઇ. ૧૯૨૪.

તા. ૨૯ 'ઑર્લીઆંની કુમારી' તરીકે ઇતિહાસમાં વિખ્યાત ફ્રેન્ચ વીરાંગના જ્યાં દ'આર્ક, (જોન ઑવ આર્ક)નો, વિજેતા તરીકે ઑર્લીઆં (ઑર્લીઅન્સ)માં પ્રવેશ, ઇ. ૧૪૨૯.

('કુમાર' અંક ૨૩૨ માંથી)

લવીંગિયાની લૂમ

એક માણસની એક ખારેકની અને એક બદામની એમ બે કોથળી ખોવાઈ. તેણે જાહેર કર્યું કે કોથળીઓ જડશે તો પોતે દરેકમાંથી અરધી ખેરાત કરશે. ભાગ્યવશાત્ બંને કોથળીઓ મળી આવી, ત્યારે એણે ખારેકના ઠળિયા અને બદામનાં છોડિયાં દાનમાં આપી દીધાં!

*

ચોરીના આરોપસર ખડા કરેલા માણસને મૅજિસ્ટ્રેટે પૂછ્યું : 'આ માણસે પોતાની ઘડિયાળ કળવાળા અછોડા વડે પોતાના કોટમાં જકડી હતી, છતાં તેં એ કેવી રીતે કાઢી લીધી?'

'એ શીખવવાના તો હું પચાસ રૂપિયા લઉં છું, સાહેબ.' ચોરે જવાબ દીધો.

*

એક અમેરિકન ડંફાસ મારતો હતો : 'અમારા દેશમાં એવા એવા ઊંચી કોટિના રેડિયો સેટ થાય છે કે બોલનારના હૃદયના ધબકારા સુધ્ધાં સંભળાય!'

એ સાંભળી એક સ્કૉચમૅને છાંટી : 'પણ મારે ત્યાંનો રેડિયો તો એટલો પાવરફુલ છે કે કાલે મેં ઇજિપ્ત સાંભળવા સ્વિચ ફેરવી, તો ત્યાંના રણના તોફાનની રેતીથી મારો આખો ઓરડો ભરાઈ ગયો!'

*

('કુમાર' અંક ૨૩૬-૩૭માંથી)

પાછલી રાતનું અજવાળિયું

જીવનના આથમવા માંડતા પહોરે, શરીર ભાંગવા માંડ્યું ત્યારે, ધંધાની વિકટ પરિસ્થિતિને કારણે નવું જીવન શરૂ કરવાની મૂંઝવણના મારા દિવસો હતા.

વદ બીજ-ત્રીજની રાત હતી, અને મોટે મળસ્કે કામ જવા ઊઠ્યો ત્યારે પાછલી રાતનું અજવાળિયું ખીલી રહ્યું હતું.

પાછલી રાતના અજવાળિયાની શીતળ મધુરતા તમે કદી માણી છે? સાકરમિશ્રિત દૂધ જેવી સુખમય મીઠાશ વડે દેહ અને દિલને તાજગીભરી ઠંડક આપતી પાછલી રાતની એ ચાંદનીનું નીતર્યું વાતાવરણ અનેરું સત્ત્વપ્રેરક હોય છે. કવિ નાનાલાલે મોટે પરોઢિયે ઊઠીને સાંઢણી પર કરેલી પંચાસરની મુસાફરી દરમ્યાન રચેલું ગીત મને યાદ આવ્યું:

'પાછલી રાતનાં અજવાળિયાં...રે, ચાંદનીથી ચીતર્યા સમીર' 'હો રણને કાંઠડલે રે.'

ભાંગતી રાતના એ મીઠા અજવાળિયાને પડછે, જીવનના ભાંગતા પહોરની મારી ગમગીન ચિંતાઓ ગળી ગઈ, અને એની ચાંદનીએ સુખમય પ્રફુલ્લિતતા વડે પ્રેરક આશાઓથી મારા મનને ચીતરી મૂક્યું.

પાછલા જીવનની કરુણતાનો નિરાશાજનક ખ્યાલ નીતારી નાખતા પાછલી રાતના અજવાળિયાના એ વાતાવરણમાં નહાતો હું મારા માર્ગે પડ્યો, અને થોડી વારે જોઉં છું તો દૂધ જેવી ચાંદની મધુરંગી બનીને ઊગતા પરોઢમાં પલટાઈ જતી હતી. મને થયું કે પાછલા જીવનમાં આગામી મૃત્યુના ભયાનક ખ્યાલથી લોકો શા માટે ફફડતા હશે? પ્રફુલ્લ પરોઢમાં પીગળી જતી આ પાછલી રાતની ચાંદનીની જેમ, મૃત્યુ એ પણ નવા જીવનમાં પ્રવેશ કરાવતો પ્રફુલ્લ પલટો જ માત્ર નથી? જો કે મને હજી મૃત્યુની નિરાશાએ ઘેરી લીધો ન હતો; પણ ભાવી જીવનનો મારો ચિંતાભાર તો એ ચાંદનીએ નિર્વિવાદ ગાળી નાખ્યો; અને પાછલી રાતની ભાંગતી ઘડીઓ પણ મધુરતાભરી હોય છે - બની શકે છે, એ પ્રોત્સાહક પ્રફુલ્લિતતા મારા મનમાં ફોરી રહી.

તમે 'કુમાર'ના વાચકો તો કાંઈ જીવનની પાછલી રાતમાં નહિ હો. પણ જીવનમાં નિરાશાની પળો તો સૌને આવે જ છે. કોઈ કારમી નિષ્ફળતા, કોઈ પ્રિયજનનો વિયોગ, કોઈ કપરી માંદગી, કોઈ સામાજિક આપત્તિ, - એવી હતાશ કરતી પળોએ પાછલી રાતની પ્રફુલ્લિતતાને યાદ કરજો. એ અંધારી હોય છે તો પણ એમાં પ્રફુલ્લિતતા જ છુપાએલી હોય છે; અને કવચિત્ તો તમે મારી પેઠે અનુભવશો કે પાછલી રાત તો અજવાળી પણ હોય છે.

કોઈએ કહ્યું છે કે દુઃખસહનની વેદનાથી જ માણસોનો આત્મા નીતર્યો બને છે; અંધારી ઘોર રાત ભાંગતી હોય છે ત્યારે જ. પરોઢની અણદીઠ પ્રફુલ્લિતતા ફોરી રહે છે; અટૂલ નિરાશાની પળો વીંધતો માણસ જ તેમાંથી બલદાયક સત્ત્વશુદ્ધિ મેળવી જીવનમાર્ગે આગળ ધપે છે.

'શાલિગ્રામ' ('કુમાર' અંક ૨૩૦માંથી)

સાહિત્યસંપર્ક

સાહિત્યિક સંજ્ઞાઓ

સાઈન/સંજ્ઞા

સાઈન (sign) એ અંગ્રેજી શબ્દ એટલો બધો સહજ રીતે ગુજરાતીમાં વપરાય છે કે તેને માટે પર્યાયની ભાગ્યે જ જરૂર હોય. સાવ તળપદા સંદર્ભમાં હાથના કે મોં પરના ભાવના ઈશારાથી કોઈને કંઈ સૂચવવું તેને સાઈન કરી એમ કહીએ છીએ. એથી આગળ કોઈ ફોર્મ ભરતા હોઈએ તેમાં ખરા કે ખોટાનું ચિહ્ન કરીએ તેને ચોકડી (x) કે ખરા (✓)ની સાઈન તરીકે ઓળખીએ છીએ.

મજાની વાત એ છે કે આમ ઘરગથ્થું વપરાશમાં ચલણી થઈ ગયેલો સાઈન શબ્દ આજે વૈચારિક વિશ્વમાં ચાલતી એક બહુ મહત્ત્વની ચહલપહલના કેન્દ્રમાં છે. સાઈન એટલે શુદ્ધ અર્થમાં સંજ્ઞા, અને આ સંજ્ઞા અને એવી સકળ સંજ્ઞાઓનું એક નવું ક્ષેત્ર, નવું શાસ્ત્ર આજે વિકસ્યું છે જે સેમિઑટિક્સ (semiotics)સંજ્ઞાશાસ્ત્ર તરીકે ઓળખાય છે. તેનો બીજો પર્યાય સેમિઑલૉજિ (semiology) પણ પ્રચલિત છે. ખાસ કરીને સમૂહ માધ્યમો અને ટેલિવિઝનમાં થતા કમ્યૂનિકેશન એટલે કે પ્રત્યાયનની પ્રક્રિયાને સમજવા માટે તેમજ નાટકનો અનુભવ, નાટકની ભજવણીને નિહાળવાનો અનુભવ, તેને સમજવા માટે આ સેમિઑટિક્સની દિશામાંથી આવતી આખીય ચર્ચા સારી એવી ઉપકારક નીવડી છે.

આ ચર્ચાનો ઉપાડ ભાષાશાસ્ત્રમાંથી થયો. અહીં સસ્યૂર (Saussure) નામના ફ્રેન્ચ ભાષાશાસ્ત્રીની આપેલી પાયાની સમજણોએ બહુ મોટો ભાગ ભજવ્યો. આમ તો આ વિષય છેક જ અભ્યાસક્રમની શિસ્ત માગી લે છે, પણ અહીં તેને સમજવાનો અછડતો પ્રયાસ કરીએ.

ચર્ચાના કેન્દ્રમાં શબ્દ અને શબ્દનો અર્થ-એનું વિસ્મય છે. વૃક્ષ શબ્દ લખો/બોલો એટલે તે સાથે આ સામે ઊભું એ, આ ઝાડ - એવી સમજ ક્યાંથી નિષ્પન્ન થાય છે ? અહીં જે નવો ખ્યાલ રજૂ થયો છે તે એ છે કે વૃક્ષ શબ્દ લખવાય/બોલવાથી સીધો સામે ઊભેલો આ પદાર્થ, આ ઝાડ એમ ઈંગિત થવાને કોઈ કારણ નથી. વૃક્ષ શબ્દ ખુદમાં, એ આકારો/અવાજોના અમુક સંકુલમાં એવું કશું અંતર્ગત નથી કે જેથી તે આ સામે ઊભેલા પદાર્થ, આ ઝાડને જ ઉલ્લેખે. આમ તો વૃક્ષ શબ્દ અને તેના અર્થનો સંબંધ યાદચ્છિક કે આકસ્મિત છે. હા, એટલું કે વૃક્ષ લખવા/બોલવાથી અમુક એક ચિત્ર આપણા મન સમક્ષ આવે છે. વૃક્ષ નામની સંજ્ઞા વૃક્ષ તરીકે ઓળખાતા કલ્પનને જગાવે છે. એટલે વૃક્ષ શબ્દ અને વૃક્ષ પદાર્થને, સંજ્ઞા અને સંજ્ઞાજનિત, સંકેત, અંગ્રેજીમાં 'સિગ્નીફાયર' અને 'સિગ્નીફાઈડ'નો, અને બસ એટલો જ, સંબંધ છે.

અહીં જે જબરદસ્ત નવી દષ્ટિ સંડોવાઈ છે, જેનાથી વાક્ અને અર્થ વિશેની આખીય પ્રણાલિગત ભૂમિકાને ફેર તપાસી જવી પડે એ આ છે : જે પેલો સંકેતજનિત અર્થ કહ્યો, તે આ નવી મીમાંસા પ્રમાણે બાહ્ય વિશ્વમાં, વસ્તુગત જગતમાં, લાંગરેલો એવો કોઈ પદાર્થ, કોઈ ઑબ્જેક્ટ નથી. વૃક્ષ શબ્દરૂપી સંજ્ઞાથી જે વૃક્ષ નામનો સાંકેતિક અર્થ ફલિત થયો તેને વિશે ભલે એમ લાગે કે તે વાસ્તવમાં, હકીકતમાં અસ્તિત્વ ધરાવે છે, જેને વિશે એમ કહેવાય કે તે છે. પણ જો સાચી રીતે જોઈએ તો એ વૃક્ષ પણ સંજ્ઞાવિશેષ જ છે, જે બીજે તબક્કે વળી સંજ્ઞા અને સાંકેતિક અર્થની નવી શ્રેણીઓ પ્રયોજતું રહે.

તો વૃક્ષ સંજ્ઞા અને તેનો સાંકેતિક અર્થ એવું વૃક્ષ એ આખુંય યુગ્મ આપસઆપસમાં જ રમતું રહે છે અને એ પારસ્પારિકતામાંથી છૂટીને વસ્તુલક્ષી જગતના જડ/ચેતન પદાર્થો સુધી કદીય પહોંચતું નથી. એટલે આપણે આવી દર્પણ-લીલામાં આવી ભરાણા છીએ ? ત્યાં સામે, બહાર, પણે, આઘે, છેટે, પેલું વિશ્વ... એ વિશ્વને વાતમાં ન લાવીએ તો સારું, કેમકે એ છે કે નથી કે છે/નથી - એ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

આ સંજ્ઞા કે સંકેતશાસ્ત્રના વિકાસથી ભાષામાત્રની વ્યાખ્યા હવે વિસ્તરી ગઈ છે. સાહિત્ય વિશેની સમજ, તેની વિભાવનામાં આમૂલ કહી શકાય તેવું પરિવર્તન આવ્યું છે. લખાયેલી/છપાયેલી/વાંચેલી વાર્તાની સાથે પ્રયોજેલી રજૂ થયેલી જોયેલી ટેલિવિઝન સીરિઅલની પણ ચર્ચા આ જ સંજ્ઞાશાસ્ત્રની સીમાઓમાં રહી આરંભાય છે. અમ્બેર્ટો એકો (Umberto Eco) નામના વિચારકનું આ ક્ષેત્રમાં આગળ પડતું પ્રદાન છે. એમનાં લખાણો વાંચતાં કેટલીક બીજગણિત જેવી કોઈ શાખામાં આવી પડ્યા હોઈએ તેવું લાગે. સુપરમૅન જેવી સીરિઅલની સાંકેતિક લિપિ ઉકેલીએ તો તેમાં સમકાલીન સમાજનાં ઘણાં બધાં સત્યો નોંધાયાં હોય તે જોઈ શકીએ. એ અને એવી સામગ્રીમાં આજના માનવીની સમયની સૂઝ, તેના સમયભાનથી માંડીને આજની સત્તાપરંપરાના સ્વરૂપ વિશે ઘણું બધું જાણવા મળે. કેર એલમ (Keir Elam) નામના વિદ્વાને એ જ રીતે નાટ્યાનુભવના સમગ્ર વિશ્વમાં પડેલા સંકેત-વિસ્તારનું વિશ્લેષણ કર્યું છે. આ બધી જ ચર્ચા સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ગ્રંથો ફરીથી વાંચવા જાણે આપણને પ્રેરે છે.

દિગીશ મહેતા

પુસ્તકપરિચય

મધુર સ્મૃતિસંચય

પિતા કે માતા વિશેનો હૃદયભાવ જગતમાં અનન્ય ગણાયો છે. પિતા મહાન હોય કે સામાન્ય જન હોય; પણ પિતા એ પિતા છે. પુત્ર મહાન હોય કે સામાન્ય જન હોય, તો પણ પિતા એ પિતા જ છે. પિતાની સ્મૃતિ વાગોળતાં સહુ કોઈ સંતાનોને આહ્લાદ થવાનો જ. શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકરે 'મારા પિતા' નામક ગ્રંથનું સંપાદન કર્યું છે તેમાં ૫૦ પુત્રોએ પોતાપોતાના પિતાને નિવાપાંજલિ ધરી છે. અહીં વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓએ પોતાના પિતાની સ્મૃતિને શબ્દદેહ આપ્યો છે; અને જે પિતાશ્રીઓ વિશે લખાયું છે તે પણ વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓ છે. દા.ત. શ્રી સતીશ કાલેલકરે 'કાકાસાહેબ'નું ચિત્ર આંક્યું છે તો મહેન્દ્ર દેસાઈએ વાલજી ગોવિંદજી દેસાઈ વિશે, વિનોદિનીબહેને રમણભાઈ નીલકંઠ વિશે, મધુસૂદન પારેખે હીરાલાલ પારેખ વિશે, અરુણ

ભટ્ટે આત્મારામ ભટ્ટ વિશે, અપર્ણા બાસુએ ગગનવિહારી મહેતા વિશે, સરલા શેઠે કનૈયાલાલ મુનશી વિશે, આત્મારામ સુતરિયાએ ભોગીલાલ સુતરિયા વિશે, સવિતા મહેતાએ નાનજી કાલિદાસ મહેતા વિશે, દિનકર ભોજકે જયશંકર સુંદરી વિશે, ઈશિરા પરીખે રસિકલાલ છોટાલાલ પરીખ વિશે અને ગણેશ વાસુદેવ માવળંકર વિશે બાલકૃષ્ણ માવળંકર, નરહરિ માવળંકર તથા પુરુષોત્તમ માવળંકરે સ્મૃતિચિત્રો આલેખ્યાં છે. આ લખાણોમાં હૈયાની ભીનાશ હોય તે તો સ્વાભાવિક છે, પણ મોટાભાગના લખાણો શૈલીસ્વરૂપની દષ્ટિએ પણ આસ્વાદ્ય બન્યાં છે. સંપાદક શ્રી પુ.ગ. માવળંકરે આટલી બધી વ્યક્તિઓ પાસેથી પોતપોતાના પિતા વિશેના અંગત સંસ્મરણો લખાવ્યાં તે અભિનંદનીય ઘટના છે. આ પુસ્તકથી આપણા સંસ્મરણાત્મક સાહિત્યમાં સારો ઉમેરો થાય છે.

(પ્રકા. સન્નિષ્ઠ પ્રકાશન, 'ગોપિકા', મહારાષ્ટ્ર સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬; કાચું પૂઠું, ડિમાઈ પૃ. ૪૬૪, રૂ. ૧૬૦)

પ્રાપ્ય પ્રકાશનો

સાત પ્રહસનો : જયંતિ પટેલ 'રંગલો'નાં સાત હાસ્ય એકાંકીઓનો સંગ્રહ (રૂપાલી પબ્લિકેશન, પીરમહંમદશા મેન્શન, ઘી કાંટા, રિલીફ રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું; ક્રાઉન પૃ. ૧૦૮, રૂ. ૧૪)

એ જ લિખિતંગ : નિર્મિશ ઠાકરનાં કટાક્ષકાવ્યોનો મજાનો સંગ્રહ. (નવભારત સાહિત્ય મંદિર, પતાસાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૭૨, રૂ. ૧૨.૫૦)

યાદગાર કાવ્યો : ૧૦૦ કવિઓનાં ૧૦૦ કાવ્યોનો શ્રી મહેન્દ્ર મેઘાણીએ કરેલો આ સંચય સામાન્ય વાચકને પણ કાવ્યાસ્વાદમાં રસ લેતો કરે તેવો છે. (પ્રકા. લોકમિલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર - ૩૬૪૦૦૧; કાચું પૂઠું: ક્રાઉન પૃ. ૧૨૦, રૂ. ૧૨)

યાદગાર જીવનપ્રસંગો : જીવનને ઘડનારા પ્રેરક પ્રસંગોનો આ સંચય શ્રી મહેન્દ્ર મેઘાણી અને અન્યોએ કર્યો છે. વિવિધ કલમો દ્વારા વિવિધ પ્રકાર-રસના પ્રેરક પ્રસંગો અહીં આલેખાયા છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૧૨૮, રૂ. ૧૨)

શબ્દકથા

હળ-હલ

જમીન-ખેતર ખેડવા માટે વપરાતું આજનું 'હળ' જમીન માપવાના સાધન તરીકે પણ પ્રયોજાતું. ગુપ્ત સમયથી ૧૨મી સદી પર્યન્તના અભિલેખોનાં દાનપત્રોમાં વિભિન્ન પ્રકારનાં જે ભૂમિ માપોના ઉલ્લેખ મળે છે તેમાં ભૂમિની લંબાઈ-પહોળાઈ માપવાના ઉપકરણોમાંનું એક 'હલ' છે. જેમકે, 'હલમાપ' અર્થાત્ એક હળથી એક દિવસ દરમિયાન જેટલી જમીન ખેડી શકાય તેટલું માપ તે 'હલસ્ય માપ' (ઍપિગ્રાફિકા ઇન્ડિકા, વો. ૧, પૃ. ૧૬૭). હલસ્ય ભૂ: (એ.ઇ.વૉ. ૩, પૃ. ૧૨૮). ઉત્તર-દક્ષિણ ભારતના અધિકતર લેખોમાં 'હલ' પ્રયોજાયેલ મળે છે. રાજસ્થાનના એક લેખમાં 'હલ'નો ઉલ્લેખ આ રીતે થયેલ છે: 'પંચ હલાનિ વહિષ્કૃત્ય શેષ ભૂમિ શાસની કૃત્ય પ્રદત્તા,' અર્થાત્ પાંચ હળ (જેટલી) ભૂમિ છોડી બાકીની દાનમાં આપી. (સંદર્ભ: એ.ઈ. વૉ. ૨૦, પૃ. ૧૨૯).

કેલ્હણદેવના સાંડેરાવના મહાવીર મંદિરમાંથી મળી આવેલ સં. ૧૨૨૧ના લેખમાં 'હાએલા એક:' શબ્દ મળે છે. કેલ્હણદેવની માતાએ રાજાની વ્યક્તિગત સંપત્તિમાંથી શ્રી ષંડેરકીય મૂલનાયક શ્રી મહાવીર દેવને ચૈત્ર વદી ૧૩ના થનારા કલ્યાણિક ઉત્સવ નિમિત્તે 'એક હાએલ' પ્રદ્દ કરી. ડૉ. ભાંડારકરે 'હાએલ'નો અર્થ 'હલ' (= એક દિવસમાં જેટલી જમીન ખેડી શકાય) કર્યો છે. (જુઓ, શ્રી દુર્ગાલાલ માથુર સંપાદિત 'રાજસ્થાન કે અભિલેખ', પૃ. ૬૪-૬૫).

'હલ' શબ્દ પ્રયોજાયેલ વિશેષ ઉદાહરણ - 'રૂહત્યેન નવગ્રામ દત્તા ચાત્ર હલાર્ધ ભૂ:' (એ.ઈ.વૉ.પૃ.૧૦૬) 'ભૂમિશ્ચ હલ ચતુષ્ટયં યોમ્યા દત્તા નવગ્રામાત' (એ.ઈ.વૉ.પૃ.૧૧૫). 'હલ વાહનીયા દત્તા ભૂમિ:' (એ.ઈ.વૉ.પૃ.૧૦૧)

'હલ' ભૂમિ માપવા માટે પ્રયોજાતું હોવા છતાં એ કોઈ ચોક્કસ માપ દર્શાવતું નથી. 'એક દિવસમાં જેટલી જમીન ખેડી શકાય તેટલું' - આનાથી જમીનની લંબાઈ-પહોળાઈનું નિશ્ચિત માપ સ્પષ્ટ થતું નથી. અર્થાત્ આ - હલ - કોઈ ચોક્કસ નહિ પણ અંદાજી માપ દર્શાવતું હોવાનું કહી શકાય. 'હલ' જેમ જમીન ખેડવાનું, માપવાનું એક પ્રકારનું ઉપકરણ છે તેમ પ્રાચીન સમયમાં એક શક્તિશાળી આયુધ તરીકે પણ પ્રયોજાતું. આનું સબલ દષ્ટાંત છે કૃષ્ણચન્દ્રના મોટાભાઈ બળરામ. તેમનું આયુધ 'હળ' હોઈ તેઓ 'હળધર' નામે પણ સંબોધાય છે, ઓળખાય છે.

હસમુખ વ્યાસ

ઘોર અંધારું ઝમે છે : શ્રી દેવ સોલંકીનો પ્રથમ કાવ્યસંગ્રહ તેમની પ્રતિભાનાં વધુ સારાં ફળોની આશા જગાડે છે. (પ્રકા. પોતે, મુ.પો. મયૂરનગર, તા. હળવદ, જિ. સુરેન્દ્રનગર, કાચું પૂઠું. ડિમાઈ પૃ. ૫૬, રૂ. ૪)

ગ્રાહક સુરક્ષા : શ્રી પ્રબોધ જોશીએ તૈયાર કરેલી પરિચય પુસ્તિકા (પ્રકા. પરિચય ટ્રસ્ટ, મ.ગાં. મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૨, કાચું પૂઠું, ક્રાઉન પૃ. ૩૨, રૂ. ૪.)

કવિ બાલાશંકર : સુધા અંજારિયાએ તૈયાર કરેલી પરિચય પુસ્તિકા (પ્રકાશક વગેરે ઉપર મુજબ)

આપણાં વાજિંત્રો : સ્નેહલ મુઝુમદારે તૈયાર કરેલી પરિચય પુસ્તિકા (પ્રકાશક વગેરે ઉપર મુજબ)

ચાલો જોડણી શીખીએ

શબ્દાંતે 'ઉ'

જ્યારે શબ્દ એકથી વધારે અક્ષરનો બનેલો હોય ત્યારે શબ્દને અંતે આવતો 'ઉ' હંમેશાં હ્રસ્વ કરવો. શબ્દને અંતે ઉકારાન્ત અક્ષર જો અનુસ્વારવાળો હોય તો પણ તે હ્રસ્વ જ કરવો. જેમકે

લાડુ, ગાડું, તરણું, રઝળુ, વગેરે.

પરન્તુ 'સાબુ' અને 'તંબુ' શબ્દોમાં અંત્ય 'ઉ' હ્રસ્વ અને દીર્ઘ એમ બન્ને રીતે લખાય છે: સાબુ - સાબૂ; તંબુ - તંબૂ.



તગતગતો આ તડકો,
ચારે કોર જુઓને કેવી ચગદઈ ગઈ છે સડકો!
કહો, ચરણ ક્યાં ચાલે? એણે એક ન રાખ્યો રસ્તો,
ઘણું હલાવા હવા મથે પણ તસુ ય તે ના ખસતો,
અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ-શો તસતસતો
સાવ અડીખમ પડ્યો, કશે યે જરીક તો કોઈ અડકો!

નિરંજન ભગત

કલાજગતનાં ચઢાણ-ઉતરાણ

છેલ્લાં બે વર્ષ આંતરરાષ્ટ્રિય કલાક્ષેત્રે જો સાચું પૂછો તો કરોડપતિઓનાં વર્ષ કહેવાશે. જુદા જુદા બનાવોથી આ વાત પ્રતીત થાય છે કે હવે કલાનો, ખાસ કરીને ચિત્રકલાનો, 'પુનઃ જાગરણ' યુગ આવી ગયો છે.

લંડનમાં એક જાણીતા કલાવિશેષજ્ઞ અને પ્રતિભાસંપન્ન શાળાના જાણીતા વિદ્વાન ટોમ્સ ગિબ્સન કહે છે કે ગત વર્ષના બનાવોથી એ પ્રમાણિત થાય છે કે કલાએ 'નવ-ધનિકો' નહીં પણ 'સુપર ધનિકો' વચ્ચે પોતાનું સ્થાયી બજાર બનાવી દીધું છે. આજથી બે દસકા પહેલાના અને આજના કલાબજારમાં આજે ફરક એ છે કે પહેલાં ૧૫ ટકા કરોડપતિઓ કલાકૃતિઓ ખરીદતા હતા, હવે ૭૫ ટકા આ ધંધામાં લાગ્યા છે. કલા હવે એમના માટે મોભાપૂર્ણ ઓળખની એક વસ્તુ બની ગઈ છે.

કલાક્ષેત્રમાં બીજું એક પરિવર્તન પણ જોવામાં આવી રહ્યું છે. જાણે કે લોકો રાતોરાત ધનવાન બની ગયા હોય, કે કલાકૃતિઓ ચિત્રો ખરીદવાની પ્રેરણા એકાએક જાગી ન હોય! આજકાલ લંડનમાં કલાકૃતિનું એક સત્રનું વેચાણ ઓછામાં ઓછું ૨૦ થી ૩૦ કરોડ સુધી પહોંચ્યું છે. ગયા વર્ષે 'પિકાસો'ના ચાર કરોડ ૭૯ લાખ ડૉલરના વેચાણથી, વેચાણ કરતી સંસ્થા 'સોદબીજ'ને જે કમિશન મળ્યું, લગભગ એટલામાં આ 'પેઇન્ટિંગ' એના ભૂતપૂર્વ માલિક વૅદેલ યેદીને ૧૯૮૧માં ખરીદ્યું હતું. ગઈ સીઝનના પ્રભાવશાળી અને આધુનિક કલાકારોની કલાકૃતિઓના વેચાણમાં 'સોદબીજ' અને 'ક્રિસ્ટીજ' (લીલામ-ઘર) બંનેને કુલ મલીને દસ અબજ ડૉલર કમિશન મળ્યું. વિવિયમ ધ કૂનિંગનું ચિત્ર 'ઇન્ટરચેંજ' બે કરોડ સાત લાખ ડૉલરમાં વેચાયું- એ પણ ગયા વર્ષની મહત્ત્વપૂર્ણ ઘટના કહી શકાય. કોઇ જીવિત કલાકારોના પેઈન્ટિંગના વેચાણનો આ નવો રેકોર્ડ છે. આ સીઝનમાં પિકાસોનું એક બીજું પેઇન્ટિંગ ચાર કરોડ સાત લાખ ડૉલરમાં વેચાયું. પહેલાં તો આટલી રકમની કોઈ કલ્પના પણ કરી શકતું ન હતું. કલા પ્રત્યે ધનિકોના આ આકસ્મિક પ્રેમનું એ પરિણામ આવ્યું કે કલાકૃતિઓના બજારમાં બધા એવા ગળાબૂડ થઈ ગયા કે બીજે ક્યાંય એવા નજરે નથી પડતા.

ગિબ્સનના શબ્દોમાં કહેવામાં આવે તો કલાક્ષેત્રમાં પૈસાનો ખેલ ખેલવા માટે આજ કલા કે કલાકૃતિઓના જ્ઞાનની જરૂરી નથી. બસ ફક્ત ધનની જરૂર છે. એ જ કારણ છે કે આજે પ્રભાવશાળી અને આધુનિક શાળાની કલાકૃતિઓ 'સ્ટોક માર્કેટ'નું રૂપ લઈ ચૂકી છે. કોઈ પણ ધનવાન પ્રભાવશાળી શાળાના સંબંધમાં બેચાર દિવસમાં કંઈ શીખી નથી શકતો. પણ એટલું તો અવશ્ય જાણી લે છે કે કઈ કલાકૃતિ કઈ શાળાની છે અને એની પાસે અત્યારે જે ચિત્ર કે કલાકૃતિ છે, તે એનાથી સારી યા એના પહેલાની છે કે નહીં. એટલી જાણકારી હોય તો એ એવી જ જાતની બીજી કલાકૃતિઓ ખરીદવા માગે છે.

૧૯૮૭-૮૮ દરમિયાન કલાક્ષેત્રમાં જે આ રીતે અચાનક કિંમતો વધી એના સંબંધી એક બીજી આશ્ચર્યજનક વાત એ છે કે આ બધું ઑક્ટોબર ૧૯૮૭માં 'વાલસ્ટ્રીટ' (અમેરિકન સ્ટોક એકસચેન્જ)માં આવેલી અભૂતપૂર્વ મંદીના

દાદુરની દુનિયા



૨. બુલ દેડકો

આ પ્રકારના દેડકા ખાસ કરીને કેનેડામાં જોવા મળે છે. વળી, ખડકોના બનેલા પથ્થરીય પર્વતોના પ્રદેશમાં પણ આ જાતિના દેડકા જોવા મળે છે. તે તળાવ, મોટા હોજ, નદી-નાળાં, વહેળા, ખાડા-ખાબોચિયાં વગેરે સ્થળોએ વસવાટ કરે છે.

આ પ્રકારના દેડકાને 'રાના કેટેસ્બિઆના' (Rana Catesbeiana) તરીકે શાસ્રીય સંજ્ઞાથી ઓળખાવાય છે. આને મોટા માથાના એના દેખાવને કારણે જ કદાચ પ્રચલિત નામ બુલ (એટલે કે સાંઢ જેવો) દેડકો મળ્યું હશે. આ દેડકો એટલો મોટો અવાજ કાઢી શકે છે કે તે ઘણા કિલોમીટરના અંતરે પણ સાંભળી શકાય છે. ખાસ કરીને વર્ષાકાલ દરમિયાન એ વધુ મોટો અવાજ કાઢે છે. તેના પગને ગણનામાં ના લઈએ તો તેના શરીરની લંબાઈ લગભગ વીસ સેન્ટિમીટર જેટલી હોય છે. તે બે થી ત્રણ મીટર જેટલો લાંબો કૂદકો મારીને આગળ વધે છે.

આ દેડકા સુંદર હોય છે અને તેનું માંસ સુગંધયુક્ત અચ્છો સ્વાદ ધરાવે છે. આથી તેમનો ખોરાક તરીકે ઉપયોગ થાય છે. કેટલાક પ્રદેશોમાં તો તે પોતાના સ્વાદને લીધે એટલા કીમતી ગણાય છે કે તેમનું સંભાળપૂર્વક જનન અને જતન કરવામાં આવે અને છે અને ખાદ્યસામગ્રી તરીકે વાપરવા માટે તેમને હૃષ્ટપુષ્ટ કરવામાં આવે છે.

પ્રો. મહેન્દ્ર પરીખ

પછી થયું. ત્યારે શેરબજારમાં આવેલી એકાએક મંદીના પરિણામ સ્વરૂપ કલાકૃતિઓની કિંમત વધવા માંડી. કંઈક એવું જાણવા મળ્યું કે પૂર્વનિયોજિત કાર્યક્રમ પ્રમાણે જપાની અને અમેરિકન કુબેરોએ બીજી જગ્યાએથી પૈસા કાઢીને કલાકૃતિઓમાં લગાવવા શરૂ કરી દીધા.

તો પણ કલાકૃતિઓની કિંમતમાં આવેલી આ વૃદ્ધિનું કારણ ફક્ત જપાનનું કલાબજારમાં પ્રવેશવું એમ ન કહી શકાય. ભલે ગયા વર્ષે લંડન અને ન્યૂ યૉર્કમાં થએલ લીલામમાં જેટલું વેચાણ થયું એના ચાલીસ ટકા જપાનથી આવ્યું તો પણ આ અણધારી વૃદ્ધિનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રિય નાણાંબજારમાં ડૉલરની ઘટતી સાખ અને અવમૂલ્યનનો ભય હતો. આ કારણે લોકોએ અમેરિકન શેરબજારમાંથી પૈસા કાઢીને ખાસ કરીને કલાકૃતિઓમાં લગાવવા શરૂ કર્યા. એટલે એમાં કલાકૃતિ ખાસ કરીને ચિત્રોની ખરીદીમાં વાસ્તવમાં અમેરિકા સૌથી આગળ છે. ભલે કોઈ કલાકૃતિવિશેષ બાબતમાં જપાનનું નામ આગળ રહ્યું હોય.

બ્રિટનના ધનકુબેરો પણ એમાં પાછળ નથી રહ્યા. લંડનના ગ્રોવેનોર હાઉસમાં દર વર્ષે જે આંતરરાષ્ટ્રિય કલામેળો ભરાય છે તેમાં પણ ગયા વર્ષે સૌથી વધુ ખરીદી બ્રિટનના ધનકુબેરોએ જ કરી. ૧૯૮૯માં કલાકૃતિઓની ખરીદીમાં એવી લૂંટ મચેલી કે એ કહેવું મુશ્કેલ બની ગયું કે કલાપ્રેમીઓનું વલણ કઈ બાજુ, કયા કલાકાર અને કલાશાળા તરફ છે? વાન ગ્રોહની અંતિમ સમયની કલાકૃતિઓના મૂલ્યમાં ૧૯૮૪થી આશ્ચર્યજનક વૃદ્ધિ થઈ છે. નવેમ્બર ૧૯૮૭માં ઑસ્ટ્રેલિઆના કુબેર એલનબોર્ડે વાન ગોહની 'આયરીસીસ' પાંચ કરોડ ત્રીસ લાખ ડૉલરમાં ખરીદી હતી. એ પછી વાન ગોહની બે કલાકૃતિઓ ક્રમશઃ એક કરોડ સાડા સાડત્રીસ લાખ ડૉલર અને ઈકોતેર લાખ પચાસ હજાર ડૉલરમાં વેચાઈ. આ આંકડા હકીકતમાં નવા રેકૉર્ડ્ઝ છે.

સન ૧૯૮૮માં જ્યારે મોનેનું ચિત્ર 'ડાંસલ પ્રેયરી' એક કરોડ તેંતાલીસ લાખ પૌંડમાં વેચાયું ત્યારે વાન ગોહના પછીનો એ સૌથી મોટો ચિત્રકાર થયો. એ પછી મોનેના બીજાં ચિત્રો અર્ધી કિંમતે પણ ન વેચાયાં. ન્યૂ યૉર્કમાં ક્રિસ્ટીઝ દ્વારા ગોઠવાયેલા લીલામમાં મોનેનું 'લા પ્લાજ અમોઈલ' ફક્ત એક કરોડ સાત લાખ, આઠ હજાર ડૉલર (સાઠ લાખ પૌંડ)માં વેચાયું.

છેલ્લાં થોડાંક વર્ષમાં બીજા ચિત્રકારોના પ્રમાણમાં પિકાસો પાછળ રહ્યા છે એમ કહેવું ખોટું નહિ લેખાય. પરંતુ ૧૯૮૮-૮૯માં એમની સ્થિતિમાં પણ એકાએક પરિવર્તન આવ્યું. ક્રિસ્ટીઝના લીલામમાં પિકાસોનું ચિત્ર 'એકોબેર ઍન્ડ હાલેક્વિન' બે કરોડ નેવું લાખ પૌંડમાં વેચાયું. ૧૯૦૩-૧૯૦૪માં બનાવેલું આ ચિત્ર એ સમયનું છે જ્યારે પિકાસો કંગાળ હાલતમાં પૅરિસમાં સરકસના જોકરો અને વેશ્યાઓ વચ્ચે દિવસો ગુજારી રહ્યા હતા.

શું કલા પ્રત્યેની લોકોની દૃષ્ટિ બદલાઈ ગઈ છે? લંડનના 'ડેઈલિ ટેલિગ્રાફ'ના કલા-સમીક્ષક ગૉડફ્રે બાર્કરના મત પ્રમાણે એવી કોઈ વાત નથી. એમનું કહેવું છે કે ધનકુબેરોને ચિત્રો ખરીદીવાનો જ્યારે પણ મોકો મળ્યો, એમણે એનો ઉપયોગ કર્યો. પિકાસોની કલાના મહત્ત્વને નકારી શકાય તેમ નથી, ભલે એમના બનાવેલાં ચિત્રો તમને ન ગમે. છેલ્લાં બે વર્ષમાં એમનાં ચિત્રો ખાસ કરીને છઠ્ઠા અને સાતમા દસકામાં બનાવેલાં ચિત્રોનાં મૂલ્યોમાં જે એકાએક વૃદ્ધિ થઈ, એનું કારણ તો ફક્ત એ જ હતું કે ખરીદનારની દૃષ્ટિમાં એમનાં ચિત્રો માટીનાં મૂલ્યે વેચાઈ રહ્યાં હતાં. ખાસ કરીને બીજાં આધુનિક ચિત્રો પ્રમાણમાં 'ગૉડફ્રે બાર્કર'નું આ કહેવું કેટલીક હદ સુધી સાચું પણ છે. આધુનિક જમાનાના એક ચિત્રકાર જોસ્પર જોનનાં ચિત્રો ગયા વર્ષે અનુક્રમે ત્રેવીસ લાખ ત્રીસ હજાર પૌંડ; ઓગણચાલીસ લાખ ત્રીસ હજાર પૌંડ અને પંચાણુ લાખ પચાસ હજાર પૌંડમાં વેચાયાં હતાં. આ ચિત્રો હતાં : ૧૯૬૨માં બનાવેલું 'ડ્રાઈવર', ૧૯૫૩નું 'વ્હાઈટ ફ્લેગ' અને ૧૯૫૧નું 'ફૉલ્સ સ્ટાર્ટ'.

છઠ્ઠા અને સાતમા દશકાના અન્ય ચિત્રકારોમાં રોશનબર્ગ અને વારહોલનાં નામ પણ ઉલ્લેખનીય કહેવાય છે. જેમનાં ચિત્રોના વેચાણે લોકોનાં બધાં અનુમાનો ખોટાં પાડ્યાં. આ જ રીતે જૅકસન પૉલેકનું એક ચિત્ર પણ પહેલાના બધા રેકૉર્ડ તોડીને સત્તાવીસ લાખ પૌંડમાં વેચાયું.

આમે આ વર્ષે આંતરરાષ્ટ્રિય કલાબજારમાં કેવી અને કઈ કલાકૃતિઓ જોર પકડશે, એ માટે જાણકારોનું અનુમાન છે કે છેલ્લાં ત્રણ વર્ષમાં જે શાળાઓ પાછળ રહી ગઈ છે તે જ આગળ આવશે અને હકીકતમાં આ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ૧૯૮૨, ૧૯૮૭ અને ૧૯૮૯માં પ્રભાવવાદી અને આધુનિક કલાના ક્ષેત્રમાં ખૂબ જ તેજી આવી. જેમાં 'આયરીસીસ'ની ખરીદીનું સ્થાન રહ્યું. આ ચિત્રનું વેચાણ હજુ પણ વિશ્વરેકૉર્ડ છે.

ગઈ સીઝનની એક મહત્ત્વપૂર્ણ વાત એ રહી કે લીલામના પહેલાં લીલામ કરનારાઓએ કિંમતો વિશે જે અનુમાનો કર્યાં હતાં લગભગ તે જ કિંમતમાં કલકૃતિઓ વેચાઈ અને એથી લોકોને એ કહેવાનો મોકો મલી ગયો કે કલાબજારમાં મંદી આવી ગઈ છે. લોકોની આવી ધારણાને ત્યારે વધુ બળ મલ્યું જ્યારે સોદબીજના એક વેચાણમાં લગભગ બેથી ત્રણ કરોડ ડૉલરવાળું રેનોકનું એક પેઈન્ટિંગ ફક્ત એક કરોડ સિત્તેર લાખ ડૉલરમાં વેચાયું અને એ પછી તરત જ સોદબીજના શેરોમાં સાડત્રીસ ટકા મંદી આવી ગઈ. પણ એથી સોદબીજને કોઈ પ્રકારની ચિંતા ન હતી, કારણ એ પછી તરત જ અર્થશાસ્ત્રીઓને આપવામાં આવેલી એક મુલાકાતમાં સોદબીજના ચૅરમૅન જોન મારિઓને શ્રદ્ધાપૂર્વક કહ્યું કે 'કલાબજારમાં આ વર્ષે પણ પાછલાં બે વર્ષોની જેમ વૃદ્ધિ થઈ છે. કલાકૃતિઓનાં મૂલ્યો અનુમાન પ્રમાણે વધ્યાં છે. અને જે પણ વ્યક્તિ કોઈ કલાકૃતિ લેવા ઈચ્છે, તે એ જાણીને જ લેવા આવે છે કે કલાબજારમાં કિંમતો હંમેશાં વધતી રહી છે. એટલે એને જે કંઈ લેવું હોય તે આજે જ લેવું જોઈએ...'

યશવન્ત કડીકર

હરીન્દ્ર દવેને ઍવૉર્ડ

જાણીતા સાહિત્યકાર અને પત્રકાર હરીન્દ્ર (જયંતીલાલ) દવેને પત્રકારત્વના ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન બદલ રૂપિયા એક લાખનો ગોએન્કા ઍવૉર્ડ એનાયત થયો છે. કવિતા, નવલકથા

અને સર્જનાત્મક નિબંધના ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ દાખવનાર હરીન્દ્ર દવેનો જન્મ કચ્છના ખંભારા ગામે ૧૯૩૦ના સ્પટેમ્બરની ૧૯મી તારીખે થએલો. ૧૯૭૮માં એમને એમની કવિતા માટે સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ૧૯૮૨માં એમને પ્રથિતયશ રણજિકરામ સુવર્ણચંદ્રક એનાયત થએલો.

એમની વ્યાવસાયિક કારકીર્દિ મુખ્યત્વે પત્રકારત્વના ક્ષેત્રમાં રહી છે. ૧૯૬૨ સુધી તેઓ મુંબઈના 'જનશક્તિ' દૈનિકના તંત્રીપદે રહેલા. ૧૯૬૧માં એમણે એમ. એ. ની ઉપાધિ પ્રાપ્ત કરેલી. ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી ભારતીય વિદ્યાભવન તરફથી પ્રકટ થતા માસિક 'સમર્પણ'નું તંત્રીપદ સંભાળેલું, અને એ સામાયિકને આગવું વ્યક્તિત્વ પ્રદાન કરેલું. ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી તેઓ યુસીસ મુંબઈના કાર્યાલયમાં ગુજરાતી વિભાગના વડા રહ્યા હતા.

હાલ તેઓ 'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ પ્રવાસી'ના મુખ્ય તંત્રીપદે છે. એમનાં લખાણો દૃષ્ટિસંપન્ન, નિર્ભીક, નિખાલસ અને સંવેદનરસ્યાં હોય છે. ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રમાં એમનો ફાળો મહત્ત્વનો છે. એમને અભિનંદન!

બ્રિટન : શાસનોની તવારીખ

બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે શ્રી. જોહ્ન મેજર નિયુક્ત થયા છે ત્યારે છેક ઈ.સ. ૧૭૮૨થી બ્રિટનના વડાપ્રધાનપદે બિરાજી ગએલાં તમામ શાસકોની તવારીખ અહીં આલેખી છે. તેમાં પ્રથમ વડાપ્રધાનનું નામ, પછી કૌંસમાં પક્ષનું નામ અને અંતે કઈ તારીખે પદભાર સંભાળ્યો તે દર્શાવ્યું છે.

૧. મારક્વેસ ઑફ રોકિંગહામ (વ્હિગ) : ૨૭ -૩ ૧૭૮૨
૨. અર્લ ઑફ શેલ્બર્ન (વ્હિગ) : ૧૩-૭-૧૭૮૨
૩. ડ્યૂક ઑફ પોર્ટલેન્ડ (મિશ્ર) : ૪-૪-૧૭૮૩
૪. વિલિયમ પિટ્ટ (ટોરી) : ૭-૧૨-૧૭૮૩
૫. હેન્રી એડિંગ્ટન (ટોરી) : ૨૧-૩-૧૮૦૧
૬. વિલિયમ પિટ્ટ (ટોરી) :૧૬-૫-૧૮૦૪
૭. લૉર્ડ ગ્રિનવિલે (વ્હિગ) :૧૦-૨-૧૮૦૬
૮. ડ્યૂક ઑફ પોર્ટલેન્ડ (ટોરી) : ૩૧-૩-૧૮૦૭
૯. સ્પેન્સર પર્સવાલ (ટોરી) : ૬-૧૨-૧૮૦૯
૧૦. અર્લ ઑફ લિવરપૂલ (ટોરી) : ૧૬-૬-૧૮૧૨
૧૧. જ્યૉર્જ કેનિંગ (ટોરી) : ૧૬-૬-૧૮૨૭
૧૨. વિસ્કાઉન્ટર ગોડરિચ (ટોરી) : ૮-૯-૧૮૨૭
૧૩. ડ્યૂક ઑફ વેલિંગ્ટન (ટોરી) : ૨૬-૧-૧૮૨૮
૧૪. અર્લ ગ્રે (વ્હિગ) : ૨૪-૧૧-૧૮૩૦
૧૫. વિસ્કાઉન્ટ મેલ્બૉર્ન (વ્હિગ) : ૧૩-૭-૧૮૩૪
૧૬. સર રૉબર્ટ પીલ (ટોરી) : ૨૬-૧૨-૧૮૩૪
૧૭. વિસ્કાઉન્ટ મેલ્બૉર્ન (વ્હિગ) : ૧૮-૩-૧૮૩૫
૧૮. સર રૉબર્ટ પીલ (ટોરી) : ૬-૯-૧૮૪૧
૧૯. લૉર્ડ જહોન રસેલ (વ્હિગ) : ૬-૭-૧૮૪૬
૨૦. અર્લ ઑફ ડર્બી (ટોરી) : ૨૮-૨-૧૮૫૨
૨૧. અર્લ ઑફ એબર્ડીન (પીલાઇટ) : ૨૮-૧૨-૧૮૫૨
૨૨. વિસ્કાઉન્ટ પામર્સ્ટોન (લિબરલ) : ૧૦-૨-૧૮૫૫
૨૩. અર્લ ઑફ ડર્બી (કન્ઝર્વેટિવ) : ૨૫-૨-૧૮૫૮
૨૪. વિસ્કાઉન્ટ પામર્સ્ટોન (લિબરલ) : ૧૮-૬-૧૮૫૯
૨૫. અર્લ રસેલ (લિબરલ) : ૬-૧૧-૧૮૬૫
૨૬. અર્લ ઑફ ડર્બી (કન્ઝર્વેટિવ) : ૬-૭-૧૮૬૬
૨૭. બેન્જામિન ડિઝરાયેલી (કન્ઝર્વેટિવ) : ૨૭-૨-૧૮૬૮
૨૮. ડબ્લ્યુ. ઇ. ગ્લેડસ્ટન (લિબરલ) : ૯-૧૨-૧૮૬૮
૨૯. બેન્જામિન ડિઝરાયેલી (કન્ઝર્વેટિવ) : ૨૧-૨-૧૮૭૪
૩૦. ડબ્લ્યુ. ઇ. ગ્લેડસ્ટન (લિબરલ) : ૨૮-૪-૧૮૮૦
૩૧. મારકવેસ ઑફ સેલિસબરી (કન્ઝર્વેટિવ) : ૨૪-૬-૧૮૮૫
૩૨. ડબ્લ્યુ. ઇ. ગ્લેડસ્ટન (લિબરલ) : ૬-૨-૧૮૮૬
૩૩. મારકવેસ ઑફ સેલિસબરી (કન્ઝર્વેટિવ) : ૩-૮-૧૮૮૬
૩૪. ડબ્લ્યુ. ઇ. ગ્લેડસ્ટન (લિબરલ) : ૧૮-૮-૧૮૯૨
૩૫. અર્લ ઑફ રોઝબેરી (લિબરલ) : ૩-૩-૧૮૯૪
૩૬. મારક્વેસ ઑફ સેલિલબરી (કન્ઝર્વેટિવ) : ૭-૨-૧૮૯૫
૩૭. એ.જે બેલ્ફૉર (કન્ઝર્વેટિવ) : ૧૨-૭-૧૯૦૨
૩૮. સર એચ. કેમ્પબેલ - બેનરમેન (લિબરલ) : ૫-૧૨-૧૯૦૫
૩૯. એચ. એચ.એસ્કિવથ (લિબરલ) : ૮-૪-૧૯૦૮
૪૦. એચ. એચ. એસ્કિવથ (મિશ્ર) : ૨૬-૫-૧૯૧૫
૪૧. ડી. લોઇડ -જ્યોર્જ (મિશ્ર) : ૭-૧૨-૧૯૧૬
૪૨. એ. બોનાર લૉ (કન્ઝર્વેટિવ) : ૨૩-૧૦-૧૯૨૨
૪૩. એસ. બાલ્ડવિન (કન્ઝર્વેટિવ) : ૨૨-૫-૧૯૨૩
૪૪. જે. આર. મૅકડોનાલ્ડ (લેબર) : ૨૨-૧-૧૯૨૪
૪૫. એસ. બાલ્ડવિન (કન્ઝર્વેટિવ) : ૪-૧૧-૧૯૨૪
૪૬. જે. આર. મૅકડોનાલ્ડ (લેબર) : ૮-૬-૧૯૨૯
૪૭. જે. આર મૅકડોનાલ્ડ (મિશ્ર) : ૨૫-૮-૧૯૩૧

(અનુ. પૃ. ૧૮૫ પર)

સજજન આ સંસારમાં ગર્વ છોડતાં શીખ,
ભાગ્ય ફર્યું ત્યાં ભૂપતિ ભમતો માગે ભીખ.

ચાળીસ વર્ષના એક પડછંદ પુરુષના જીવનમાં એક વાર એકાએક આફતનાં વાદળો ઘેરાઈ ગયાં. એના બંને પગ લકવાથી નાકામયાબ બની ગયા. દવાની કોઈ અસર ના થાય. પોતે શ્રીમંત હતા એટલે વ્હાલસોયી માએ એને પોતાના વતનમાં જઈ નિવૃત્તિમય જીવન ગાળવાની સલાહ આપી. પણ પેલો પુરુષ માતાની સલાહને તાબે ના થયો. એણે મનોમન દૃઢ નિશ્ચય કર્યો કે લાકડાની કાંખઘોડીઓ અને વ્હીલચૅર વાપરીને પણ જીવનને ઉપયોગી અને સક્રિય બનાવવું. પરિણામે તેઓ અમેરિકાના પ્રમુખ બની શક્યા. આ પુરુષ તે ફ્રાંકલીન ડિલાનો રુઝવેલ્ટ.

¤

નારંગીનું તેલ, નારંગીનાં છીલકાં કે લીંબુનાં છીલકાં ચામડી પર લગાવી સૂઈ જવાથી મચ્છરોના ત્રાસમાંથી બચી શકાશે.

¤

ચિલોત્રો પંખીની માદા ઈંડાં સેવવા બેસે ત્યારે માત્ર તેની ચાંચ બહાર રહી શકે એટલું બાકોરું રાખી બાકીની બખોલ એ પૂરી દે છે અને તેની ખડે પગે અખંડ ચોકી કરવામાં તથા જાતે તેને ખાવાનું લાવી આપવામાં નર એવો મંડ્યો રહે છે કે તે અત્યંત દુબળો થઈ જાય છે.

¤

ગણિતગમ્મત

કોઈ પણ બે આંકડાની સંખ્યાનો વર્ગ કરતી વખતે પ્રથમ એકમના આંકડાનો વર્ગ કરો. જે રકમ આવે તેની આગળ એકમ અને દશકના આંકડાનો ગુણાકાર કરી તેને બે વડે ગુણતાં જે રકમ આવે તે મૂકો. તેની ય પૂર્વે દસકના આંકડાનો વર્ગ કરીને જે રકમ આવે તે મૂકો. ઉદાહરણ તરીકે :

$૧૨^૨$ = ૧/૪/૪ = ૧૪૪

$૧૩^૨$ = ૧/૬/૯ = ૧૬૯

સંકલન : વામનભાઈ જોષી

¤

વેલ્સમાં બારમાઉથ નામે પુલ છે. આ પુલ અર્ધો માઈલ લાંબો છે. તે અર્ધો લોખંડનો અને અર્ધો કાષ્ઠનો બનેલો છે; કારણ કે તે પુલની રચના વખતે નાણાંની ખોટ પડી હતી.

¤

'ધ ગ્રાસ ઑવ પારનેસસ' નામનો એક છોડ થાય છે, જેનાં તારા જેવાં પુષ્પો રાત્રે ગંધવીહિન લાગે છે; પરંતુ દિવસ દરમિયાન તેમાંથી મધ જેવી મીઠી સોડમ ઝરે છે.

¤

૧૮૭૨ની વાત છે. પ્રશાન્ત મહાસાગરમાં ગૅમ્બિઅર નામનો ટાપુ. તેનો શાસક બન્યો હતો બર્નાર્ડો પુર્ટેરી. આમ શાષક બનવાની તેની લાયકાત વિશે જાણવા જેવું આશ્ચર્ય એ છે કે તેની પાસે કોઈ ફ્રેન્ચ લશ્કરી અફસરે કાઢી નાખેલો ગણવેશ હતો. બાકી તો એ રસોઈઓ હતો. આ જ લાયકાત પર તે પાકશાસ્ત્રવિદ મટી પૉલિટિશ્યન બની ગયો !

¤

કહેવતનો અર્થ : 'વાટકીનું શિરામણ'. શિરામણ એટલે સૌરાષ્ટ્રમાં સવારનો નાસ્તો - બ્રેકફાસ્ટ. પરંતુ મોટો વાટકો ભરીને જે નાસ્તો ના આપી શકે તેવી દુબળી આર્થિક સ્થિતિ હોય તેને માટે આ કહેવત પ્રયોજાય છે. મનુષ્યનું ઓછું ગજું હોય કે વ્યાપારમાં ઓછી મૂડી હોય તે દર્શાવવા પણ આ કહેવત વપરાય છે. ઓછી મૂડીવાળાએ સાવચેતીથી વેપાર કરવો એવી શિખામણ માટે પણ આ કહેવત પ્રયોજાય છે.

¤

જોડણીભેદે અર્થભેદ

(પરિ-ઉપસર્ગ) ચારે તરફનું, જેમકે 'પરિપૂર્ણ'

પરી - પાંખોવાળી દેવતાઈ સુંદરી

¤

ખોડાને કારણે વાળ નિસ્તેજ થાય છે અને માથામાં ખજવાળ આવ્યા કરે છે. આ દૂર થાય તે માટે કોપરેલમાં થોડું કપૂર અને લીંબુના રસનાં થોડાં ટીપાં ભેળવીને લગાવવાથી અથવા ખાટા દહીંમાં લીંબુના રસનાં થોડાં ટીપાં નાખીને વાળમાં લગાડી એકાદ કલાક પછી વાળ ધોઈ નાખવા.

¤

મહમદ તઘલખે રૂપાનાણું બંધ કર્યું હતું. ત્યાર પછી શેરશાહ સૂરીએ તેને 'રૂપિયા'ના નામથી ઈ. ૧૫૪૨માં ફરી ચાલુ કર્યું ત્યારથી આજ સુધી રૂપાનાણાં માટે એ નામ (રૂપિયો) જ ચાલુ રહ્યું છે. આજે કાગળનાણું અસ્તિત્વમાં છે તેને માટે પણ તે રૂઢિથી વપરાય છે.

જીવન એ તો છે પળે પળે ખમીર બતાવવાનો મોકો. ક્ષણે ક્ષણે પ્રહારો સહીને પણ અડીખમ ઊભા રહેવાનો અવસર.

સ્વામી વિવેકાનંદ

¤

જહોન બનવાર્ડ નામના એક ચિત્રકારે ઈ.સ. ૧૮૪૬માં 'પૅનોરૅમા ઑવ ધ મિસિસીપિ' નામનું દુનિયાનું એક મોટામાં મોટું ચિત્ર દોરેલું. ૧૨ ફટ પહોળા અને ૧૫૦૦૦ ફુટ લાંબા એ ચિત્રમાં મિસિસીપિના બારસો માઈલના કંઠારનું દૃશ્ય હતું. વીંટો કરીને એ રાખવામાં આવતું. ઈ.સ. ૧૮૯૬ની કોલ્ડસ્પ્રિંગ હાર્બર (ન્યૂ યૉર્ક)ની ભીષણ આગમાં એ બળીને ખાખ થઈ ગયાનું મનાય છે.

¤

આપણું શરીર રોજ ચામડીનાં છિદ્રો દ્વારા ૨ ઔંસ, મૂત્રાશય દ્વારા ૫૦ ઔંસ અને ફેફસાં દ્વારા ૧૦ ઔંસ પાણી બહાર કાઢે છે. વળી, તે દરરોજ ૧/૨ ઔંસ નાઈટ્રોજન, ૧ ઔંસ ખનિજ ક્ષારો અને ૮ ઔંસ કાર્બન ગુમાવતું રહે છે.



કલાકણિકા · હવાઈમાં ત્યાંના અધિપતિઓ કાવા નામનો હળવો આસવ પીવા માટે વાપરતા હતા તે અદ્ભુત કોતરણીવાળો વાડકો, જેની બે બાજુ રાક્ષસની આકૃતિઓ છે. આ વાડકાની લંબાઈ ૫૧ સેમી છે.